કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો :
ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૭ એપ્રિલ, ૨૦૨૬ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧

અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

◆અંક નંબર : ૨૯૨◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ચૈત્ર વદ - ૩૦◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મહિલા અનામત કાયદા પર સાંજે ફૈંસલો

## આજે સાંજે બીલ પર ૪ વાગ્યે થશે મતદાન : નંબર ગેમમાં ફસાઈ મોદી સરકાર?

### તૃણમૂલની એન્ટ્રીથી વિપક્ષ મજબૂત

નવી દીલ્હી : ગુરુવારે તૃણમૂલ કોંગ્રેસના સાંસદોની હાજરી મર્યાદિત હતી, પરંતુ આજે મમતા બેનર્જીની પાર્ટીના આશરે ૨૦ સાંસદો દિલ્હી પહોંચી મતદાનમાં ભાગ લે તેવી શક્યતા છે. આ વધારાના મતો વિપક્ષના પલડાને ભારે કરશે.



### સંસદમાં ધમાસાણ વચ્ચે અડધી રાતે મહીલા અનામત કાયદો લાગુ : સરકારે નોટીફીકેશન જાહેર કરી દીધું : આગામી વસતી ગણતરી અને સીમાંકન બાદ થઈ શકે લાગુ

### શું છે બહુમતીનું ગણિત?

નવી દીલ્હી : લોકસભાની હાલની સ્થિતિ જોતા સરકાર માટે આંકડાકીય લક્ષ્ય આ મુજબ છે: સદનની પ્રભાવી સંખ્યા: ૫૪૦ જરૂરી સમર્થન (૨/૩ બહુમતી): ઓછામાં ઓછા ૩૬૦ સાંસદો જો વિપક્ષ પોતાની એકતા જાળવી રાખે અને તૃણમૂલ કોંગ્રેસના વધુ ૨૦ સાંસદો આજે મતદાનમાં જોડાય, તો સરકાર માટે ૩૬૦નો આંકડો મેળવવો મુશ્કેલ બની શકે છે.

### સાંજે ૪ વાગ્યે ડિવિઝન કેવી રીતે થશે વોટિંગ?

નવી દીલ્હી : સામાન્ય રીતે પ્રસ્તાવો ધ્વનિ મતથી પસાર થતા હોય છે, પરંતુ આ વિધેયકો પર વિવાદ હોવાથી ઓટોમેટિક વોટ રેકોર્ડર સિસ્ટમ દ્વારા મતદાન થશે. જેમાં સાંસદોએ 'હા', 'ના' અથવા ગેરહાજરના વિકલ્પ પસંદ કરવાના રહેશે. તમામ રાજકીય પક્ષોએ પોતાના સાંસદોને વ્હીપ જારી કરીને હાજર રહેવા આદેશ આપ્યો છે.

નવી દીલ્હી : મહિલા અનામત અને સીમાંકન સાથે જોડાયેલા ત્રણ અત્યંત મહત્ત્વના વિધેયકોને લઈને લોકસભામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ગુરુવારે થયેલા પ્રાથમિક મતદાનમાં જે આંકડા સામે આવ્યા છે તેણે સરકારની ચિંતામાં વધારો કર્યો છે. આજે સાંજે ૪ વાગ્યે થનારું અંતિમ મતદાન નક્કી કરશે કે આ ઐતિહાસિક સુધારો પસાર થશે કે કેમ.ગુરુવારે જ્યારે આ વિધેયકો રજૂ કરવામાં આવ્યા, ત્યારે થયેલા ડિવિઝનમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. સદનમાં હાજર ૪૩૬ સાંસદોમાંથી ૧૮૫ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું છે, એટલે કે, લગભગ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે હરિવંશ નારાયણસિંહ બિનહરીફ ચૂંટાયા : નરેન્દ્ર મોદીએ પાઠવ્યા અભિનંદન

(એજન્સી દ્વારા)





નવી દિલ્હી: સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં ઉપસભાપતિ તરીકે હરિવંશ નારાયણ સિંહ સતત ત્રીજી વખત બિનહરીફ ચૂંટાયા છે. કોઈ પણ વિરોધ વિના થયેલી આ નિમણૂકને ગૃહના તમામ સભ્યોએ આવકારી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિવંશ સિંહને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા અને તેમના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિવંશ સિંહને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, "હરિવંશજીના અનુભવ અને નિષ્પક્ષ કાર્યશૈલીથી રાજ્યસભા લોકસેવાના કાર્યો અને નિર્ણયોની નવી ઊંચાઈ પ્રાપ્ત કરશે. તેમના માર્ગદર્શન હેઠળ ગૃહની ગરિમા જળવાઈ રહેશે અને દેશના હિતમાં મહત્વપૂર્ણ કાયદાકીય પ્રક્રિયાઓ તેજ ગતિએ આગળ વધશે."રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખળગેએ હરિવંશ સિંહને અભિનંદન આપવાની સાથે એક મહત્વની માંગ પણ કરી હતી. તેમણે સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે, રાજ્યસભાના ઉપ સભાપતિની નિમણૂક ખૂબ જ ઝડપથી અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં થઈ છે, જે આવકારદાયક છે. પરંતુ છેલ્લા સાત વર્ષથી લોકસભામાં ઉપાધ્યક્ષનું પદ ખાલી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે લોકસભામાં પણ

અનુસંધાન પાના નં.૪ પર

## સભામાં બાળકીએ વ્યક્ત કરી CMના સન્માનની ઈચ્છાઃ મુખ્યમંત્રીએ દીકરીને સ્ટેજ પર તેડાવી જીત્યું દિલ



ગાંધીનગર :મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અરવલ્લી જિલ્લાની મુલાકાતે છે. સભા સ્થળે મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, પરંતુ આ દરમિયાન એક એવી ઘટના બની જેણે સૌના દિલ જીતી લીધા હતા. સભા મંડપમાં હાજર એક નાની બાળકીએ મુખ્યમંત્રીનું સન્માન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેની જાણ મુખ્યમંત્રીને થતા તેમણે પ્રોટોકોલ બાજુ પર મૂકી બાળકીને મંચ પર બોલાવી હતી.મુખ્યમંત્રીના આગમન બાદ જ્યારે સ્વાગત વિધિ ચાલી રહી હતી, ત્યારે સભા મંડપમાં ઉભેલી આ નાની દીકરી CM ને મળવા અને તેમનું સન્માન કરવા આતુર હતી. મુખ્યમંત્રીએ દરિયાદિલી દાખવી બાળકીને પોતાની પાસે સ્ટેજ પર બોલાવી હતી. આ નાનકડી દીકરીએ મુખ્યમંત્રીને 'સરસ્વતી પુસ્તક' ભેટ આપીને તેમનું આદરપૂર્વક સન્માન કર્યું હતું. સામાન્ય રીતે મુખ્યમંત્રીના કાર્યક્રમોમાં ચુસ્ત સુરક્ષા અને પ્રોટોકોલ હોય છે, પરંતુ ભૂપેન્દ્ર પટેલે જે રીતે એક નાની બાળકીની લાગણીને માન આપી તેને મંચ પર સ્થાન આપ્યું, તેની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે. આ તસવીરો સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહી છે.

## નીતિન પટેલનો દબદબો : ચુંટણી પુર્વે જ કડી નગરપાલિકામાં બહુમતી મેળવી લીધી

(પ્રતિનિધિ દ્વારા)



મહેસાણા : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રેંા છે, ત્યારે મહેસાણા જિલ્લાની કડી નગરપાલિકામાંથી ભાજપ માટે એકતરફી જીત મેળવી લીધી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના ગઢ ગણાતા કડીમાં મતદાન થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ વિપક્ષને મેદાનમાંથી આઉટ કરી દીધો છે.કડી નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી ૨૮ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ સાથે જ ચૂંટણી યોજાય તે પહેલા જ પાલિકામાં ભાજપનું શાસન નિશ્ચિત થઈ ગયું છે. વિરોધ પક્ષોએ મેદાન છોડી દેતા હવે માત્ર લઘુમતી વિસ્તારના ૨ વોર્ડની ૮ બેઠકો પર જ મતદાનની ઔપચારિકતા પૂરી કરવાની રહેશે.કડી નગરપાલિકામાં ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસે રાજકીય ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ ગયું હતું. ભાજપના મજબૂત સંગઠન સામે વિરોધ

અનુસંધાન પાના નં.૪ પર

## પીએમ મોદી-શાહ ફરી આવશે ગુજરાતના પ્રવાસે





ગાંધીનગર : ગુજરાત રાજયના સપુતો અને દેશ-દુનીયામાં અનોખી પ્રતિષ્ઠા ઉભીકરનારા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી ફરીથી એક વખત માદરે વતન ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. રાજયમાં હાલના સમયે સ્થાનિક સ્વરાજયનો જંગ ચાલી રહ્યો છે ત્યારે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આગામી ૨૬મી એપ્રીલે તેના માટે મતદાન યોજાઈ રહ્યુ છે અને તે માટે જ બન્ને નેતાઓ ગુજરાત આવી રહ્યા છે. અમદાવાદ મધ્યે તેઓ વોટ આપશે.

## કોલકત્તામાં ઈડીની મોટી કાર્યવાહી : અનેક સ્થળોએ પાડયા દરોડા

કોલકત્તા : પશ્ચીમ બંગાલના મર્લીન ગ્રુપ પર એન્ફોર્સમેન્ટ ડીરેકટર દ્વારા મોટી કાર્યવાહી કરવામા આવી છે. અહીના ઉદ્યોગપતિઓના રહેઠાણ, ઓફીસ સહિત અનેક સ્થળોએ દરોડા પાડવામા આવ્યા છે. ધંધણીયા પરીવાર, ડીસી મોલ ગ્રુપના નિવાસસ્થાને દરોડા પડાયા છે. ડિરેકટરોને પણ સાણસામાં લેવામા અવ્યા છે.

## બંગાળમાં SIR પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: ૨૧ એપ્રિલ સુધીમાં નામ ક્લિયર કરાવનારને પહેલા ચરણના મતદાનમાં અને ૨૭ એપ્રિલ સુધીમાં નામ ક્લિયર કરાવનારને બીજા તબક્કામાં મતદાન કરવા મળી શકે. પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલે છે. સુપ્રીમ કોર્ટે આ રાજ્યના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝનમાં યાદીમાંથી જેમનાં નામ કપાઈ ગયાં છે તેમના મત આપવાના અધિકાર માટે મોટો નિર્ણય લીધો છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જૉયમાલ્યા બાગચીની સંયુક્ત બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે 'તમામ મતદાતાઓને વચગાળાની રાહત આપીને મતદાન કરવાનો અધિકાર આપવાનું સંભવ નથી. એમ છતાં સમયમર્યાદામાં જે મતદાતાઓની અપીલ

અનુસંધાન પાના નં.૪ પર

## સ્થાનિક સ્વરાજનો જંગ : ચૂંટણી કમિશ્નર આજે પોલીસ કમિશ્રનર સાથે યોજશે મોટી બેઠક

**ગુજરાતના ચૂંટણી કમિશનર એસ. મુરલી ક્રિષ્નને આજે સાંજે ૪ વાગ્યા પછી ટોપ ટુ બોટમ પગલાઓથી પોલીસ મહાનિર્દેશક માહિતગાર કરશે : ભારે ધમધમાટ : લો એન્ડ ઓર્ડર, અટકાયતી પગલાં, સંવેદનશીલ બુથો વિગેરેની ડો કે એલ એન.રાવ જાતે ઉપસ્થિત રહી ચૂંટણી પંચ સમક્ષ સમીક્ષા કરશે**



ગાંધીનગર : આજે ગાંધીનગરમાં રાજયના મુખ્ય પોલીસ વડા ડો કે.એલ. એન.રાવ દ્વારા ગુજરાતના ચૂંટણીકમિશનર ઍસ મુરલી ક્રિષ્નને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો સંદર્ભે ગુજરાત પોલીસ દ્વારા કાયદો વ્યવસ્થા માટે શું શું પગલા લીધાં છે તેની જાણકારી આજે સાંજે ૪ વાગ્યે મળનાર હાઈ લેબલની બેઠકમાં આપનાર હોવાનું ટોચના સૂત્રોએ અકિલા સાથેની વાતચીતમાં જણાવ્યું છે.રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર સાથેની બેઠકમાં રાજયના પોલીસ વડા ડો કે. એલ.એન.રાવ ફિઝિકલી ઉપસ્થિત રહી, કોઈ પેટા પ્રશ્નો હોય તો તેમના પ્રત્યુતર રૂબરૂ હાજર રહી આપનાર હોવાનું પણ સૂત્રો જણાવે છે.આ હાઈ લેવલની બેઠકમાં ચૂંટણી વ્યવસ્થા અને અન્ય આનુસંગિક બાબતો પરત્વે જે તે શહેર જિલ્લામાં જવાબદાર અધિકારીઓની હાજરી ખૂબ આવશ્યક હોય પોલીસ કમિશનર, કલેક્ટરો, આરોપીઓ અને રેન્જ વડાઓ વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી જોડનાર હોવાનું પણ સૂત્રો જણાવે છે.આ હાઈ લેવલની બેઠકમાં લોકો શાંતિ અને નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે આખી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવી છે, તેની માહિતી અપ ટુ ડેટ રીતે આખા રાજ્યમાંથી

અનુસંધાન પાના નં.૪ પર

## આસારામ રીઢો ગુનેગાર હોવાથી રાહત ન અપાય :હાઈકોર્ટ

**મોટેરા સ્ટેડિયમ આસપાસની જગ્યાઓ ખુલી રહેશે : ૫૦ હજાર ચો.મીટરથી વધુ જગ્યા સરકાર પરત લેશે**

ગાંધીનગર : દુષ્કર્મના આરોપી આસારામને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઝટકો આપવામા આવ્યો છે. આસારામના મોટેરા આશ્રમ બાબતે કરેલી અરજી બાબતે હાઈકોર્ટે વલણ સ્પષ્ટ કર્યુ છે અને કહ્યુ કે, આસારામ રીઢો ગુનેગાર હોવાથી તેને રાહત આપી ન શકાય. આસારામની અરજી ગુજરાત સરકારે ફગાવી દીધી છે અને હવે મોટેરા આશ્રમ બાબતેની તમામ કાયદાકીય ગુંચ ઉકેલાઈ ગઈ છે. મોટેરા સ્ટેડીયમ આસપાસની જગ્યા હવે ખુલી કરવામા આવેશ. અન્ય સ્ટેડીયમ બનાવવા માટેનો માર્ગ મોકળો થવા પામ્યો છે. ૫૦ હજાર ચોરસ મીટરથી વધુની જગ્યા સરકાર પરત લેશે.

## બિહારના સીએમને ધમકી આપનાર શખ્સ ગુજરાતથી પકડાયો

ગાંધીનગર : બિહારના નવનિયુકત સીએમ સમ્રાટ ચૌધરીને ધમકી આપનારો શખ્સ ગુજરાતમાથી પકડાઈ જવા પામ્યો છે. સાણંદ પોલીસ દ્વારા શેખર યાદવ નામના શખ્સની ધરપકડ કરવામા આવી છે. આ શખ્સે સમ્રાટ ચૌધરીના પીએને ધમકી આપી હતી. આરોપી મુળ બિહારનો રહેવાળી હોવાનુ સામે આવી રહ્યું છે.

## તિકડમ !

– દેવેન વ્યાસ



**જો હું આ વખતે ફરી એકવાર ચુંટણીમાં હારીશ તો મારું નામ "ગીનીઝ બુક"માં નોંધાશે !**

## મુકેશ અંબાણીને પાછળ છોડીને ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક બન્યા



નવી દિલ્હી: અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તેમના દેશબંધુ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ છોડીને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અદાણીની કુલ સંપત્તિ હવે $૯૨.૬ બિલિયન સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે, તેમની કુલ સંપત્તિ ઈ૮.૧૦ બિલિયન વધીને તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૯મા ક્રમે છે. બીજી તરફ, અંબાણીની કુલ સંપત્તિ $૯૦.૮ બિલિયન રહી છે, જે આ વર્ષે ઈ૧૬.૯ બિલિયનનો ઘટાડો છે.ગુરુવારે ભારતીય શેરબજારમાં થોડો ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ ૧૨૩ પોઈન્ટ ઘટીને બંધ થયો. જોકે, અદાણી ગ્રુપના શેર વધ્યા, જેના કારણે અદાણીની કુલ સંપત્તિ ૩.૫૬ બિલિયન વધી. અંબાણીની કુલ સંપત્તિ $૭૬.૭ મિલિયન વધી. રિલાયન્સના શેર ગઈકાલે ફ્લેટ બંધ થયા. અંબાણી એશિયામાં બીજા ક્રમે અને વૈશ્વિક સ્તરે ૨૦મા ક્રમે છે.આ વર્ષે, વિશ્વના ટોચના ૨૦ ધનિકોમાંથી સાત લોકોની કુલ સંપત્તિમાં ઘટાડો થયો છે. ફ્રેન્ચ ઉદ્યોગપતિ બર્નાર્ડ આર્નોલ્ટે સૌથી વધુ ગુમાવ્યા છે, તેમણે $૪૪ બિલિયન ગુમાવ્યા છે. આ યાદીમાં આર્નોલ્ટ ઉપરાંત,

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન એનરિચ્ડ યુરેનિયમ સોંપવા તૈયાર: ટ્રમ્પ

વોશિંગ્ટન: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે એક મોટો દાવો કર્યો છે. ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે ઈરાન તેના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને સોંપવા માટે સંમત થયું છે. ટ્રમ્પે આ વિકાસને ચાલુ વાટાઘાટોમાં એક મોટી સફળતા ગણાવી અને દાવો કર્યો કે બંને પક્ષો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષનો અંત આવી શકે છે.વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, તેઓ અમને પરમાણુ ધૂળ પાછી આપવા માટે સંમત થયા છે. તેમણે વધુમાં કહ્યું, આપણે કોઈ કરાર પર પહોંચીશું તેવી ખૂબ જ સારી તક છે. ટ્રમ્પે દાવો કર્યો કે જો આ કરાર થશે, તો તેલ મફતમાં ઉપલબ્ધ થશે, હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રહેશે અને બધું સારું રહેશે.ટ્રમ્પે કહ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે આગામી રાઉન્ડની વાતચીત આ સપ્તાહના અંતે થઈ શકે છે, જે દર્શાવે છે કે રાજદ્વારી પ્રયાસો આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું કે તેહરાન હવે પહેલા કરતાં વધુ લવચીક છે, પરંતુ યુદ્ધવિરામ લંબાવવા અંગે પણ શંકા વ્યક્ત કરી.

## રશિયાએ ૧૧ દેશોની હિટલિસ્ટ જાહેર કરી : દુનિયાભરમાં હડકંપ

(એજન્સી દ્વારા)

મોસ્કો : છેલ્લા ૪ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધે હવે અત્યંત ભયાનક વળાંક લીધો છે. અત્યાર સુધી માત્ર યુક્રેન સરહદ પર લડી રહેલા વ્લાદિમીર પુતિને હવે વિશ્વના અન્ય શક્તિશાળી દેશોને સીધી સૈન્ય કાર્યવાહીની ધમકી આપી છે.

ક્રેમલિન દ્વારા એક સત્તાવાર પોટેન્શિયલ ટાર્ગેટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં બ્રિટન, જર્મની અને પોલેન્ડ સહિત ૧૧ દેશોના સ્થળોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે.

રશિયાની સુરક્ષા પરિષદના ડેપ્યુટી ચીફ દિમિત્રી મેદવેદેવે સોશિયલ મીડિયા પર આ લિસ્ટ શેર કરતા યુરોપિયન દેશો પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે વ્યંગ કરતા લખ્યું કે, યુરોપિયન પાર્ટનર્સ, હવે શાંતિથી સુઈ જાઓ. મેદવેદેવે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જે ફેક્ટરીઓમાં યુક્રેન માટે ડ્રોન અને હથિયારો બની રેંા છે, તે હવે રશિયન મિસાઈલોના નિશાન પર છે.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

# ગાંધીધામમાં મુખ્યમંત્રીશ્રીનો હુંકાર : સ્થાનિક સ્વરાજયની ચૂંટણી બહુમતીથી જીતીશું

## કચ્છમાં ભાજપના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ : મુખ્યમંત્રીએ ગાંધીધામમાં ગજવી સભા : સીએમ એ વિકાસના મુદ્દે જનતાના આશીર્વાદ માંગ્યા






ગાંધીધામ - કચ્છઉદય : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંતર્ગત ભાજપા ઉમેદવારોના સમર્થનમાં કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે આયોજિત 'વિકાસ સંકલ્પ સભા'ને સંબોધિત કરતા કચ્છની વિકાસયાત્રા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દષ્ટિવંત નેતૃત્વ વિષે ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, ૨૦૦૧ના ભૂકંપ બાદ જે કચ્છને બેઠું કરવું અઘરું જણાતું હતું, તે કચ્છ આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને નેતૃત્વ તેમજ કચ્છના નાગરિકોના અતૂટ પરિશ્રમને કારણે ધમધમતું થયું છે. કચ્છની વિકાસયાત્રા અવિરત આગળ વધી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા જે કહે છે તે કરે છે અને તે જ કારણે તેમના પ્રતિ જનતાનો વિશ્વાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. નરેન્દ્રભાઈ મોદી મોદીજી ક્યારેય નાનું વિચારતા નથી અને તેમની આ જ કાર્યશૈલીને લીધે આજે કચ્છના ઘરે-ઘરે નર્મદાના નીર પહોંચ્યા છે.કચ્છના પ્રવાસન ક્ષેત્રની સફળતાનો ઉલ્લેખ કરતા શ્રી પટેલે જણાવ્યું કે, સફેદ રણ અને ધોરોડોને ગ્લોબલ ટુરિઝમ મેપ પર સ્થાન અપાવી વડાપ્રધાને સાબિત કર્યું છે કે દૂરંદેશી નેતૃત્વ કોને કહેવાય. જી-૨૦ જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન પણ આ ભૂમિ પર થયું તે ગૌરવની વાત છે. શિક્ષણ ક્ષેત્રે સરકારની કટિબદ્ધતા દર્શાવતા તેમણે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ વિશે માહિતી આપી હતી. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં પણ ગુજરાતનો વિકાસ અટક્યો નથી અને ભવિષ્યમાં પણ ક્યારેય અટકશે નહીં. આયુષ્માન કાર્ડ જેવી વિશ્વની સૌથી શ્રેષ્ઠ આરોગ્ય યોજના થકી ગરીબ અને મધ્યમ વર્ગને મફત સારવાર મળી રહી છે.વિપક્ષો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, માત્ર ખોટી બૂમો પાડવાથી કશું થતું નથી, તે માટે યોગ્ય આયોજન સાથે કાર્ય કરવું જરૂરી છે, જે ભાજપએ કરી બતાવ્યું છે. નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલા વાઈબ્રન્ટ ગુજરાતના ફળસ્વરૂપે ૨૦૦૧માં જે એમએસએમઈની સંખ્યા ૧.૮૩ લાખ હતી તે આજે ૨૭ લાખને પાર થઈ છે. પર્યાવરણ અને જળ સંરક્ષણ માટે 'કેચ ધ રેઈન' અભિયાનની સફળતા અને સ્વચ્છતા અંગે જણાવ્યું હતું કે વ્યક્તિગત રીતે કરેલા નાના પ્રયાસ પણ મોટા પરિવર્તન લાવી શકે છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ૨૬ એપ્રિલે ભાજપાના ઉમેદવારોને જંગી મતોથી વિજયી બનાવવા આહ્વાન કર્યું હતું અને જણાવ્યું હતું કે, ભાજપાને આપેલ પ્રત્યેક વોટ વિકસિત ભારતના સંકલ્પને મજબૂત બનાવશે.આ પ્રસંગે કચ્છ ભાજપ સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કચ્છ પ્રત્યેના અદભૂત અને અપ્રતિમ પ્રેમના પરિણામે આજે જયારે કચ્છનો સર્વાંગી વિકાસ થયો છે અને જયારે એક સમયે કચ્છ અભિશ્રાપનું કેન્દ્ર હતું જે આજે આશીર્વાદનું કેન્દ્ર બન્યું છે ત્યારે કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કચ્છના નાગરિકો ભારતીય જનતા પાર્ટીને ભરપૂર આશીર્વાદ આપશે.આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, સમગ્ર કચ્છ જિલ્લા ભાજપ પરિવાર આ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈને સજ્જ છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારો દ્વારા કચ્છમાં થયેલ અઢળક વિકાસકાર્યોને આધારે કચ્છ ભાજપ પુનઃ એક વખત જબ્બરદસ્ત પરિણામો લાવશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ ગાંધીધામ ખાતેથી જણાવ્યું હતું કે, આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે જ્યારે કચ્છની ધરતી પર મા આશાપુરાના આશીર્વાદ મેળવીને સ્થાનિક સ્વરાજ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી રહ્યા છે ત્યારે કચ્છ પ્રત્યેના મોદીજીના અનન્ય સ્નેહના ચીલે આગળ વધીને ભુપેન્દ્રભાઈએ પણ કચ્છને આપવામાં ક્યારે પાછું વળીને જોયું નથી ત્યારે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આપણા સૌની સવિશેષ જવાબદારી બની રહે છે.

ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, રણ દરિયો અને ડુંગર ધરાવતા ભારતના અનન્ય ભૂભાગ કચ્છમાં ધરતીકંપ પછી જે ઉડીને આંખે વળગે એવો ઉજળો વિકાસ થયો છે જે વિકાસના મીઠાફળના આસ્વાદ આજે સમગ્ર કચ્છીજનો સુખદ રીતે માણી રહ્યા છે અને ભારતીય જનતા પાર્ટીની સેવા, અંત્યોદય અને રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરિત થઈને કચ્છમાં ભારતીય જનતા પાર્ટી સૌ કચ્છીઓના આશીર્વાદથી સફળતાપૂર્વક આગળ વધી રહી છે.

ગાંધીધામ ખાતે સભામાં કચ્છના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા, ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, પૂર્વ સાંસદ પૂનમબેન જાટ, પ્રદેશ સહ પ્રવક્તા મનજીભાઈ આહીર,જિલ્લા ભાજપ હોદેદારો અશોકભાઈ હાથી, મુલજીભાઈ આહીર, ઉમેશભાઈ સોની આશિકાબેન ભટ્ટ, રૂપલબેન દેસાઈ, કંચનબેન વાઘેલા, ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ પરમાર, માલતીબેન મહેશ્વરી, પારૂબેન દાફડા, શિલ્પાબેન પટેલ, દીપકભાઈ વાઘમશી, અજિતસિંહ રાજપૂત, લીલાબેન ધારક, મનીષાબેન પટેલ, બીપીનભાઈ આહિર, વિક્રમભાઈ મૂલચંદાની, જ્યોતિબેન માલી, ચાંદનીબેન ક્રિપલાણી, રામભાઈ માતંગ, ધનજીભાઈ હુંબલ, કેશવજીભાઈ પરમાર,રૂપલબેન મ્યાત્રા, જયશ્રીબા જાડેજા, કાન્તાબેન સોલંકી, વિમલેશબેન શર્મા, ભરતભાઈ મીરાણી, નવીનભાઈ જરૂ, સતીબેન મ્યાત્રા, વિશાલભાઈ કરમા, હંસાબેન ફફલ, ભરતભાઈ પ્રજાપતિ, રાજેશભાઈ ભરાડીયા, વંદનાબેન ધુવા, મનિષાબેન ધુવા , હરીશભાઈ આહિર, પ્રલાહદભાઈ મહેશ્વરી, મનીષાબેન રાકુચા, શારદાબેન ગવાણીયા, દિવ્યાબેન નાથાણી, આસ્થાબેન સથવારા, મોહનલાલ ગોરી , ધર્મેન્દ્રભાઈ મેઘાણી, દિપીકાબેન નાયક, પૂજાબેન લાલવાણી, તેજસભાઈ શેઠ , ઘેલાભાઈ ભરવાડ, મહેશભાઈ ગઢવી, કમલેશભાઈ પરિયાણી, અનિતાબેન દક્ષિણી, સપનાબેન બજાણીયા, પૂરીબેન પરમાર , સુમનબેન શ્રીવાસ્તવ, મનીષાબેન ચાવડા , ક્રિષ્નાભાઈ ડોંગા ગાંધીધામ તાલુકા ભાજપ પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા, અંજાર તાલુકા ભાજપ પ્રમુખ બી એન આહીર ઉપસ્થિત રહ્યા હતા જયારે સંચાલન મોમાયાભાઈ ગઢવીએ કર્યું હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.



કચ્છની પાવન ભૂમિ પર પધારેલ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જીનું દયાપર(લખપત) મધ્યે સન્માન કરી ઉષ્માભર્યું સ્વાગત કરતા મુન્દ્રા-ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી....

# ગાંધીધામ મનપાનો જંગ : ભાજપે અનુભવી-પીઢ-સંગઠનના મહારથીઓને ચૂંટણી ઈન્ચાર્જની સોંપી જવાબદારી





ચૂંટણી ઈન્ચાર્જ તરીકે મોમાયાભાઈ ગઢવી, જ્યારે સહ ઈન્ચાર્જ પદે મધુકાંતભાઈ શાહ-બાબુભાઈ ગુજરીયાને સોંપી મહત્વપૂર્ણ જવાબદારી : ત્રણેય મોભીઓની વરણીને ઠેર-ઠેરથી મળી રહ્યો છે આવકાર

**પક્ષમાં સદાય ખડેપગે સેવારત રહેતા આગેવાનોને ચૂંટણી ઈન્ચાર્જ-સહઈન્ચાર્જ તરીકે નિમવામાં આવતા ઉમેદવારોમાં પણ થયો નવા જોમ-જુસ્સાનો સંચાર**

ગાંધીધામ : ગુજરાત સાથે કચ્છમાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ મંડાઈ ચૂક્યો છે. વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપે સ્થાનિક સ્વરાજ્યના જંગને ભવ્ય જીત સાથે જીતવા માઈક્રો પ્લાનીંગ શરૂ કરી દીધું છે. પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામમાં પણ પ્રથમ જ વખત મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે અહીં કેસરીયો ભગવો લહેરાવવાની દીશામાં લોકોને વિકાસના મેન્ડેટ-ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજયી બનાવવા માટે ભાજપે કમર કસી છે જેમાં વધુ એક મજબૂત કડીનો ઉમેરો થવા પામ્યો છે.

આ અંગે મળતી વિગતો અનુસાર કચ્છ જિલ્લા ભાજપ દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકા ચૂંટણી માટે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે જિલ્લા ભાજપના સતત કાર્યશીલ આગેવાન એવા વડીલ મિત્ર શ્રી મોમાયાભાઈ ગઢવી તથા સહઈન્ચાર્જ તરીકે વડીલ માર્ગદર્શક શ્રી મધુકાંતભાઈ શાહ અને વડીલ મિત્ર શ્રી બાબુભાઈ ગુજરીયાને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતાં ઠેર-ઠેરથી આ વરણીને આવકાર મળી રહ્યો છે અને ત્રણેય મોભીઓ પર અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

ઈન્ચાર્જશ્રી તથા સહઈન્ચાર્જશ્રીઓના અનુભવી માર્ગદર્શન, સંગઠન શક્તિ અને સશક્ત આગેવાની હેઠળ ગાંધીધામ મહાનગરપાલિકાની પર માંથી પર બેઠકો પર ભારતીય જનતા પાર્ટી ભવ્ય વિજય પ્રાપ્ત કરશે તેવો આશાવાદ હવે વધુ મજબૂત બની રહ્યો છે.

# દરેક વ્યક્તિ પોતાની ઉન્નતિની સાથે અન્યની ઉન્નતિ માટે કાર્ય કરે તે જ સાચી માનવતા: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



ગાંધીનગર : ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની વાર્ષિક સામાન્ય સભા આજે ગાંધીનગર લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની માનવીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ સંસ્થા નિઃસ્વાર્થ ભાવે અને ટીમ વર્ક સાથે કાર્ય કરે છે, ત્યારે જ જનમાનસના હૃદયમાં સ્થાન બનાવી શકે છે.રાજ્યપાલશ્રીએ સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બ્લડ બેંકના ક્ષેત્રમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે તે ગૌરવની બાબત છે. ઈન્ડિયન રેડ ક્રોસ દ્વારા ચાલતા ફિઝિયોથેરાપી સેન્ટર્સ, ડેન્ટલ ક્લિનિક અને જેનરિક મેડિકલ સ્ટોર્સ સામાન્ય માનવી માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તાલુકા સ્તર સુધીના નેટવર્કની તેમણે સરાહના કરી હતી.

રાજ્યપાલશ્રીએ તેમના ગ્રામીણ પ્રવાસના અનુભવો વર્ણવતા કહ્યું હતું કે, મેં ગુજરાતના તમામ તાલુકાઓમાં જવાનો સંકલ્પ કર્યો છે, જે અંતર્ગત ૨૪ તાલુકામાં પ્રવાસ પૂર્ણ કર્યા છે. ગોંડલના લૂણીવાવ ગામની મુલાકાતના એક પ્રસંગ યાદ કરતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, એક ખેતમજૂરના ૧૦ દિવસના નવજાત બાળકને જ્યારે મેં ખોળામાં લીધું, ત્યારે તે પરિવારની આંખોમાં જે કૃતજ્ઞતાના આંસુ હતા, તે અવર્ણનીય અને અવિસ્મરણીય છે.

# આગામી ચુંટણીમાં ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા કોંગ્રેસના પંજા અને અન્ય પક્ષોનો ઉખેડી ફેંકવા નાગરિકોને હાકલ કરતા હર્ષભાઈ સંઘવી



દાહોદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના સંદર્ભે આજે ચૂંટણી પ્રચાર પ્રવાસ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે દાહોદ જિલ્લાના છાપરી, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તથા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે યોજાયેલી જાહેરસભાને સંબોધન કર્યું હતું. ભગવાન બિરસામુંડાના ગૌરવશાળી જયઘોષ સાથે સંબોધનની શરૂઆત કરતા હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામથી લઈને દેશના વિકાસમાં આદિવાસી સમાજનું યોગદાન અતુલનીય છે. ગેરિલા યુદ્ધ પદ્ધતિ અને તિરકામઠાના જોરે અંગ્રેજોને ફાફા પડાવનાર આ વીર આદિવાસી શહીદોના સપનાઓને આઝાદી પછીની કોંગ્રેસ સરકારોએ સાકાર કરવાને બદલે માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કરી તોડવાનું પાપ કર્યું છે. તેમણે કહ્યું કે, આદિવાસીઓનો ભવ્ય ઈતિહાસ અને યોગદાન દેશ ભુલી જાય તેવા પ્રયાસો કોંગ્રેસે કર્યા, આજે એ જ કોંગ્રેસ આદિવાસીઓના મસીહા બનવાનો ઢોંગ કરી રહી છે. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વિસ્તારના ગરીબ પરિવારોને ઝૂંપડા અને તાડપત્રીમાંથી બહાર લાવી પાકા ઘર, ગેસ કનેક્શન, વીજળી અને શૌચાલય જેવી સુવિધાઓ આપી સાચો વિકાસ કર્યો છે. સંઘવીએ કોંગ્રેસની નીતિઓ પર આકરા પ્રહાર કરતા ઉમેર્યું કે, ખેડૂતોના હક્કની કટકી કરી નેતાઓના ઘર ભરનારી કોંગ્રેસે ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા કોંગ્રેસના પંજાને ઉખેડી ફેંકવા તથા અન્ય પક્ષોનો પણ સફાયો કરવા હાકલ કરતા તેમણે જણાવ્યું કે, જનતાના આક્રોશને કારણે આજે કોંગ્રેસને ઉમેદવારો પણ મળતા નથી. ગુજરાતની જનતાએ વિરોધ પક્ષોની મેલી મુરાદ પારખી લીધી છે. કોંગ્રેસને અને અન્ય પક્ષને પૂરતા ઉમેદવાર પણ નથી મળતા રાજ્યમાં અનેક બેઠકો બિનહરીફ થઈ છે. ચૂંટણી પહેલા ગતકડાં ચાલુ કરનાર અને ઈવીએમ પર દોષારોપણ કરનાર કોંગ્રેસના કાર્યાલયો આજે ખાલીખમ છે અને લોકોએ તેમને નકારી દીધા છે. તેમણે કહ્યું કે, એક સમય હતો જ્યારે દાહોદના નાગરિકોને માત્ર શ્રમિક તરીકે ઓળખવામાં આવતા, પરંતુ ભાજપ સરકાર આવ્યા બાદ જિલ્લામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મોટાપાયે વિકાસ થયો છે. આજે દાહોદમાં મેડિકલ કોલેજો અને નવી શાળાઓને કારણે આદિવાસી યુવાનો ડોક્ટર, એન્જિનિયર અને અધિકારી બની રહ્યા છે. દાહોદ જિલ્લામાં ૧૧ લાખથી વધુ આયુષ્માન કાર્ડ ધારકો મફત સારવાર મેળવી રહ્યા છે, જ્યારે અઢી લાખ પરિવારોના ખાતામાં તેમને મળવા પાત્ર યોજનાની સહાય સીધી ખાતામાં જમા થઈ રહી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે રાશન અને લાખો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી મોદી સરકારે ગરીબોની ચિંતા કરી છે. સંઘવીએ ટપોરી અને ગુંડા તત્વોને પ્રોત્સાહન આપી ગુજરાતમાં અશાંતિ અને અરાજકતા ફેલાવતા વિરોધ પક્ષોનો સફાયો કરી, દરેક બેઠક પર ભાજપાને આશીર્વાદ આપી કમળ ખીલવી ભાજપને વિજયી બનાવવા મતદારોને આહ્વાન કર્યું હતું.

# હવે નકલી આરટીઓ એજન્ટ: ૪૦૦ થી વધુ બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ ધાબડયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, : કલ્યાણપુરમાં અલગ-અલગ વિસ્તારના લોકોને આરટીઓનો એજન્ટ તરીકે કામ કરતો હોવાની ઓળખ આપી ૪૦૦ લોકોને બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપી છેતરપિંડી આચરનાર શખ્સને એસઓજીની ટીમે પકડી લીધો હતો.કલ્યાણપુર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને એક શખ્સ આરટીઓમાં એજન્ટ હોવાની ખોટી ઓળખ આપી જાળમાં ફસાવી બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી છેતરપિંડી આચરતો હોવાની માહિતી મળતા એસઓજીની ટીમે કલ્યાણપુરમાં સરકારી હોસ્પિટલની સામે રહેતો કિશન નટવરલાલ ઉર્ફે નટુભાઈ સોમૈયા (ઉ.વ. ૨૫)ને પકડી લીધો હતો. રેડ દરમિયાન પોલીસે તેની પાસેથી અલગ-અલગ ૧૨ બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ, રૂ. ૫૨૦૦ રોકડા તથા મોબાઈલ ટુ-વ્હીલર મળી રૂ. ૩૫,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી કલ્યાણપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

પોલીસની પુછપરછમાં આરોપી પોસ્ટ ઓફીસને લગતી કામગીરી કરતો હોવાથી અલગ-અલગ વિસ્તારોના લોકો સાથે મુલાકાત થતી ત્યારે તે પોતે આરટીઓમાં એજન્ટ તરીકે કામ કરતો હોવાની વાતો કરી લોકોને ફસાવતો હતો અને એક લાયસન્સના રૂ. ૩૦૦૦થી રૂ. ૮૦૦૦ સુધી રોકડા તથા ઓનલાઈન લઈ લેતો હતો અને ગ્રાહકને આરટીઓમાં ટ્રાયલ આપ્યા વગર ઓરીજનલ ડ્રાઈવીંગ લાયસન્સ ઘરબેઠા મળી જશે, તેવા ખોટા વાયદાઓ કરી તે મોબાઈલ ફોનમાં અન્ય વ્યક્તિના લાયસન્સનો ફોટો પાડી તેમાં એડીટીંગ કરી તેની પ્રીન્ટ કાઢીને લેમીનેશન કરાવીને આપતો હતો. તેણે બે વર્ષ દરમિયાન આશરે ૩૦૦ થી ૪૦૦ લોકોના લર્નિંગ અને પાકા ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે તેની ધરપકડ કરી તેના બે દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કાલે બનશે જૂનાગઢના મહેમાન

જુનાગઢ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ૧૮મી એપ્રિલે જૂનાગઢના અતિથિ બનશે, અને તેમના અધ્યક્ષસ્થાને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારોહ યોજાશે.આ પ્રસંગે રાજ્યપાલ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાની સાથે પ્રેરણાદાયી સંબોધન કરશે.

જૂનાગઢ શહેરના વંથલી રોડ પર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૮-૦૪-૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકે આ ગરિમાપૂર્ણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કુલ ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ વિષયોમાં સંશોધન પૂર્ણ કરનાર ૧૦૯ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરાશે. આ પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની વિવિધ ૬ ફેકલ્ટીના જુદા જુદા કોર્સના કુલ ૨૭,૪૭૬ વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાની પદવી એનાયત કરવામાં આવશે. ફેકલ્ટીવાઈઝ જોઈએ તો આર્ટસમાં ૯૮૦૫, કોમર્સમાં ૬૮૭૧, સાયન્સમાં ૧૫૨૦, હ્યુમેનીટી અને સોશ્યલ સાયન્સ-૧૧૩૭, લાઈફ સાયન્સ,-૯૯, એજ્યુકેશન-૨૫૩૪, રૂરલ સ્ટડીઝ- ૧૧૯૫, મેનેજમેન્ટ-૪૭૦, હોમ સાયન્સ-૧૫૧, મેડીસન-૪૮૩, નર્સીંગ-૨૬૬, હોમીયોપેથી-૯૫, લો-૭૯૯, કોમ્પ્યુટર સાયન્સ-૧૯૪૨, પીએચ.ડી. ઓલ ફેકલ્ટી-૧૦૯ મળીને ૨૭૪૭૬ વિદ્યાર્થી પદવી હાંસલ કરશે. આ પ્રસંગે આઈ.આઈ.એમ. અમદાવાદના પૂર્વ પ્રોફેસર અને પદ્મશ્રી અનિલકુમાર ગુપ્તા મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહી પદવીધારક વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરશે.

# સૌરાષ્ટ્રમાં જૂનમાં સારા વરસાદ બાદ તબક્કાવાર ઘટીને સપ્ટેમ્બરમાં મોટી ખાધ સર્જાવાનો ભય

**ખાનગી હવામાન એજન્સી બાદ હવામાનખાતાએ પણ કરેલી આગાહીથી ચિંતાની સ્થિતિ : હાલમાં કરાયેલી આગાહી મુજબ જુનમાં ૧૦૧ ટકા, જુલાઈમાં ૯૫ ટકા, ઓગષ્ટમાં ૯૨ ટકા અને સપ્ટેમ્બરમાં ૮૯ ટકા પાણી પડી શકે : સૌરાષ્ટ્રના વ્હાઈટ ગોલ્ડ તરીકે ઓળખાતા કપાસના પાકને વધુ નુકશાન થવાની શકયતા : પાણી માટે ખેડૂત ડિઝલ વાપરશે તો કૃષી પડતર મોંઘી થશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : અમેરિકા અને ઈરાનના યુદ્ધના કારણે ક્રુડતેલના ભાવમાં જે વધારો થયો છે તેના કારણે ભારતમાં મોંઘવારી વધી રહી છે અને આ સમસ્યાનો હજુ કયારે અંત આવશે તે પણ નિશ્ચિત નથી. ભારતની નિકાસને પણ મોટી અસર થઈ રહી છે તે વચ્ચે હવામાન ખાતાએ હવે આગામી નૈઋત્યના ચોમાસામાં અલનીનોની અસર દેખાશે અને ભારતનું ચોમાસુ નબળુ રહી શકે છે તેવા સંકેત આપતા ચિંતામાં વધારો થયો છે.અગાઉ ખાનગી એજન્સી સ્કાયમેટે પણ ભારતનું આ વર્ષનું ચોમાસુ નબળુ રહેશે તેવુ જણાવ્યું હતું અને જે રીતે નૈઋત્યનું ચોમાસુ ભારતમાં અનાજ અને અન્ય કૃષી ઉત્પાદનોમાં આ ચોમાસાની જરૂરિયાત સૌથી વધુ હોય છે અને ઘઉં સહિતના ઉત્પાદનો માટે તો ૭૪ ટકા અને ચોખ્ખા માટે ૬૫% વિસ્તારો આ ચોમાસા પર આધાર રાખે છે.

દેશના પીવાના પાણી અને ઔદ્યોગીક પાણી આ તમામ માટે નૈઋત્યનું ચોમાસુ મહત્વનું છે તે સમયે હવામાનખાતાની આગાહી ચિંતાજનક પણ છે અને તેમાં સૌરાષ્ટ્રનો પણ સમાવેશ થઈ જાય છે જયાં મગફળી, કપાસ તથા અન્ય તેલીબીયાના ઉત્પાદનમાં આ ચોમાસુ મહત્વની ભૂમિકા ભજવે છે. ખાનગી એજન્સી દ્વારા ખાનગી એજન્સી અને હવામાન વિભાગ દ્વારા ચોમાસુ ૯૨% રહેવાનું છે તેવી આગાહી કરી છે તેમાં પણ હવે સૌરાષ્ટ્ર વિસ્તારમાં જૂન માસમાં ચોમાસુ ૧૦૧ ટકા રહેશે એટલે કે ચોમાસાનો પ્રારંભ સારો રહેશે પરંતુ ત્યારબાદ વરસાદનું પ્રમાણ ઘટતુ જશે તેવી પણ આગાહી કરવામાં આવી છે.તેના કારણે જૂન માસમાં સૌરાષ્ટ્ર અને ઉતર ગુજરાત જેવા ક્ષેત્રો કે જયાં કપાસ અને મગફળીની ખેતી મોટાપાયે થાય છે ત્યાં જૂન માસની સારી શરુઆત બાદ જુલાઈમાં ૯૫ ટકા વરસાદ એટલે કે સામાન્યથી થોડો ઓછો, ઓગષ્ટ માસમાં અલનીનોનો પ્રભાવ પુરેપુરો શરુ થઈ જશે અને ૯૨ ટકા વરસાદની સંભાવના છે.

# સુરતમાં નકલી ઘીની ફેક્ટરી : કેમિકલથી બનેલું ૨૦૨૯ કિલો ઘી કબજે

સુરત : સુરત એસઓજીએ ઓપરેશન શુધ્ધિ અંતર્ગત સચિન જીઆઈડીસીમાં જીઈબીના સબ સ્ટેશન નજીક સબકા ફુડ નામની ફેક્ટરીમાં દરોડા પાડી વિદુર ગાયનું ઘી અને શુધ્ધ ઘીના નામે સમગ્ર ગુજરાત તથા અન્ય રાજયોમાં વેચાણ થતું સ્વાસ્થય માટે હાનિકારક કેમિકલ યુકત ઘી બનાવવાની ફેક્ટરી ઝડપી પાડી કુલ રૂ. ૩૬.૩૬ લાખના મુદ્દામાલ સાથે બે ભાગીદારની ધરપકડ કરી છે.એસઓજીના હે.કો જગશી શાંતિભાઈ અને પો. કો દેવેન્દ્રદાન ગંભીરદાનને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એમ.ડી. હડીયા અને તેમની ટીમે સચિન જીઆઈડીસીમાં જીઈબીના સબ સ્ટેશનની બાજુમાં લક્ષ્મી પાર્કની સામે સબકા ફુડ નામની ફેક્ટરીમાં દરોડા પાડયા હતા. જયાંથી વિદુર ગાયનું ઘી અને દેશી ઘીના નામે વેચાણ થતું સ્વાસ્થય માટે હાનિકારક કેમિકલ યુકત ડુપ્લીકેટ ઘી બનાવવાની ફેક્ટરી ઝડપી પાડી હતી. પોલીસે ભાડાની ફેક્ટરીમાં ડુપ્લીકેટ ઘી બનાવનાર ફેક્ટરી માલિક ભરત ગોગનભાઈ પોલરા (ઉ.વ. ૪૮ રહે. આશોપાલવ સોસાયટી-૨, પટેલ પાર્ક, કેનાલ રોડ, કામરેજ અને મૂળ. ચરખા, તા. ધારી, અમરેલી) અને અમીન બાબુભાઈ વઢવાણિયા (ઉ.વ. ૪૫ રહે. સોહમ એપાર્ટમેન્ટ, રંગીલા પાર્ક સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત) ને ઝડપી પાડયા હતા. બંનેની પૂછપરછમાં એક કિલોગ્રામ શુધ્ધી ઘીમાં તેલ, વનસ્પતિ ઘી, કેમિકલ તથા કલર ઉમેરી અંદાજે ૧૫ કિલોગ્રામ ઘી બનાવીને ૧૦૦ એમ.એલના નાના ડબ્બાથી લઈ ૧૫ કિલોગ્રામના મોટા ડબ્બામાં પેકીંગ કરી સબકા ફૂડસના લાયસન્સ હેઠળ વિદુર ગાયનું ઘી અને શુધ્ધ ઘીના નામે વેચાણ તથા તલંગપપુરના ગીતા નગર-સીના પ્લોટ નં. ૭૯માં ગોડાઉન હોવાની કબૂલાત કરતા પોલીસે ત્યાં પણ દરોડા પાડયા હતા.

# પીએમ મોદી પાસેથી કોઇ ઇન્દિરા ગાંધી.. પ્રિયંકાગાંધી પર કંગના રનૌતનો પલટવાર

નવીદિલ્હી : ગુરુવારે સંસદના ખાસ સત્ર દરમિયાન મહિલા અનામત સુધારા બિલ અંગે શાસક અને વિપક્ષી પક્ષો વચ્ચે ગરમાગરમ ચર્ચા જોવા મળી. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે દેશમાં સીમાંકનની પ્રક્રિયા દ્વારા લોકશાહીનો નાશ થઈ રહ્યો છે. ત્યારે ભાજપના સાંસદ કંગના રનૌતે તીખો જવાબ આપ્યો. તેમણે ટિપ્પણી કરી કે કોઇ પીએમ મોદીથી થોડી ઇન્દિરા ગાંધીની જેમ ખુરશી છીનવીરહ્યા છે કે લોકતંત્ર ખતમ કરી દેશે.

કંગના રનૌતે મહિલા આરક્ષણનું સમર્થન કરીને ધન્યવાદ પાઠવ્યા અને બોલિવુડ ફિલ્મના ડાયલોગનો ઉલ્લેક કરીને કહ્યું કે જા સીમરન જા.. જીલે અપની જિંદગી. એવી જ રીતે આજે આપણી સરકારે ભારતવર્ષની દીકરીઓને કહ્યું કે પિંજરુ તૂટી ગયુ છે. દીવાલો તૂટી ગઈ છે. જાઓ દીકરીઓ. જીવી લો તમારી જિંદગી. પ્રિયંકા ગાંધીના નિવેદનનો વિરોધ કરતા, ભાજપના સાંસદે આગળ ટિપ્પણી કરી કે જ્યારે પણ કંઈક સકારાત્મક થાય છે, ત્યારે કોંગ્રેસ પાર્ટીમાં તીવ્ર બળતરા થાય છે .

# વસ્તી નિયંત્રણ કે રાજકીય રમત? પરિસીમન પર શશી થરૂરે મોદી સરકારની નીતિ પર ઉઠાવ્યા ગંભીર સવાલો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય સંસદમાં હાલમાં મહિલા અનામત અને પરિસીમન બિલને લઈને ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે. આ વિશેષ સત્રમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ શશિ થરૂરે કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે દલીલ કરી છે કે જે રાજ્યોએ વસ્તીને નિયંત્રિત કરવામાં રાષ્ટ્રીય લક્ષ્યો પ્રાપ્ત કર્યા છે, તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે અને જેઓ નિષ્ફળ રહ્યા છે તેમને વધુ બેઠકો આપીને 'રાજકીય ઈનામ' આપવામાં આવી રહ્યું છે.શશિ થરૂરે સરકારની ઉતાવળ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, જેવી રીતે નોટબંધી વખતે ઉતાવળ કરવામાં આવી હતી, તેવી જ ઉતાવળ હવે પરિસીમનની પ્રક્રિયામાં જોવા મળી રહી છે. તેમણે આને 'રાજકીય વિમુદ્રીકરણ' ગણાવ્યું હતું. થરૂરના મતે, મહિલા અનામત જેવા સંવેદનશીલ અને મહત્વના મુદ્દાને પરિસીમન સાથે જોડીને તેને બંધક બનાવી દેવામાં આવ્યો છે.તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, મહિલાઓને અનામત આપવા માટે પરિસીમન સુધી રાહ જોવાની કોઈ જરૂર નથી, તે અત્યારે જ અમલમાં મૂકવું જોઈએ. સરકાર લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવા પર વિચાર કરી રહી છે, જેની સામે થરૂરે કડક વાંધો ઉઠાવ્યો છે. તેમની મુખ્ય દલીલો નીચે મુજબ છેઃ કાર્યક્ષમતામાં ઘટાડોઃ જો સાંસદોની સંખ્યા ૮૫૦ થઈ જશે, તો લોકસભા એક એવી સંસ્થા બની જશે જ્યાં કામ કરવું મુશ્કેલ બની જશે. મોટી સંખ્યામાં સાંસદો હોવાથી ચર્ચાની ગુણવત્તા ઘટી શકે છે.

સરકાર લોકસભાનું કદ વધારી રહી છે, પરંતુ રાજયસભાના કદમાં વધારો કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. આનાથી સંસદના બંને ગૃહો વચ્ચેનું બંધારણીય સંતુલન બગડી શકે છે.

## પહેલા પાનાથી...મહિલા અનામત

લગભગ ૪૨% સાંસદો શરૂઆતી તબક્કે જ સરકારની સાથે દેખાયા નથી. બંધારણીય સુધારા માટે સરકારને બે-તૃતીયાંશ (૨/૩) બહુમતીની જરૂર છે, જે હાલના સંજોગોમાં પડકારજનક દેખાઈ રહી છે.

# મધરાતે સરકારે બીલ રજુ કરી દીધું? સાંજે મતદાન છે? તો હવે કેવી રીતે રહેશે અસરકર્તા? જાણો..!

ગાંધીધામ : લોકસભામાં આજે બીજા દિવસે પણ મહિલા અનામત અને બેઠકો સીમાંકન લાગુ કરતા ત્રણ સુધારેલા બિલો પર ચર્ચા ચાલી રહી છે. ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ કહ્યું, તમે ૫૦% અનામત લાવવું જોઈએ. તેના માટે સીમાંકનની શું જરૂર? આ માટે નાટક કરવાની કોઈ જરૂર નથી. અમે બધા સહમત છીએ. ટીએમસી સાંસદે કહ્યું- અનામત માટે સીમાંકનનું નાટક ન કરો. ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ કહ્યું, જો તમને અનામત જોઈતી હોય, તો હમણાં જ લાવો. ૫૦% અનામત લાવો. સીમાંકનની કોઈ જરૂર નથી. આ માટે નાટકની કોઈ જરૂર નથી. અમે બધા સહમત છીએ. પરંતુ તમારામાં હિંમત નથી. ખરેખરમાં તો તમારી પાર્ટીમાં જ એવું કરવા માંગતા નથી.ભાજપ પાસે કુલ ૨૪૨ સાંસદો છે, પરંતુ ફક્ત ૪૧ મહિલા છે. રાજ્યસભામાં ૧૦૬ સાંસદો છે, અને ફક્ત ૧૮ મહિલાઓ છે. તમે તમારા પાર્ટીમાં તેમનું સન્માન પણ કરતા નથી. જો તમે સત્તાની વાત કરો છો, તો તમારે પહેલા તેની પૂજા કરવી જોઈએ. જો તમે મહિલા સશક્તિકરણની ચિંતા કરો છો, તો ૨૦૨૭ની યુપી ચૂંટણીમાં ૫૦% મહિલા ઉમેદવારો ઉભા કરો. આ દરમિયાન, સરકારે ગુરુવારે મોડી રાત્રે સંસદમાં મહિલાઓને ૩૩% અનામત આપતો મહિલા અનામત અધિનિયમ, ૨૦૨૩ લાગુ કરી દીધો. નોટિફિકેશન મુજબ, આ કાયદો ૧૬ એપ્રિલ, ૨૦૨૬થી લાગુ થઈ ગયો છે. તેને સપ્ટેમ્બર ૨૦૨૩માં સંસદના વિશેષ સત્ર દરમિયાન પસાર કરવામાં આવ્યો હતો.આનો અર્થ એ થયો કે જો ત્રણ વર્તમાન બિલ સંસદમાં પસાર ન થાય, તો પણ મહિલાઓને હાલની ૫૪૩ લોકસભા બેઠકોમાં ૩૩% અનામત મળશે. જો કે, આ અનામત ૨૦૨૭ની વસ્તી ગણતરીના ડેટાના આધારે સીમાંકન પછી, ૨૦૩૪થી જ લાગુ થશે.રાહુલ ગાંધી બપોરે ૩ વાગ્યે લોકસભામાં બોલશે, ત્યારબાદ અમિત શાહ જવાબ આપશે. બિલો પર મતદાન સાંજે ૪ વાગ્યે થશે. આ દરમિયાન, વિપક્ષ સંસદ સંકુલમાં બેઠક કરી રહ્યું છે. ખડગે અને રાહુલ ગાંધી હાજર રહેલા નેતાઓમાં સામેલ છે.

# ચોટીલા પાસે ૧.૨૯ કરોડનો વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો, ચારની શોધખોળ શરૂ

ગાંધીનગર : રાજકોટ રેન્જ આઈજી તરીકે નિર્લિપ્ત રાય દ્વારા ચાર્જ સંભાળ્યા બાદ ગુનેગારો અને બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. તાજેતરમાં મળેલી ચોક્કસ બાતમીના આધારે ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેડ કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં અત્યાર સુધીનો સૌથી મોટો દારૂનો જથ્થો પકડી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે.ચોટીલા હાઈવે પરથી ૧.૨૯ કરોડનો દારૂ જપ્તપોલીસ ટીમે ચોટીલા વિસ્તારમાં વોચ ગોઠવી એક શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. તલાશી લેતા ટ્રકમાંથી લાખોની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. ગણતરી કરતા અંદાજે ૧.૨૯ કરોડનો દારૂ અને ટ્રક સહિત કુલ ૧.૪૬ કરોડનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.

# અમિત ચાવડા અને ભરતસિંહના ગઢમાં પડેલું ગાબડું વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને કેટલું નડશે?

ગાંધીનગર : કૉંગ્રેસનો ગઢ ગણાતા આણંદમાં ભાજપ વૉર્ડ નંબર ૮માં ત્રણ બેઠક બિનહરીફ અને વૉર્ડ નંબર ૯માં બે બેઠક બિનહરીફ જીતી ગયો હતો, જયારે ઉમરેઠમાં એક બેઠક બિનહરીફ જીત્યો છે. જેણે કૉંગ્રેસને આવનારી ચૂંટણીઓ પહેલાં મોટી ચિંતામાં ધકેલી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગુજરાતના રાજકારણમાં છેલ્લી ઘડીએ કૉંગ્રેસના ઉમેદવારોનાં ફૉર્મ પાછા ખેંચાવા કૉંગ્રેસ માટે આંચકા સમાન છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૬ માટે ઉમેદવારી ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ હતી. તે પછી ખ્યાલ આવ્યો કે, ભાજપ ઘણી બધી બેઠકો બિનહરીફ જીતી ગયો છે. જોકે, હજુ ૧૫ એપ્રિલ ફૉર્મ પાછું ખેંચાવવાની છેલ્લી તારીખ હતી, તે પછી ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલે દાવો કર્યો કે ભાજપ ૭૦૦ બેઠકો બિનહરીફ જીતી ગયો છે.

## પહેલા પાનાથી...

**રાજ્યસભાના ઉપસભાપતિ**

પણ વહેલી તકે ઉપાધ્યક્ષના પદ પર નિમણૂક કરવામાં આવે જેથી લોકશાહીની પરંપરા જળવાઈ રહે. હરિવંશ સિંહની સતત ત્રીજી વખત વરણી થતા સંસદના બંને ગૃહોમાં કાર્યવાહીની ગતિ તેજ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

**નીતિન પટેલનો દબદબો**

વિરોધ પક્ષોને મેદાનમાં ઉતરવાની તક જ ન મળી. વોર્ડ નંબર ૧, ૩ અને ૬માં તો ભાજપની આખી પેનલ જ બિનહરીફ જાહેર થઈ ગઈ છે.વિપક્ષી ઉમેદવારોએ કાં તો ફોર્મ ભર્યા જ ન હતા અથવા તો છેલ્લી ઘડીએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા હતા. પરિણામે, ૩૬ માંથી ૨૮ બેઠકો કોઈ પણ જાતની ચૂંટણી લડ્યા વગર જ ભાજપના ફાળે જતી રહી છે.

નોંધનીય છે કે, કડી નગરપાલિકામાં છેલ્લા ૪૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન અકબંધ રેં્‌ છે અને આ વખતે પણ તેમાં કોઈ ગાબડું પડ્યું નથી. પોતાના વિસ્તારમાં આવી શાનદાર અને ઐતિહાસિક જીત મળવા પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ભારે ખુશી વ્યક્ત કરી હતી.

તેમણે આ બિનહરીફ વિજય માટે ભાજપના તમામ કાર્યકર્તાઓ અને સંગઠનની મહેનતને બિરદાવીને તમામને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કડીની જનતાનો ભાજપ પરનો અતૂટ વિશ્વાસ આ બિનહરીફ જીત થકી ફરી એકવાર સાબિત થયો છે.

**બંગાળમાં SIR**

અપીલ ટ્રિબ્યુનલમાં ક્લિયર થઈ જાય છે તેમને મત આપવાનો અધિકાર આપી શકાય.'કોર્ટે નિર્દેશ કર્યો છે કે ટ્રિબ્યુનલ દ્વારા નામ ક્લિયર કરવામાં આવેલા મતદાતાઓને મત આપવાની અનુમતિ આપવામાં આવે. આ માટે ડેડલાઈન પણ નિર્ધારિત કરવામાં આવી છે. ટ્રિબ્યુનલ દ્વારા ૨૧ એપ્રિલ સુધીમાં નામ ક્લિયર કરાયું હોય એ મતદાતાઓને પહેલા તબક્કામાં મતદાનનો હક મળશે. જેમનું નામ ૨૭ એપ્રિલ સુધીમાં ટ્રિબ્યુનલ દ્વારા ક્લિયર થાય તેઓ બીજા તબક્કાના મતદાનમાં વોટ આપવાનો અધિકાર મેળવી શકશે.

આ નિર્ણય એ મતદાતાઓના હિતમાં લેવાયો છે જેમનાં નામ જીંઈ પ્રક્રિયા દરમ્યાન યાદીમાંથી હટાવી લેવામાં આવ્યાં હતાં અને જેમણે ટ્રિબ્યુનલમાં અપીલ કરી છે. જોકે જેમની અપીલ ટ્રિબ્યુનલમાં નિર્ધારિત સમય પછી પણ પેન્ડિંગ રહેશે તેમને વિધાનસભાની ચૂંટણીમાં મત આપવા નહીં મળે.

**સ્થાનિક સ્વરાજનો**

રાજ્યમાંથી વ્યવસ્થીત સંકલન કરી મુખ્ય પોલીસ વડાની કચેરી દ્વારા ત્યાર કરી છે, તે રજૂ થશે. અસમાજિક તત્વો વિરુદ્ધ ૫ ગલા ભરી તેમને પાસાના પીંજરે પૂરવા સાથે અટકાયતી અન્ય બાબતોથી મુખ્ય ચૂંટણી કમિશનરને માહિતગાર કરવામાં આવશે. કયા જિલ્લા, કયા બુથ સંવેદનશીલ છે, તેની ત્યાર થયેલ વિગતોની પણ મુખ્ય પોલીસ વડા ડો. કે એલ. એન.રાવ દ્વારા પોતાના વિશાળ અનુભવ આધારે આપવામાં આવનાર હોવાનું સૂત્રો જણાવે છે.

**મુકેશ અંબાણીને**

ઉપરાંત, સ્ટીવ બાલ્મર, ઓરેકલના સ્થાપક લેરી એલિસન, માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ, પ્રખ્યાત રોકાણકાર વોરેન બફેટ, સ્પેનિશ ઉદ્યોગપતિ અમાનસિઓ ઓર્ટેગા અને મુકેશ અંબાણીનો સમાવેશ થાય છે.

એલન મસ્ક $૬૫૬ બિલિયન સાથે યાદીમાં ટોચ પર છે. આ વર્ષે તેમની કુલ સંપત્તિ $૩૬.૭ બિલિયન વધી છે. ગૂગલના સહ-સ્થાપક લેરી પેજ ૨૮૬ બિલિયનની કુલ સંપત્તિ સાથે યાદીમાં બીજા ક્રમે છે. એમેઝોનના જેફ બેઝોસ ( ૨૬૯ બિલિયન), સેર્ગેઈ બ્રિન ( $૨૬૬ બિલિયન), માર્ક ઝુકરબર્ગ ($૨૩૯ બિલિયન), લેરી એલિસન ($૨૩૦ બિલિયન), માઈકલ ડેલ ( $૧૭૦ બિલિયન), જેન્સન હુઆંગ ( $૧૬૪ બિલિયન), બર્નાર્ડ આર્નોલ્ટ ( $૧૬૪ બિલિયન) અને જીમ વોલ્ટન ( ઈ૧૫૦ બિલિયન) પણ ટોચના ૧૦ માં સ્થાન ધરાવે છે.

# વાહનનું રજિસ્ટ્રેશન, લાઈસન્સ, વીમા સહિતના નિયમમાં સુધારો, જાણો નાગરિકોને શું થશે ફાયદો ?

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : મોટર વાહન વ્યવહાર ક્ષેત્રમાં સામાન્ય નાગરિકોને રાહત મળે તે દિશામાં સરકાર દ્વારા મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. વાસ્તવમાં ડ્રાઈવિંગ લાઈસન્સથી લઈને વાહન રજિસ્ટ્રેશન અને ઈન્શ્યોરન્સ સંબંધિત નિયમોમાં ફેરફાર કરી પ્રક્રિયાને વધુ સરળ અને વ્યવહારુ બનાવવાનો પ્રયાસ થયો છે.

સૌથી મહત્વપૂર્ણ બદલાવ ડ્રાઈવિંગ લાઈસન્સને લગતો છે. અત્યાર સુધી લાઈસન્સની મુદત પૂર્ણ થતાં જ તે અમાન્ય બની જતું હતું, પરંતુ હવે નવી વ્યવસ્થા મુજબ લાઈસન્સ એક્સપાયર થયા પછી પણ ૧ મહિના સુધી માન્ય ગણાશે. આથી વાહનચાલકોને નવીકરણ માટે વધારાનો સમય મળશે અને દંડની શક્યતા ઘટશે. તે જ રીતે, વાહન ઈન્શ્યોરન્સ ટ્રાન્સફર માટે પણ હવે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. અગાઉ ઓછા સમયગાળાને કારણે ઘણા લોકો મુશ્કેલીમાં મુકાતા હતા. હવે વાહનના માલિકીના પરિવર્તન દરમિયાન ઈન્શ્યોરન્સ ટ્રાન્સફર વધુ સરળ બનશે.

વાહનનું રજિસ્ટ્રેશન ૨૬ કરાવવાની પ્રક્રિયામાં પણ સમયગાળો વધારવામાં આવ્યો છે. અગાઉ ૧૪ દિવસની મર્યાદા હતી.

# ઝડપી ગ્રોથ છતાં ભારત ટોપ ૫ અર્થતંત્રોની યાદીમાંથી બહાર

નવીદિલ્હી : ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં ઈન્ટરનેશનલ મોનેટરી ફન્ડના તાજેતરના રેંકિંગમાં દેશને મોટો ઝટકો લાગ્યો છે. ગયા વર્ષે ૯ ટકાનો મજબૂત નોમિનલ ગ્રોથ હાંસલ કરવા છતાં ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની યાદીમાં પાંચમા સ્થાનેથી ખસીને છઠ્ઠા સ્થાને આવી ગયું છે. બ્રિટન હવે ભારતને પછાડીને પાંચમા ક્રમે પહોંચી ગયું છે. ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ રૂપિયાના મૂલ્યમાં વધી છે, પરંતુ વૈશ્વિક રેંકિંગ ડોલરમાં નક્કી થાય છે. અહીં જ ભારતને કરન્સી કન્વર્ઝનમાં ફટકો પડ્યો છે.૨૦૨૪માં ડોલર સામે રૂપિયો ૮૪.૬ના સ્તરે હતો, જે ૨૦૨૫માં નબળો પડીને ૮૮.૫ સુધી પહોંચી ગયો હતો. ભારતની જીડીપી રૂપિયામાં ૩૧૮ ટ્રિલ્યનથી વધીને ૩૪૬.૫ ટ્રિલ્યન થઈ છે, પરંતુ ડોલરમાં એનું મૂલ્ય અંદાજે ૩.૯૨ ટ્રિલ્યન ડોલર આંકવામાં આવ્યું છે. એની સામે બ્રિટન ૪ ટ્રિલ્યન ડોલર સાથે ભારતથી આગળ નીકળી ગયું છે. સરળ ભાષામાં કહીએ તો જો તમે ગયા વર્ષે ૮૪ રૂપિયા કમાયા હોય જે એક ડોલર બરાબર હતા અને આ વર્ષે તમે ૮૮ રૂપિયા કમાયા હોવા છતાં જો ડોલરનો ભાવ જ ૮૮ રૂપિયા થઈ જાય તો વૈશ્વિક બજારમાં તમારી કમાણી સ્થિર અથવા ઓછી દેખાય છે.

# રતનાલના અગ્રણી પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જીવા શેઠના નિધનથી શોક



**સદગતના પરિવારે ચક્ષુદાન કરી માનવતા મહેકાવી : રતનાલના શેઠ તરીકેની એક ઓળખ હતી !**

અંજાર - કચ્છઉદય : રતનાલના સામાજિક અગ્રણી અને ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના ઉપપ્રમુખ તેમજ કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવભાઈ કરસનભાઈ વરચંદ, જેઓ સમગ્ર પંથકમાં જીવા શેઠ તરીકે લોકપ્રિય હતા, તેમનું આજરોજ અવસાન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જીવા શેઠના નિધનથી રતનાલ સહિત સમગ્ર કચ્છે એક નિષ્ઠાવાન અને સેવાભાવી નેતા ગુમાવ્યા છે. કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેના તેમના નિર્વિવાદી કાર્યકાળમાં કચ્છ જિલ્લામાં લોક સેવાના અનેક કાર્યો થયા હતા. સદગત જીવાભાઈ શેઠ અત્યંત માયાળુ અને સરળ સ્વભાવ ધરાવતા હોવાથી દરેક રાજકીય પક્ષના લોકો તેમને ખૂબ આદર આપ તા હતા. રતનાલ સહિત સમગ્ર કચ્છમાં ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો ઉપરાંત જીવદયાની પ્રવૃત્તિઓમાં તેમનું સક્રિય યોગદાન રહ્યું હતું. અજાત શત્રુ એવા સેવાભાવી અને મૃદુભાષી જીવાભાઈ શેઠના નિધનથી રતનાલ સહિત સમગ્ર કચ્છમાં ઊંડા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. તેમના નિધનના સમાચાર વાયુવેગે સમગ્ર કચ્છ જિલ્લામાં ફરી વળ્યા હતા. કચ્છ જિલ્લાના રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ અત્યંત દુ:ખની ઘડીમાં પણ તેમના પરિવારે એક અત્યંત પ્રેરણાદાયી અને માનવીય નિર્ણય લઈને સમાજ સમક્ષ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્વર્ગસ્થ જીવા શેઠના પરિવારે શોકના માહોલ વચ્ચે પણ સામાજિક જવાબદારી નિભાવી તેમના ચક્ષુઓનું દાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની પ્રેરણાથી સ્વર્ગસ્થ જીવા શેઠના પુત્ર કાનજીભાઈ તથા સમગ્ર પરિવારજનોએ ચક્ષુદાન માટે તત્કાલ સહમતી દર્શાવી હતી. પરિવારની આ ઉમદા ભાવનાને પગલે, સ્વ. જીવા શેઠના દિવ્ય ચક્ષુઓના દાનની પ્રક્રિયા રોટરી ક્લબ અંજાર વતી રાજાભાઈ દક્ષિણી તથા ડેનીભાઈ શાહ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ પુણ્ય કાર્યમાં અંજારના સેવાભાવી તબીબ ડૉ. દીપક જલાનીએ જરૂરી ટેકનિકલ સહયોગ પૂરો પાડ્યો હતો. દાનમાં મળેલા આ ચક્ષુઓને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ માટે મોકલી આપવામાં આવ્યા છે. સ્વ. જીવા શેઠના આ ચક્ષુદાન થકી બે વ્યક્તિઓના અંધકારમય જીવનમાં રોશની પથરાશે. શોકના સમયે પણ જનસેવાનો ભેખ ધારણ કરનાર વરચંદ પરિવારના આ કાર્યની સમગ્ર પંથકમાં ભારોભાર પ્રશંસા થઈ રહી છે.

## જીવાભાઈ શેઠના નિધન પર પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિરે દુ:ખ વ્યક્ત કર્યું

ગાંધીધામ- કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને સામાજિક અગ્રણી આદરણીય જીવાભાઈ કરશનભાઈ આહિર (જીવાભાઈ શેઠ) ના દુ:ખદ નિધનના સમાચાર પ્રાપ્ત થતા પૂર્વ રાજ્યમંત્રી અને અગ્રણી નેતા વાસણભાઈ આહિરે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

પોતાના શોક સંદેશમાં વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, "જીવાભાઈ શેઠના નિધનના સમાચાર અત્યંત દુ:ખદ છે. તેમણે લોકસેવા અને સંગઠન ક્ષેત્રે આપેલું પ્રદાન હંમેશા યાદ રહેશે. ભગવાન યોગેશ્વર શ્રી કૃષ્ણ તેમના દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના શોકગ્રસ્ત પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી હું પ્રાર્થના કરું છું." જીવાભાઈ શેઠના નિધનથી કચ્છના જાહેર જીવનમાં અને આહિર સમાજમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. વાસણભાઈ આહિરે ટેલિફોનિક સંપર્ક કરી પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ચાંદરાણી સરહદ ડેરીના પ્લાન્ટ ખાતે ફાયર સેફટી અંગે મોકડ્રીલ યોજાઇ





ગાંધીધામ-કચ્છઉદય : તાજેતરમાં આગની ઘટનાઓ બનવાના ઘણા બધા સમાચારો મળી રહ્યા છે તેવામાં આગમચેતીના ભાગરૂપે સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલની સૂચના અને માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ અને શ્રમિકોના અમુલ્ય જીવનને ધ્યાનમાં રાખીને આગની મોકડ્રીલ સરહદ ડેરીના ચાંદરાણી સ્થિત પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે યોજવામાં આવી હતી.

આ મોકડ્રીલ સરહદ ડેરીના પર્યાવરણ અને સ્વાસ્થ્ય સેફટી ઓફિસર તથા ફાયર એન્ડ સેફટી ટ્રેનીંગ ઓફિસર ડરવનસિંગ એસ. રાવત, ફાયર ટ્રેનીંગ ઓફિસર ખીમસિંગ પવારની આગેવાનીમાં યોજાઈ હતી. જેમાં આકસ્મિક રીતે આગ લાગે ત્યારે આગ ઉપર કઈ રીતે કાબૂ મેળવવો તે માટે માહિતી પૂરી પ ાડવામાં આવી હતી. આ સાથે કેટલા પ્રકારની આગ હોય છે તેમજ તેને કેવી રીતે કાબૂમાં લેવું, આગની ઘટના બને ત્યારે કેવા પ્રકારની કામગીરી કરવામાં તે અંગેની ઝીણવટપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. જેમાં ફાયર એક્સ્ટીગ્યુઝર બોટલનો ઉપયોગ કઈ રીતે કરવો તે માટે તેનો ડેમો બતાવવામાં આવ્યો હતો. આગ લાગી હોય ત્યારે તાત્કાલિક આગ કઈ રીતે બુજાવી શકાય તેમજ કયા કયા પ્રકારની તકેદારી રાખવી તે માટે અધિકારી તેમજ કર્મચારીને તાલીમ આપવામાં આવી હતી. આગ લાગી હોય ત્યારે જાન અને માલને કઈ રીતે બચાવ કરો તે માટે ફાયર સેફટીની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, "સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓ સામે સજાગતા જ જીવન બચાવવાનો સૌથી મોટો માર્ગ છે" તેમણે વધુમાં જણાવ્યુ કે આવી મોકડ્રીલ દ્વારા કર્મચારીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને આપત્તિના સમયે યોગ્ય અને ઝડપી નિર્ણય લેવામાં સહાય મળે છે.

# જીકાસ પોર્ટલની વિસંગતતાઓને દૂર કરી ખાનગી યુનિવર્સિટીઓને પણ તેમાં સાંકળવા માંગ

**ભુજ અને અંજારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા મુખ્યમંત્રી વતી વહીવટી તંત્રને પાઠવાયુ આવેદનપત્ર**









અંજાર - કચ્છઉદય : અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ પર ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં જોવા મળતી અનેક વિસંગતતાઓ અંગે રાજ્યના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. કચ્છના ભુજ અને અંજાર શહેર ખાતે રાજ્યના મુખ્યમંત્રી વતી વહીવટી તંત્રને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના હોદ્દેદારો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે આક્ષેપ કર્યો છે કે પોર્ટલની ટેકનિકલ ખામીઓને કારણે વારંવાર સર્વર ડાઉન થવાની સમસ્યા ઉદભવે છે, જેના લીધે વિદ્યાર્થીઓ સમયસર પ્રવેશ મેળવી શકતા નથી. વધુમાં ખાનગી યુનિવર્સિટીઓને આ પોર્ટલની બહાર રાખવામાં આવી હોવાથી વિદ્યાર્થીઓએ ત્યાં મોટું આર્થિક ભારણ સહન કરીને પ્રવેશ મેળવવાની ફરજ પડી રહી છે. અગાઉ આ મુદ્દે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા વિદ્યાર્થી સંગઠને નારાજગી વ્યક્ત કરી છે.

વિદ્યાર્થી પરિષદ દ્વારા માંગ કરવામાં આવી છે કે જીકાસ પોર્ટલ અંતર્ગત ખાનગી યુનિવર્સિટીઓનો પણ તાત્કાલિક સમાવેશ કરવામાં આવે જેથી પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય. જો ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ શક્ય ન હોય તો આ પોર્ટલને માત્ર ડેટા એકત્રીકરણ પૂરતું મર્યાદિત રાખવું જોઈએ અને પ્રવેશની સત્તા જે-તે વિશ્વવિદ્યાલયોને પરત સોંપી દેવી જોઈએ. આ ઉપરાંત રજિસ્ટ્રેશન ફી પેટે લેવામાં આવતા ૩૦૦ રૂપિયામાં ઘટાડો કરવા અથવા આ પ્રક્રિયા સંપૂર્ણ નિ:શુલ્ક કરવા પણ માંગણી ઉઠાવવામાં આવી છે. એબીવીપીએ ચેતવણી ઉચ્ચારી છે કે જો આ મામલે વિદ્યાર્થીઓના હિતમાં વહેલી તકે નિર્ણય લેવામાં નહીં આવે તો આવનારા સમયમાં ગુજરાતના તમામ કેમ્પસની બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આ વેળાએ ભુજમાં પશ્ચિમ કચ્છ એબીવીપીના સંયોજક શૈલેષભાઈ પરમાર અને કાર્યકર્તાઓ તથા અંજાર ખાતે એબીવીપીના પૂર્વ કચ્છ સંયોજક આશુતોષ અયાચી, અંજાર નગરમંત્રી ધ્રુવરાજસિંહ શેખાવત, ગાંધીધામ નગરમંત્રી વિવેક આહીર, કાનજીભાઈ આહીર સહિતના પરિષદના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# સારો સ્વભાવ જીવનમાં મોટી સંપત્તિ છે : ધ્રુવકુમાર શાસ્ત્રીજી





દેવભૂમિ દ્વારકા : કચ્છઉદય : ખંભાલીયા ગામ મધ્યે શ્રીકૃષ્ણ સેવા સત્સંગ મહિલા મંડળ ગૌ સેવાના લાભાર્થે ભાગવત કથાનું આયોજન કરેલ છે. જેમાં સંતવાણી કથા પ્રસંગે ૧૧ લાખ અને વીસ હજાર ફંડ થયું હતું. ધ્રુવકુમાર શાસ્ત્રીજી કથામાં ગાય કૃષ્ણ ભગવાન પ્રિય છે. જુમાં દેવી દેવતતાના વાસ છે. ગાયનું દૂધ એ દૂધ નથી તે અમૃત સમાન છે. કથા દરમ્યાન, રામદાસ બાપુ (આમરેડી), ખાખી મઢી આશ્રમ આશીર્વચન પાઠવેલ. દિપ પ્રાગટય ભાગવતાચાર્ય મહેશભાઈ ભટ્ટ (ઓમ સંસ્કાર ધામ મંદિર -ભુજ) વરદ હસ્તે સમસ્ત મહિલા મંડળ પ્રમુખ મંજુલાબેન, રવજીભાઈ ભીખુભાઈ ચૌહાણ, લાલજીભાઈ, જેન્તીભાઈ તેમજ મુળુભાળ બેરા, ધારાસભ્ય પુર્વ ગુજરાત મંત્રી અન્ય કથાનો લાભ લીધો હતો. કૃષ્ણ જન્મ ગોવર્ધનઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ, રાત્રે સંતવાણી ઉત્સવ ધામધુમ આવેલ હતો. સંચાલન ભીખુભાઈ કરેલ હતો.

# ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે બળાત્કારના ગુનામાં આરોપીને પકડ્યો



ગાંધીધામ - કચ્છ ઉદય : શહેર એ-ડિવિઝન પોલીસમાં બળાત્કારનો ગુનો દાખલ થયો હતો. જે ગુનામાં આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે રાપર તાલુકાના ભુટકિયા ગામના હાલે જુની સુંદરપુરીમાં રહેતા જયસુખ ભીખાભાઈ સોલંકીની આડેસરથી અટકાયત કરી હતી. એ-ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાવડા-દેવપર વચ્ચે અકસ્માતમાં દંપતિ અને પુત્રીનું મોત





**નખત્રાણા ખાતે સમૂહ લગ્નમાં હાજરી આપવા પરિવાર અમદાવાદથી આવતો હતો ત્યારે સર્જાઈ કરૂણાંતિકા**

ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના દેવપર અને ધાવડા વચ્ચે ગઈકાલે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં દંપતિ અને પુત્રીનું મોત થતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. મૂળ નખત્રાણાના હાલે અમદાવાદના નરોડામાં રહેતા ૪૭ વર્ષિય ઘનશ્યામભાઈ અરજણભાઈ કેસરાણી અને તેમના પત્ની ૪૫ વર્ષિય કલ્પનાબેન ઘનશ્યામભાઈ કેસરાણીનું ઘટના સ્થળે મોત થયું હતું, જ્યારે ૨૩ વર્ષિય આશ્વિબેન ઘનશ્યામભાઈ કેસરાણીને ઈજાઓ થતા સારવાર માટે ભુજ લઈ જવાતા રસ્તામાં મોત થયું હતું. આ બનાવ અંગે મળતી વિગતો મુજબ હતભાગી પરિવાર અમદાવાદથી નખત્રાણા ખાતે આયોજિત સમૂહ લગ્નમાં હાજરી આપવા માટે કાર નં. જીજે૦૧ - ડબ્લ્યુએચ - ૩૩૪૫ લઈને આવતો હતો ત્યારે સામેથી ટ્રક નં.જીજે૧૨ - ડબ્લ્યુ - ૬૫૯૦ રોંગસાઈડમાં આવીને કારમાં ભટકાતાં કારનો બુકડો બોલી ગયો હતો. ઘટના સ્થળે દંપત્તિ જ્યારે હોસ્પિટલમાં દીકરીનું મોત થયું હતું. આ બનાવમાં કારમાં સવાર ઘનશ્યાભાઈના પિતા અરજણભાઈ કેસરાણીનો બચાવ થયો હતો. અકસ્માત ગ્રસ્ત ટ્રકનું આગળનું ટાયર ફાટેલું જોવા મળ્યું હતું. સંભવત: ટાયર ફાટતા ટ્રક બેકાબૂ બની અને રોંગ સાઈડમાં આવી અને કાર સાથે અથડાતા અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. આ બનાવથી અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

# કચ્છ યુનિવર્સિટિમાં યોજાયો નૃત્ય વિષય પર સંવાદ





ભુજ - કચ્છઉદય : કચ્છ યુનિવર્સિટિ અને નુપુર નૃત્યના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટિ કોર્ટ હોલ મધ્યે નૃત્ય એટલે શું એ વિષય પર ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે એમ. એસ. યુનિવર્સિટેના પ્રોફેસર ડૉ. પારૂલ શાહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને નૃત્યના વિભિન્ન પહેલું પર પ્રકાશ પાડ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત કચ્છ યુનિવર્સિટિના ફેકલ્ટિ ઓફ ફાઈન આર્ટસના પ્રો. ડૉ. કાશ્મીરા મેહતા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધનથી કરાઈ હતી. ત્યારબાદ વક્તાનો પરિચય અને ટોક શોની પૂર્વભૂમિકા વિષે પ્રો. વૈશાલી સોલંકી દ્વારા સમજ અપાઈ હતી. કચ્છ યુનિવર્સિટિના કુલપતિ ડૉ. મોહન પટેલ દ્વારા પ્રમુખ સ્થાનેથી ઉદ્બોધનમાં જણાવાયું હતું કે, આવનારા સમયમાં કચ્છ યુનિવર્સિટિમાં આવા કાર્યક્રમોનું આયોજન થતું રહેશે અને કચ્છ યુનિવર્સિટિમાં પણ ફેકલ્ટિ ઓફ પેરફોર્મિંગ આર્ટ્સ ચાલુ થશે. મુખ્ય વક્તા પ્રો. ડૉ. પારૂલ શાહ દ્વારા ચર્ચા દરમિયાન નૃત્યની બારીકી વિષે સમાજ અપાઈ હતી અને સમજાવવામાં આવ્યું હતું કે, કેવી રીતે નૃત્ય શૈલીમાં જ રહીને પણ નવા પ્રયોગ કરી શકાય છે અને પરંપરાગત રીતે મળતી શાસ્ત્રીય નૃત્યની તાલીમને પાયો બનાવીને કઈ રીતે એમાં નવી વસ્તુ ઉમેરી શકાય છે. બે કલાક ચાલેલ આ સંવાદમાં કચ્છના ગુરુ અને નૃત્યાંગનાઓ દ્વારા સવાલ જવાબ રૂપે ભાગ લેવાયો હતો અને જ્ઞાનનું આદાન-પ્રદાન થયું હતું.

આ કાર્યક્રમમાં કચ્છમાથી સુમાક્ મોહન, ધારા શાહ, નિરાલી પંડ્યા, બાગેશ્રી ચંદે, કિન્નરી ચંદે, ઉત્તરા અંજારિયા, પલ્લવી રાઠોડ, રાધિકા ટાંક, દેવાંશી સોમપુરા, સ્વાતિ સોમપુરા, હિતેન ચાવડા, આશના બારમેડા અને રીયા બારમેડા જેવા નૃત્યગુરૂએ પોતાના શિષ્યો સાથે ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન કૃપલ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભુજના કેમ્પ એરિયામાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, ત્રણ મહિલાની ધરપકડ





**બી-ડિવિઝન પોલીસે ૮.૭૫ લાખનો મુદામાલ રિકવર કર્યો**

ભુજ - કચ્છ ઉદય : શહેરના કેમ્પ એરિયા વિસ્તારમાં બે મહિના પૂર્વે થયેલી સોનાના દાગીનાની ઘરફોડ ચોરીના ગુનામાં ભુજ બી ડિવિઝન પોલીસને સફળતા મળી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આ ચોરીમાં સંડોવાયેલી ત્રણ મહિલાને ઝડપી તેમની પાસેથી ૮.૭૫ લાખની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

બોર્ડર રેન્જ આઈજીપી ચિરાગ કોરડીયા અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવા મળેલી સૂચના અન્વયે બી-ડિવિઝન પીઆઈ એ.એમ. હેરમાના નેતૃત્વમાં સર્વેલન્સ ટીમ તપાસમાં હતી. પીએસઆઈ ઝેડ.એમ. મલેક અને એએસઆઈ દિલીપસિંહ સિંધવને બાતમી મળી હતી કે કેટલીક મહિલાઓએ આ ચોરીને અંજામ આપ્યો છે. જે આધારે ટીમો બનાવી તપાસ હાથ ધરતા ૩ મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી જેમાં ભુજના રહેવાસી એવા જાનકી, કુસુમ, મુમતાઝ ઉર્ફે રજીયાની અટકાયત કરાઈ છે. પોલીસે સોનાની લગડી ૭૪.૭૪૦ ગ્રામ કિંમત ૮,૨૪,૦૦૦, રોકડ રકમ ૫૧,૦૦૦ મળી ૮,૭૫,૦૦૦નો મુદામાલ કબજે કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ ભૂતકાળમાં પણ વિવિધ ગુના નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરીમાં પીઆઈ એ.એમ. હેરમા સાથે પીએસઆઈ એમ.એચ. પટેલ, પીએસઆઈ ઝેડ.એમ. મલેક, એએસઆઈ દિલીપ સિંહ સિંધવ, હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ વણકર, નરેન્દ્રસિંહ જાડેજા, ભરતભાઈ માજીરાણા, મુકેશકુમાર પટણી, મહાવીરસિંહ જાડેજા, પ્રકાશભાઈ ઠાકોર, લાલજીભાઈ મકવાણા તથા કોન્સ્ટેબલ શ્યામ ગઢવી અને નાનુભાઈ કરમટા જોડાયા હતા.

# ભુજ જાયન્ટસ ગ્રુપ દ્વારા ઠંડા પાણીના પરબનો શુભારંભ





ભુજ - કચ્છઉદય : જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા ધીગેશ્વર મહાદેવ મંદિર પ્રાંગણમાં રાહદારીઓને રાહત માટે ઠંડા પાણીના પરબનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુજ ગ્રુપના પ્રમુખ અભિલાષ મહેતા, ઉપપ્રમુખ મહેશભાઈ સોમપુરા, આઈ. પી.પી અશોકભાઈ માંડલિયા, મંત્રી બિપિનભાઈ ઠક્કર, આરોગ્ય ચેરમેન વિનોદભાઈ ગોર, માલન્યુસ્ટ્રીશન ચેરમેન વિનોદભાઈ સલાટ, એજ્યુકેશન ચેરમેન પી. કે. ચુડાસમા, ડાયરેક્ટર પ્રભુભાઈ માકાણી, શરદભાઈ ઠક્કર, કિર્તીભાઈ ઠક્કર, શશીકાંતભાઈ ઠક્કર, વિનોદભાઈ જોબનપુત્રા, હેમંતભાઈ જોષી, જીતેન્દ્રભાઈ ચૌહાણ, અનવરભાઈ નોડે, પરેશભાઈ ગણાત્રા, તરૂણભાઈ કોંઢીયા, બકુલભાઈ મહેતા, ફેડ-૩બીના પ્રમુખ ડો મધુકાન્ત આચાર્ય, સેક્રેટરી પ્રદિપકુમાર જોષી, ખજાનચી હેમંતભાઈ ઠક્કર, યુ.ડી જયસિંહ પરમાર, નિષદભાઈ મહેતા અને ધીંગેશ્વર મહાદેવના પુજારી ઈશ્વરગર ગોસ્વામી ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો.

## ભુજથી હરિદ્વાર ઋષિકેશ સુધી સ્પેશિયલ ટ્રેન દોડાવવા રજૂઆત

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના લોકો ખાસ કરીને બહેનો અને સિનિયર સિટીઝન લોકોને યાત્રાધામ ધાર્મિક સ્થળો હરિદ્વાર, ઋષિકેશ જવા માટે સીધી ટ્રેન ન હોવાથી લોકોને ટ્રેન બદલવી પડે છે તેમજ હાલાકી ભોગવવી પડે છે. અધિક માસ, શ્રાવણ માસ અને ભાદરવા મહિના દરમ્યાન ઉત્તર ભારતમાં અનેક ધાર્મિક કથાઓનું આયોજન થતું હોવાથી હજારો શ્રદ્ધાળુઓ હરિદ્વાર જેવા યાત્રાધામો તરફ જતા હોય છે ત્યારે ભુજથી સીધી ટ્રેન શરૂ કરવામાં આવે તો લોકોને મોટી રાહત મળી શકે તેમ છે. કચ્છના સાંસદ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા ઉચ્ચ સ્તરીય રજુઆત કરી ખાસ ટ્રેન દોડવવામાં આવે તે ઈચ્છનીય છે.

# જ્યોતિષ અને પ્રાણાયામ ઉપર હર્ષલ રાજગોરનું વક્તવ્ય યોજાયું

ભુજ - કચ્છઉદય : આજના ફાસ્ટ યુગમાં શાંતિ જરૂરી છે, તે માટે યોગનો આશરો લેવો જરૂરી છે સાથે પ્રાણાયામ કરવો જરૂરી છે.

પ્રાણાયામથી ઘણા રોગો મટે છે તેવું જ્યોતિષવિદ હર્ષલ રાજગોરે અશોકભાઈ માંડલિયાના નિવાસસ્થાને યોજાયેલ બેઠકમાં જણાવ્યું હતું.

હર્ષલબેને વાસણના અવાજના સમયે મનથી ધ્યાન ધરવાથી તેની મન ઉપર અસર થતી નથી. હર્ષલબેને કહ્યું કે, જો કોઈપણ વ્યક્તિ પ્રાણાયામ દરમિયાન શ્વાસ લેવામાં કંટ્રોલ કરે તો વ્યક્તિને ઘણા ફાયદા થાય છે.

આ તબક્કે પલ્લવી શેઠ, નીધિ કુબડીયા, પૂજા ભાટિયાએ ચર્ચામાં ભાગ લીધો હતો. આ તકે નરેન્દ્રભાઈ ગોર, ગીરીશભાઈ ગોર, અશોકભાઈ માંડલિયા, પ્રશાંતભાઈ ભોજક તેમજ પ્રીતિબેન રાજગોરે સુર પુરાવ્યા હતાં. આ પૂર્વે પ્રાર્થના બાદ મીનીટસનું વાંચન તથા આભારવિધિ મંત્રી અશોકભાઈ માંડલિયાએ કર્યા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છમાં ભાજપનો 'લઘુમતી કાર્ડ'**

પણ ઊભું કરવા માંગે છે. ભાજપે જિલ્લા પંચાયતથી લઈ નગરપાલિકા સુધી લઘુમતી પ્રતિનિધિત્વને પ્રાધાન્ય આપ્યું છે, જેમાં જિલ્લા પંચાયતમાં ૦૩ બેઠકો, ભુજ તાલુકા પંચાયતમાં ૦૬, લખપત તાલુકા પંચાયતમાં ૦૬, અબડાસા તાલુકા પંચાયતમાં ૦૫, મુન્દ્રા તાલુકા પંચાયતમાં ૦૨, ભચાઉ અને નખત્રાણામાં ૧ - ૧ બેઠક ફાળવી છે. તો ગ્રામ્યની સાથોસાથ શહેરી વિસ્તારોમાં પણ લઘુમતી સમાજને મહત્વ આપી ભુજ નગરપાલિકામાં ૦૮ બેઠકો, માંડવી નગરપાલિકામાં ૦૬, મુન્દ્રા - બારોઈમાં ૦૪, અંજાર અને નખત્રાણામાં ૦૨-૦૨ બેઠકો પર ઉમેદવાર ઉતાર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સૂત્ર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' ને કચ્છ ભાજપે આ ચૂંટણીમાં જમીની સ્તરે ઉતાર્યું હોય તેવું દેખાય છે. જ્યારે અન્ય પક્ષો લઘુમતી મતોને પોતાની 'વોટબેંક' સમજીને ચાલતા હોય છે, ત્યારે ભાજપે લઘુમતી સમાજના કાર્યકરોને સત્તામાં ભાગીદારી આપીને એક મોટો રાજકીય સંદેશ આપ્યો છે. આ કદમથી લઘુમતી સમાજમાં પણ પક્ષ પ્રત્યેનો વિશ્વાસ વધવાની શક્યતા છે. ભાજપના આ પગલાથી કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષો માટે કપરા ચઢાણ સાબિત થઈ શકે છે. અત્યાર સુધી લઘુમતી મતોના ધ્રુવીકરણના સહારે ચૂંટણી જીતતા પક્ષોએ હવે નવી વ્યૂહરચના વિચારવી પડશે. જો ભાજપ લઘુમતી ઉમેદવારોને જીતાડવામાં સફળ રહે છે, તો તે આવનારી વિધાનસભા ચૂંટણીઓ માટે એક નવો 'કચ્છ મૉડલ' પ્રસ્થાપિત કરશે. હવે જોવાનું એ રહેશે કે, ૨૬ એપ્રિલે કચ્છની જનતા ભાજપના આ 'સર્વસમાવેશક' અભિગમ પર પોતાની મહોર મારે છે કે કેમ! ૨૬મીએ થનાર મતદાનમાં મતદારોનો ઉત્સાહ અને ૨૮મીએ આવનાર પરિણામો એ સ્પષ્ટ કરશે કે ભાજપનો આ 'લઘુમતી પ્રયોગ' કેટલો સફળ રહ્યો છે.

# માળિયા–અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગને તાત્કાલિક ૬ લેન બનાવવા અંગે ગાંધીધામ ચેમ્બર દ્વારા જીએસઆરડીસી સમક્ષ રજૂઆત

## કચ્છના વિકાસ માટે નિર્ણાયક પગલું જરૂરી

ગાંધીધામ: દેશનો ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ અને સરહદી જીલ્લો કચ્છ જીલ્લો જે, ગુજરાત રાજ્યનું ઔદ્યોગિક અને લોજિસ્ટિક હાર્ટ ગણાય છે તેવા પ્રદેશના સર્વાંગી વિકાસ માટે, માળિયા-અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગનું આધુનિકીકરણ એ સમયની માંગ બની ગયું છે. કંડલા અને મુન્દ્રા જેવા આંતરરાષ્ટ્રીય બંદરો મારફતે દેશના લગભગ ૪૦ ટકા જેટલા આયાત-નિકાસના વેપાર સાથે કચ્છ દેશની અર્થવ્યવસ્થામાં ખુબ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

આવા સંજોગોમાં, કચ્છને અમદાવાદ અને રાજ્યના અન્ય મુખ્ય શહેરો સાથે જોડતો આ ધોરી માર્ગ હાલની પરિસ્થિતિમાં ચાર લેનનો હોવા છતાં ભારે ટ્રાફિકના કારણે સતત દબાણમાં રહે છે, જેના કારણે ટ્રાફિક જામ, અકસ્માતો અને સમયની બરબાદી જેવી ગંભીર સમસ્યાઓ સર્જાઈ રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ માર્ગને તાત્કાલિક ધોરણે ૬ લેનનો બનાવવા ગાંધીધામ ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી તેજા કાનગડે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, કચ્છ રાજ્ય અને દેશ માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વ ધરાવતો વિસ્તાર છે. અહીંથી ચાલતા પેટ્રોલિયમ, સ્ટીલ, સિમેન્ટ, મિનરલ્સ, ટેક્સટાઈલ અને સ્જીસ્ઈ ક્ષેત્રના હજારો ઉદ્યોગો માટે ઝડપી અને સુરક્ષિત માર્ગવ્યવસ્થા અનિવાર્ય છે.

માળિયા–અમદાવાદ હાઈવેનો વિસ્તાર વધારવાથી માત્ર ટ્રાફિક સમસ્યાનો ઉકેલ નહીં મળે, પરંતુ સમગ્ર લોજિસ્ટિક ચેન વધુ કાર્યક્ષમ બનશે, જેના પરિણામે વેપાર-ઉદ્યોગને ગતિ મળશે અને રાષ્ટ્રીય અર્થતંત્રને પણ તેનો સીધો લાભ મળશે.

ચેમ્બરના માનદ મંત્રીશ્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, આ માર્ગ પર સતત વધતા ટ્રાફિકને કારણે અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે, જે માનવજીવન માટે ગંભીર જોખમ ઉભું કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વરસાદ અને જાળવણીના અભાવે રસ્તાની હાલત પણ અમુક જગ્યાએ અત્યંત ખરાબ બની છે, જેને ધ્યાનમાં રાખીને, સંપૂર્ણ રિસફેસિંગ સાથે ૬ લેનનો વિકાસ કરવો આવશ્યક બની ગયો છે. આ પ્રોજેક્ટ માત્ર સુવિધા માટે નહીં પરંતુ સુરક્ષા અને ભવિષ્યના વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને એક વ્યૂહાત્મક રોકાણ છે.

આ મુદ્દે રાજ્યના ઉચ્ચ અધિકારીઓને સંબોધીને કરાયેલ રજૂઆતમાં, મેનેજિંગ ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના શ્રી જે.એ ગાંધીને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે. સાથે જ આ મહત્વપૂર્ણ માંગની નકલ કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છના પ્રભારી મંત્રીશ્રી કાન્તિલાલ અમૃતિયા, ગાંધીધામના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી તેમજ કચ્છના કલેકટર આનંદ પટેલને પણ મોકલવામાં આવી છે. કચ્છના ઉદ્યોગ, વેપાર અને પ્રવાસન ક્ષેત્રના ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને માળિયા–અમદાવાદ ધોરી માર્ગને ૬ લેનનો બનાવવાનો નિર્ણય હવે માત્ર જરૂરી નથી પરંતુ અનિવાર્ય બની ગયો છે. સમયસર લેવાયેલો આ નિર્ણય કચ્છના વિકાસને નવી દિશા આપશે અને રાજ્યના આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. તેવું અંતમાં અખબારી યાદીના માધ્યસ્થિઉ ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવેલ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાસણભાઈ આહીરના મોટાભાઈના નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી

ગાંધીનગર: ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ મંત્રી અને સામાજિક અગ્રણી શ્રી વાસણભાઈ આહીરના પિતાતુલ્ય મોટાભાઈ શ્રી જીવાભાઈના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ એક શોક સંદેશ પાઠવતા જણાવ્યું હતું કે, પરિવારમાં મોટાભાઈ એક એવી વ્યક્તિ હોય છે જેમની હાજરી આખા કુટુંબ માટે મનોબળ બની રહેતી હોય છે. તેમના નિધનથી આહીર પરિવાર અને સમાજને મોટી ખોટ પડી છે.''મુખ્યમંત્રીશ્રીએ પવિત્ર શ્રીમદ ભગવદ્ ગીતાના શ્લોક ‘‘જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ‘‘ ને ટાંકીને આત્માની અમરતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, પરમાત્મા દિવંગતના આત્માને શાંતિ અર્પે અને શોકગ્રસ્ત પરિવારને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના છે. શ્રી વાસણભાઈ આહીર અને તેમના પરિવારે આ પિતાતુલ્ય છત્રછાયા ગુમાવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# અંજારમાં ડો બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે રેલીનું કરાયું આયોજન




અંજાર – કચ્છઉદય : ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોટડાથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ગામ લોકો જોડાયા હતા. બીજી રેલી પશુડાથી પ્રસ્થાન થઈ હતી. રેલી લાખાપર સાથે થઈ અંજાર દબડા સંયુક્ત રેલી થઈ ગંગાનાકા, બાર મીટર રોડ, દેવરી નાકા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યું હતું. આગેવાનોના હાથે કેક કાપવામાં આવ્યું હતું.

આયોજન ઓલ ઈન્ડિયા એસી એસટી માઈનોરીટ મહાસંઘ, બહુજન આર્મી કચ્છ, ડો બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ અંજારના જખુભાઈ મહેશ્વરી, હમીરભાઈ શામળિયા, મંગલભાઈ ડુગડીયા, હરીભાઈ પરમાર, બાબુભાઈ મેરિયા, વાલજીભાઈ ડુંગરિયા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લખનભાઈ ધુઆએ સામાજીક એકતા પર ભાર મુકક્યો હતો. ગીતાબેન ડુંગરિયા, થાવરભાઈ ડુગડીયા, નારણભાઈ મકવાણા, નવીન મહેશ્વરી, મોહનભાઈ મહેશ્વરી, ડાયાભાઈ રાઠોડ, ભીમજીભાઈ બોચીયા, મયુરભાઈ મહેશ્વરી, ભીમજીભાઈ ધેડા, મોહનભાઈ ફુફલ, જગદીશભાઈ નોરીયા, મુકેશભાઈ શામળિયા, ડાયાભાઈ ફુફલ, રાણાભાઈ માસ્તર, મોહનભાઈ શેખવા, મનોજભાઈ વિસરીયા, ગોપાલભાઈ મેરિયા, માવજીભાઈ ડુગળીયા, દિપકભાઈ ધુઆ, નારણભાઈ ધુઆ, જયેશભાઈ મહેશ્વરી, મંગલભાઈ ફુફલ, રમેશભાઈ દાફડા, અરવિંદભાઈ મહેશ્વરી, વસંતભાઈ બારોટ, અરવિંદભાઈ વાઘેલા, કાનજીભાઈ રાઠોડ, હરીભાઈ બગડા, ખીમજીભાઈ ફફલ, સી.એમ. લોચાણી, કલ્પેશ મેરિયા, કાન્તિભાઈ આદીવાલ વગેરે સામાજીક આગેવાનો ભવ્ય રેલીમાં જોડાયા હતા.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

# અવસાન નોંધ

**અંજાર** : જગદીશભાઈ ખીમજીભાઈ બાંભણિયા (ઉ.વ. ૬૪) તે મુક્તાબેનના પતિ, ગં.સ્વ. રત્નાબેન ખીમજીભાઈ બાંભણિયાના પુત્ર, સ્વ. લવજીભાઈ, હસમુખભાઈ, નવીનભાઈના ભાઈ, નયન, સ્વ. ચિંતન, નીરજ, સ્વ. કિશનના પિતા, શિવમ, માન્ય, પૃથા, ક્રિષા, પિહુ, જીયાના દાદા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦થી ૧૧ મહાકાલેશ્વર મંદિર, સોનાપુરી, અંજાર ખાતે.

**અંજાર** : પ્રજાપતિ મીનાબેન (ઉ.વ. ૬૧) તે દિનેશભાઈ શંભુભાઈ નાથાણીના પત્ની, સ્વ. હરખીબેન તથા સ્વ. શંભુભાઈ જગાભાઈ નાથાણીના પુત્રવધૂ, સ્વ. કાશીબેન, નાનજીભાઈ લખમણભાઈ વારૈયાના પુત્રી, ગોદાવરીબેન કરશનભાઈ શંભુભાઈ (ભુજ), સ્વ. ગોમતીબેન શંભુભાઈ નાથાણી (આણંદ), પ્રેમિલાબેન સુરેશભાઈ નાથાણી (આણંદ)ના દેરાણી, મહેન્દ્ર, મનોજ, દિલીપ, સંદિપ, વિશાલ (આણંદ)ના કાકી, ચેતના, હીરલ, વર્ષા, મયુરીના માતા, પરસોત્તમ, જગદીશ, દિનેશ, મોંઘીબેન, નયનાબેનના બહેન, હસમુખ, દીપક, મુકેશના સાસુ તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ કચ્છી પ્રજાપતિ છાત્રાલય, નયા અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ભુજ** : મૂળ પલાંસવાના પુરીબેન ખીમજીભાઈ ચંદે (ઉ.વ. ૯૭) તે સ્વ. ખીમજીભાઈ ચત્રભુજભાઈ ચંદેના પત્ની, ધીરજલાલ, પ્રવીણભાઈ, સ્વ. વિનોદભાઈ, સુરેશભાઈ, પ્રફુલ્લાબેનના માતા, કાન્તાબેન, કૈલાશબેન, મંજુલાબેન, પુષ્પાબેન, સુરેશભાઈના સાસુ, સ્વ. અશોકભાઈ, બિપિનભાઈ, અલ્પેશભાઈ, જિગરભાઈ, હર્ષલભાઈ, મિતુલભાઈ, વિવેકભાઈ, ચિરાગભાઈના દાદી, સ્વ. શિવલાલભાઈ, સ્વ. હરિલાલભાઈ, સ્વ. ચંદુલાલભાઈ, સ્વ. શાન્તાબેન, સ્વ. ગોદાવરીબેન, સ્વ. વાલુબેનના ભાભી, નરભેરામભાઈ, શંકરભાઈ, સ્વ. નવીનભાઈ, સ્વ. કીર્તિભાઈ, કનૈયાલાલ, રસિકભાઈ, યોગેશભાઈ, હસમુખભાઈ, પ્રકાશભાઈ, હિતેષભાઈના મોટાબા, નાનજીભાઈ લધાભાઈ ભીંડે (કીડિયાનગર)ના પુત્રી, સ્વ. ગણેશભાઈ, સ્વ. વિરજીભાઈ, સ્વ. મણિબેન, સ્વ. દિવાળીબેન, સ્વ. અંબાબેન, સ્વ. શાંતાબેનના બહેન, ઉમેદભાઈ, વિશનભાઈ, સ્વ. મનોજભાઈ, સ્વ. દિલીપભાઈ, ચંદ્રકાન્તભાઈ, મનોજભાઈના ફઈ તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા પરિવાર તથા પિયરપક્ષ (બંને પક્ષની) તા. ૨૧-૪-૨૦૨૬ના મંગળવારે સવારે ૧૦થી ૧૧ લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડી, મિરજાપર હાઈવે, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ તેરાના મહેન્દ્રભાઈ વૃજલાલ સોમપુરા (ઉ.વ. ૭૯) (નિવૃત્ત જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ) તે રેખાબેનના પતિ, સ્વ. મુકુંદરાય ટી. સોમપુરા (પાલીતાણા)ના જમાઈ, કૌશલ, મીરાં, સ્વ. મેનાના પિતા, શિલ્પા, મિરાગ એસ. (વડોદરા), હેમંત સી. ત્રિવેદી (અમદાવાદ)ના સસરા, માનદ, દેવાંશ, અનુષ્કાના નાના, સ્વ. વિનોદરાય, સ્વ. કરુણાશંકરના ભાઈ, પ્રશાંત તથા મિતેષના કાકા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ બિલેશ્વર મહાદેવ મંદિર, માતાજી ચાગબાઈ સુંદરજી સેજપાલ સત્સંગ હોલ, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : અનિલભાઈ જયસુખલાલ જોષી (ઉ.વ. ૪૮) તે લક્ષ્મીબેનના પતિ, જૈની તથા સાચીના પિતા, સ્વ. બચુબેન હરિલાલ જોષીના પૌત્ર, સ્વ. મંજુલાબેન જયસુખલાલ જોષીના પુત્ર, અનિલભાઈ ઠક્કર (ઝારસુગડા)ના જમાઈ, ગં.સ્વ. ઈન્દિરાબેન નવીનચંદ્ર જોષી, ગં.સ્વ. વિનુબેન જેન્તીલાલ વ્યાસના ભત્રીજા, રેખા નિમેષ દવે (માંડવી), વર્ષા કપિલ પંડ્યા (માધાપર), ભાવના કશ્યપ આચાર્ય (ભુજ), ધારા પ્રવીણ હીરાણી (ટાન્ઝાનિયા), તેજલ આકાશ ચાંદ્રા (માધાપર), મિલન નવીનચંદ્ર જોષી (માધાપર), અશોક જેન્તીલાલ વ્યાસ (માધાપર)ના ભાઈ, વિનોદ તથા ભોલાના બનેવી, સ્નેહાબેન, રાખીબેનના જેઠ, હેત્વી, સૌમ્ય, સોનાક્ષી, અમી, અથર્વ, અક્ષત, સમર્થ, મોક્ષના મામા, વિવાનના મોટાબાપા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૦૨૬ના સાંજે ૫થી ૬ નારાયણવાડી, માધાપર ખાતે.

> કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
> **કચ્છ ઉદય**
> **કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
> **અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
> **સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**મોટી ભુજપુર (તા. મુંદરા)** : સવિતાબેન (ઉ.વ. ૭૭) તે ધનજી દેવશી રામાણીના પત્ની, કુંવરબેન દેવજી દડગા (મમાયમોરા)ના પુત્રી, સ્વ. મણિલાલભાઈ, દિનેશભાઈ, અમૃતલાલના માતા, ચેતનાબેન, સંગીતાબેનના સાસુ, વિશાલ, મિતેશ, જિગર, ધ્રુતિબેન (લુડવા), અવનિબેન (બિદડા), કિરનાબેનના દાદી, શિવાનીબેન, શ્રદ્ધાબેન, શિવાનીબેનના દાદી સાસુ, મંત્રના પરદાદી તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૧૭-૪-૨૦૨૬ના બપોરે ૩.૩૦થી ૫.૦૦ પાટીદાર સમાજવાડી, મુંદરા ખાતે, તા. ૧૮-૪-૨૦૨૬ના સોનીવાડી, ભુજપુર ખાતે એ જ સમયે.

**માંડવી** : હાલા દાઉદ સુલેમાન (ઉ.વ. ૭૫) તે રફીક, કાદરના પિતા, કાસમ, ઈશાના ભાઈ, મુહમ્મદહુસૈન સૈયદના બનેવી, સુલતાન ઈલિયાસ સુમરા, મોહશીન અઝીઝભાઈ લાહેજીના સસરા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૮-૪- ૨૦૨૬ના શનિવારે સવારે ૧૧થી ૧૨ વલ્લભનગર મદરેસા, માંડવી ખાતે.

**મોરગર (તા. નખત્રાણા)** : શિવજી કરમસી વિગોરા (ઉ.વ. ૫૬) તે સ્વ. દેવલબેન કરમશીના પુત્ર, સુમનબેનના પતિ, સ્વ. રતિલાલ રવજી, હાંસબાઈ ચુનીલાલ પાયણ (ગજોડ), મુલબાઈ નારાર ડોરુ (દેશલપર), લીલબાઈ દામજી ગચા (સાલાયા)ના ભાઈ, સ્વ. હિનાબેન વિશ્રામભાઈ પાયણ, ઈશ્વર, હેમંતના પિતા, કાનજી ગાંગજી ગચા (દેશલપર)ના જમાઈ, રમેશ, રાયશી, મહેશ, ચેતનના કાકા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી વા. ૧૭-૪-૨૦૨૬ના શુક્રવારે અને તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે પાણી નિવાસસ્થાન મોરગર ખાતે.

**મથલ (તા. નખત્રાણા)** : સમેજા રમજુ વેલા (ઉ.વ. ૭૧) તે ફકીરમામદના પિતા, મંધરા જુણસ સુલેમાન (જડોદર), ઈસ્માઈલ રમજુ, અસલમ પીરાના (નાગિયારી)ના સસરા, નોતિયાર નૂરમામદ, રમજાન, હાજી હુસૈન, યાકુબ, મ. યુસુફ (ભારાસર)ના ફુઈયાઈ ભાઈ, જાગોરા આધમ મુસા (કોટડા)ના મામા તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦ વાગ્યે મુસ્લિમ જમાતખાના, મથલ ખાતે.

**વડવા ભોપા (તા. નખત્રાણા)** : ભોપા સાગા લખમીર (ઉ.વ. ૬૯) તે ભોપા જેસા લખમીર, વેસા લખમીરના ભાઈ, હીરાભાઈ, કલ્પેશભાઈ, લખીબેન, દેવીબેનના પિતા, સવા વંકા, માખણા રાણા, મેગા વીંછિયાના સસરા તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન વડવા ભોપા ખાતે.

**વાંકુ (તા. અબડાસા)** : ચંદુલાલ માણેકજી લોડાયા (ઉ.વ. ૮૦) તે સ્વ. મણિબેન માણેકજી કેશવજી લોડાયાના પુત્ર, દમયંતીબેનના પતિ, મનીષા કિશોર ધરમશી (કોઠારા-વડાલા), જ્યોતિ પરેશ દંડ (લુણી-નરેડી), લીના નરેશ ખોના (વાંકુ-મુલુંડ), ભાવના શાહ (વાંકુ-ડોમ્બિવલી), દર્શના રાકેશ મોમાયા (વારાપદ્ધર-હૈદરાબાદ), મિતેષ (ખાદી ભંડાર નલિયા), પીયૂષના પિતા, વનિતાબેનના સસરા, ક્રિદયના દાદા, પૂરવ, વૃષ્ટિ વિશાલ લાલન, બીના, નયન, વિનીત, હર્ષિલ, યશ્વી, ધૈર્ય, હેલીના નાના, આકાંક્ષા પૂરવ ધરમશીના નાના સસરા, મણિલાલ, ભવાનજી, સોમચંદ, મૂરજી, પ્રફુલ, ગં.સ્વ. જયવંતીબેન રમેશચંદ્ર દંડ (લુણી-નખત્રાણા), રમીલાબેન ધનપતિ લોડાયા (કોઠારા), સુશીલાબેન કાંતિલાલ મોતા (તેરા-હૈદરાબાદ)ના મોટા ભાઈ તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે બપોરે ૩થી ૪.૩૦ જૈન હોલ, વાંકુ ખાતે.

# VCGMSS સંગઠનના પ્રમુખ તરીકે આંબાભાઈ બાબુભાઈ મકવાણાની નિમણૂક કરાઈ



**કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ભુટકિયા મધ્યે વાગડ ચોવીસી ગુર્જર મેઘવંશી સમાજ સુધારણા સંગઠનમાં નવીન કારોબારીની રચના કરાઈ**

રાપર - કચ્છઉદય :સમાજ હોય કે સંગઠન હર હંમેશ નીતિ અને નિયમો મુજબ દર બે વર્ષે ત્રણ વર્ષે કે પાંચ વર્ષે સમાજના પ્રમુખ ઉપપ્રમુખ અને હોદ્દેદારોની વરણી થતી હોય છે તે નીતિ નિયમો મુજબ ગત તારીખ ૨૨/૦ ૨/ ૨૦૨૬ ના રોજ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ભુટકીયા ગામે ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સમાજવાડી મધ્ય શ્રી વાગડ ચોવીસી ગુર્જર મેઘવંશી સમાજ સુધારણા સંગઠનની સામાન્ય સભા મળી હતી જેમાં આ સંગઠનનો ઉદય થયો ત્યારથી પ્રમાણિકપણાથી ખંતથી નીતિમતાથી ઉદારતાથી જેઓએ સેવા કરી હતી એવા આંબાભાઈ બી મકવાણાને આ સંગઠનના પ્રમુખ પદે નિયુક્ત કર્યા હતા અને ઉપપ્રમુખ તરીકે વાલજીભાઈ હાજાભાઈ સોલંકી, નાનજીભાઈ એસ ગોહિલ ઉપપ્રમુખ તરીકે તેમજ મંત્રી તરીકે નાનજીભાઈ રૂપાભાઈ પરમાર, સહમંત્રી તરીકે કરસનભાઈ હરખાભાઈ ધેયડા જ્યારે સંગઠન મંત્રી તરીકે મહેશભાઈ ખીમાભાઈ પરમાર સહ સંગઠન મંત્રી તરીકે રામજીભાઈ નશાભાઈ ગોહિલ, અખાભાઈ આર. ગોહિલ, માદેવા ભાઈ એ. ધેયડા તેમજ મીડિયા સેલના કન્વીનર તરીકે કાંતિલાલ મસાભાઈ સોલંકી અને મીડિયા સહ કન્વીનર તરીકે સત્યના પ્રયોગો સાપ્તાહિકી અખબારના ગાંધીધામ જિલ્લા પ્રતિનિધિ રમેશભાઈ પચાણભાઈ મકવાણા તેમજ ખજાનચી તરીકે રામજીભાઈ ભાણાભાઈ પરમાર સહજાનચી તરીકે મુકેશભાઈમાનસંગ ભાઈ જાદવ સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે પૂર્વ પ્રમુખ શ્રી બી. એચ. ચાવડા તેમજ સલાહકાર સમિતિ ઉપાધ્યક્ષ તરીકે પૂર્વ પ્રમુખ શ્રી મુકેશભાઈ આર. પરમારની અને સલાહકાર તરીકે રામજીભાઈ ધનાભાઈ મુછડીયાની વરણી કરવામાં આવી હતી.

આ સમયે સંગઠનના સભ્યો અને સંગઠનના જાંબાઝશિક્ષકો જેમણે પોતાની સુઝબુઝ થી સંગઠન ને મજબૂત બનાવવાનો સિંહ ફાળો આપ્યો છે તેવા પંકજભાઈ એમ. પરમાર તેમજ મહેશભાઈ ડી.વાઘેલા વગેરે હાજર રહ્યા હતા તેવું મંત્રી શ્રી નાનજીભાઈ આર પરમારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# રાપરમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ઉજવણી





ગાંધીધામ - કચ્છઉદય : શહેર ખાતે વિશ્વ રત્ન મહામાનવ ભારતીય બંધારણના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે ડૉ. આંબેડકર યુવા ગ્રુપ, રાપર તાલુકા તેમજ સમસ્ત રાપર તાલુકા મેઘવાળ સમાજના સંયુક્ત ઉપક્રમે સંગઠિત સમાજ શક્તિશાળી સમાજના સુત્ર સાથે રેલી સાથે સામાજિક શક્તિ પ્રદર્શન યોજાયું હતું, જેમાં હજારોની જનમેદની ઉપસ્થિત રહી સમાજની એકતા દર્શાવી હતી.

રાપર ન્યાય કોર્ટ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને હારરોપાણ કરી રેલી શરૂ કરાઈ હતી, જે કન્યા છાત્રાલય, આથમણાનાકા, શાતિધામ, દૂધ ડેરી વિસ્તાર, સુખદધાર, સરકારી હોસ્પિટલમાં, સેલારી નાકા, બસ સ્ટેન્ડ, દેના બેંક ચોક, સરકારી હાઈસ્કૂલ સહિત શહેરના વિવિધ માર્ગે ફરી મેઘવાળ સમાજવાડી ખાતે ખાતે રેલી પુર્ણ થઈને જાહેરસભામા ફેરવાઈ હતી, જેમ હજારોની જનમેદની ઉમટી હતી. ડૉ. આંબેડકર યુવા ગ્રુપના સંયોજક અશોકભાઈ રાઠોડ, રાપર તાલુકા પ્રમુખ દિલીપભાઈ ગોહિલ, સુંદરભાઈ ચૌહાણ, હસમુખભાઈ ગોહિલ, કે.ડી. વાઘેલા , સંજય પરમાર, કાન્તિભાઈ રાઠોડ, સલારી દીલીપભાઈ ગોહિલ, ખાનચંદભાઈ ભાટી, બાબુભાઈ ભટ્ટ, રણસોડભાઈ મેરીયા, લાલજીભાઈ બોખાણી, નરેન્દ્રભાઈ મેરીયા, સુંદરભાઈ ચોહાણ, પ્રેમજીભાઈ સમીયા, હસમુખ ગોહિલ, અમરત કારીયા, સંજય રાઠોડ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, રાપર પીઆઈ આર. એલ. ખટાણા, પીએસઆઈ વી.એ. ઝા, પી.એલ. ફણેજા, એચ.વી. કાતરીયા સહિત પોલીસ કર્મચારીઓએ ફરજ બજાવી હતી.

# કચ્છ કચ્છનોંધ

**ઉમા યોગ કેન્દ્ર ભુજ**

● યોગગુરૂ કમલકાંતભાઈના વડપણ હેઠળ પ્રોજેક્ટ ચેરપર્સન ભાવનાબેન ઝવેરી દ્વારા ક્વોલિફાઈડ યોગ ટીચરોની ટીમ દ્વારા તા.૨૦-૪ થી ૨૫-૪ સુધી સાંજે ૫ થી ૬ ઉમા યોગ કેન્દ્રના હોલ, બેન્કર્સ કોલોની, ગેટ નં.૫, શ્રીજી સ્વીટવાળી ગલીમાં છેલ્લે, ભુજ ખાતે બર્ન ધ બેલી ફેટ, બિલ્ડ ધ કોન્ફીડન્સ, બેટર સ્લીપ, લેસ સ્ટ્રેસ, ક્લીયર માઈન્ડ, પોઝિટીવ વાઈબ્રેશન સહિતના યોગના વિવિધ આયામો કરાવવામાં આવશે. દરેક ઉંમરની વ્યક્તિ માટે નિઃશુલ્ક ક્લાસ રહેશે. ડ્રેસ કોડ ટી-શર્ટ, ટ્રાઉઝર, ટ્રેક પેન્ટ, કમ્ફર્ટેબલ ક્લોથ રહેશે. સમયથી પાંચ મિનિટ પહેલા પોતાનું સ્થાન લેવું. મેટ, ખુરશી અને વોશરૂમની વ્યવસ્થા છે. પાણીની બોટલ સાથે લઈને આવવું.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● કાવ્ય પઠન સાથે સાહિત્ય બેઠક તા.૧૮-૪ના સાંજે ૫ વાગે નરસિંહ ભગવાન મંદિર, નવા સ્વામિનારાયણ મંદિર સામે યોજવામાં આવશે.

# રત્નકણિકા

**સેનાપતિ વગરની સેના નષ્ટ થઇ જાય છે.- આચાર્ય ચાણક્ય**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. શવ્વાલ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ચૈત્ર વદ-૩૦ દર્શ અમાવસ્યા, પંચક (બપોરે ૧૨:૦૩ ક.થી સમાપ્ત) તા.૧૭ એપ્રિલ ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૨૮, રેવતિ નક્ષત્ર, વિષ્કુંભ યોગ, નાગ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૨આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), બપોરે ૧૨:૦૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

| રાશિ | |
|---|---|
| મેષ | આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે. |
| વૃષભ | દરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય. |
| મિથુન | મળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય. |
| કર્ક | વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે. |
| સિંહ | ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય. |
| કન્યા | નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય. |
| તુલા | વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે. |
| વૃશ્ચિક | અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો. |
| ધન | વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે. |
| મકર | મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે. |
| કુંભ | સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા. |
| મીન | મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય. |

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન : દેશલપુર (કંઠી) ના અ. સૌ. પારૂલ કેતન વીરા (ઉં. વ. ૬૩) તા. ૧૪-૪-૨૬ના અવસાન પામેલ છે. હેમલતા વલ્લભજીના પુત્રવધુ. કેતનના પત્ની. યથ્વીના મમ્મી. શાંતાબેન કલ્યાણજી વિશ્રાણીના પુત્રી. જયંત, અજય, પલ્લવીનાબેન.

નાના ભાડીયા : નેમજી રવજી (મગન) વરજાંગ મારૂ (ઉં. વ. ૭૯) તા ૧૫-૪-૨૬ના અવસાન પામેલ છે.કુંવરબાઈના સુપુત્ર. શીલાના પતિ. કૌશીક, હેતલના પિતા. દેશલપર જયવંતી લખમશી વીરાના જમાઈ. અરવિંદ, ભરત, કિર્તીના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. કોશિક મારૂ, ૧૧૦૨-સ્પાન એક્સલેન્સી, ડી માર્ટ મોલની બાજુમાં, ૧૫૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ).


મોટા આસંબીયા : હાલ ઘાટકોપરના માતુશ્રી જયાબેન બાબુભાઈ ગાલા (ઉં. વ. ૯૫) તા. ૧૬-૪-૨૬ના સંથારો સીજેલ છે. સ્વ. બાબુભાઈના પત્ની. માતુશ્રી વેલબાઈ ઉમરશી જેઠા ગાલાના પુત્રવધૂ. ગામ તલવાણાના માતુશ્રી જેતબાઈ દેવરાજ રાજુ પોલડિયાના પુત્રી. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. જયાબેન ગાલા, ૨૦૧, ઉદયભાનું, એમ. જી. રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# ભુજ નગરપાલિકાના વોર્ડ નં.૭માં કોંગ્રેસના ઉમેદવારોનો ઝંઝાવતી પ્રચાર

**પરિવર્તનના સંકલ્પ સાથે જનસંપર્ક તેજ**





ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી ચૂંટણીને અનુલક્ષીને વોર્ડ નં. ૭ માં રાજકીય માહોલ ગરમાયો છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા આ વોર્ડમાં મજબૂત અને સેવાભાવી ઉમેદવારો ને મેદાને ઉતારવામાં આવ્યા છે. જેમાં ક્રમાંક ૧ પર જ્યોતિબેન મૂળજીભાઈ ગોહિલ અને ક્રમાંક ૨ પર નવદીપસિંહ રામદેવસિંહ જાડેજા ચૂંટણી લડી રહ્યા છે. હાલમાં બંને ઉમેદવારો દ્વારા વોર્ડના વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ જનસંપર્ક દરમિયાન ઉમેદવારોને મતદારો તરફથી ખૂબ જ ઉત્સાહજનક અને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. લોકો પાયાની સુવિધાઓ અને લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નોને લઈને પરિવર્તન ઈચ્છી રહ્યા હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ઉમેદવારો પોતાના સંકલ્પ પત્ર સાથે લોકોની વચ્ચે જઈ રહ્યા છે. કોંગ્રેસની આ પેનલ દ્વારા વોર્ડ નં. ૭ના વિકાસ માટે અનેક મહત્વના વાયદાઓ કરવામાં આવ્યા છે, જેમાં પીવાના શુદ્ધ પાણીની કાયમી વ્યવસ્થા, ગટરની સમસ્યામાંથી મુક્તિ, નિયમિત સફાઈ અને ડોર ટુ ડોર કચરો ઉપાડવાની સુવિધાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહિલાઓ અને બાળકો માટે બગીચાઓનું નિર્માણ, સુરક્ષા માટે સીસીટીવી કેમેરા અને લોકોની રજૂઆતોના ત્વરિત નિકાલ માટે ૨૪ કલાક કાર્યરત વોર્ડ ઓફિસ શરૂ કરવાની ખાતરી આપવામાં આવી છે. ઉમેદવારોએ જણાવ્યું છે કે તેઓ માત્ર મતો મેળવવા નહીં પણ લોકોની સેવા કરવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં આવ્યા છે.

ઉમેદવારોના વ્યક્તિગત પરિચય પર નજર કરીએ તો નવદીપસિંહ જાડેજા એક સૈનિક પરિવારમાંથી આવે છે અને સામાજિક સેવાનો વારસો ધરાવે છે, જ્યારે જ્યોતિબેન ગોહિલ મહિલા સશક્તિકરણ અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી ચૂક્યા છે. પ્રચાર દરમિયાન મતદારો દ્વારા મળી રહેલા આવકારથી ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓ આ વખતે વોર્ડમાં પરિવર્તન આવશે તેવો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે. આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં કોંગ્રેસની પેનલને વિજયી બનાવવા માટે કાર્યકરો અને સમર્થકો દ્વારા પણ એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે.

# અચલગચ્છ જૈન સંઘ ભુજ આયોજીત પારણોત્સવના પ્રથમ દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા




ભુજ-કચ્છઉદય : અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશીર્વાદથી તથા પ. પૂ. આ. ભ. કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.નાં રજત વર્ષીતપની અનુમોદનાર્થે ભુજમાં ૫૮ તપસ્વીઓ વર્ષીતપની આરાધના કરી રહ્યા છે. જેના ઈક્ષુરસનાં પારણા પ્રસંગે સમગ્ર કચ્છનાં તપસ્વી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાના પારણા ભક્તિનો અનેરો અવસર ભુજ અચલગચ્છ જૈન સંઘને સાંપડ્યો છે. અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે ભુજ અચલગચ્છ જૈન સંઘ આયોજીત વર્ષીતપ પારણોત્સવ તા. ૧૭-૪ થી ૧૯-૪ સુધી પ. પૂ. આ. ભ. મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાય પૂર્ણભદ્રસાગરજી મ. સા., આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પાવન નિશ્રામાં ઉજવાઈ રહ્યો છે. તા. ૧૭ મહોત્સવનાં પ્રથમ દિવસે સામુહિક સ્નાત્રપૂજા યોજાઈ હતી. જેનો લાભ પ્રવિણચંદ્ર કરમચંદ શાહ પરિવાર હ. કથન અને ગાથા (વિલાસબેન, પુનિત અને રિદ્ધિના વર્ષીતપની અનુમોદનાર્થે) તથા વોરા દિવાળીબેન ખેતશીભાઈ પરિવાર (પ્રીતીબેન પ્રકાશભાઈ વોરાનાં વર્ષીતપની અનુમોદનાર્થે) બપોરે મહેંદીરસમ અને સાંજી ગીત કાર્યક્રમ યોજાયો હતો. જેનો લાભ માતુશ્રી લીલાવંતીબેન રવીલાલ પોપટભાઈ વોરા (કુનરિયાવાલા, હાલે ભુજ) પરિવાર (અતુલ, ભાવિની, રાજ, જલ્પા તથા ભાવનાબેન-અતુલભાઈના સામુહિક વર્ષીતપની અનુમોદનાર્થે), માતૃશ્રી મંગળાબેન રવિલાલ નથુભાઈ ઝવેરી પરિવાર (યશ્વી, કવિતા, મમતા, સંજુના વર્ષીતપની અનુમોદનાર્થે), જેમાં સંગીતકાર નિશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ સંગીતની ભારે રમઝટ જમાવી હતી. જયારે રાત્રે ૮-૩૦ કલાકે સાંસ્કૃતિ કાર્યક્રમો, ભક્તિ ભાવના તથા દાતાઓના સન્માનનો કાર્યક્રમ ટાઉનહોલ ભુજ મધ્યે યોજાયો છે. તા.૧૮-૪ દ્વિતીય દિવસે સવારે ૯ કલાકે સિદ્ધાચલ ભાવયાત્રા પૂજન રાત્રે ૮-૩૦ કલાકે સંગીતનાં સથવારે તપસ્વીઓનું બહુમાન વિગેરે કાર્યક્રમો જૈન ગુર્જરવાડી વાણિયાવાડ ભુજ મધ્યે યોજાયા છે. કાર્યક્રમને સફળ બનાવવા મહેન્દ્રભાઈ ડી. શાહ, ભરતભાઈ બી. શાહ, ચન્દ્રકાન્તભાઈ કે. વોરા, દીપકભાઈ એન. શાહ, ભરતભાઈ સી. શાહ, રાજેશ સી. શાહ, હર્ષદભાઈ બી. શાહ, તેજભાઈ એચ. શાહ, પુનિતભાઈ પી. શાહ સહિત ટ્રસ્ટીગણ તથા ગચ્છનાં આગેવાનો-કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમોમાં ભાવિકોની વિશાળ ઉપસ્થિતિ રહી હતી.

# ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર-૧માં ભાજપનું ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકાયું

**વિકાસના મુદ્દે વોર્ડ નંબર એક નવો ઈતિહાસ રચશે : ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા જનમેદની વચ્ચે વિજય વિશ્વાસ વ્યક્ત કરાયો**







ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વોર્ડ નંબર એકમાં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચાર કાર્યાલયનું અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વખતે વોર્ડ નંબર એક ચૂંટણી પરિણામોમાં નવો ઈતિહાસ સર્જશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર હોય કે ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકાર, ભાજપે હંમેશા નાત-જાત કે પક્ષના ભેદભાવ વગર છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનો અભિગમ રાખ્યો છે. ખાસ કરીને આયુષ્માન કાર્ડ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના પાંચ લાખમાં રાજ્ય સરકારે બીજા પાંચ લાખ ઉમેરીને કુલ દસ લાખ રૂપિયા સુધીની મફત સારવારની જે વ્યવસ્થા કરી છે, તે નાગરિકો પ્રત્યેની સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ છે. ધારાસભ્યએ ઉમેર્યું કે કોરોના કાળ જેવી કપરી પરિસ્થિતિમાં પણ ભાજપ સરકારે દરેક નાના માણસની પડખે રહીને સેવા કરી છે. ચૂંટણી પ્રચાર કાર્યાલયના પ્રારંભ પ્રસંગે લોકોનું આટલી મોટી સંખ્યામાં ઉમટી પડવું એ પરિવર્તન અને વિશ્વાસનો સ્પષ્ટ સંકેત છે.

આ પ્રસંગે વોર્ડ નંબર એકના ભાજપના ઉમેદવારો નરેન્દ્ર વિશનજી ભાટીયા, ઈમ્તિયાઝ ફકીરમામદ સોઢા, હમીદાબેન નાસીરહુસેન ખત્રી અને સીમાબેન આમદ કુંભારે પણ સ્થાનિક નાગરિકોને સંબોધન કર્યું હતું. ઉમેદવારોએ જણાવ્યું હતું કે તેઓ આ જ વિસ્તારના વતની હોવાથી વોર્ડની દરેક સમસ્યાઓથી પરિચિત છે. તેમણે મતદારોને ખાતરી આપી હતી કે ચૂંટાયા બાદ તેઓ પીવાના શુદ્ધ પાણીની નિયમિત સપ્લાય, હમીરસર તળાવ ઓગનવાથી સર્જાતી જળબંબાકારની સ્થિતિનો કાયમી ઉકેલ અને ગટર તથા સફાઈ વ્યવસ્થાને પ્રાથમિકતા આપશે. વિશેષમાં ભારતનગર પાસેના પુલને પહોળા કરવા અને વિસ્તારના રમતગમત પ્રેમીઓ માટે ખાસરાના મેદાનની વ્યવસ્થિત બાઉન્ડ્રી બનાવી તેને સુવ્યવસ્થિત કરવા માટે તેઓ કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, રાહુલભાઈ ગોર અને દેવરાજભાઈ ગઢવી સહિતના અનેક અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકરો અને મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# લોકશાહીના મૂલ્યોના જતન માટે કોંગ્રેસ દ્વારા ભુજમાં લોકશાહી બચાવો ધરણાં યોજાયા




**ભાજપ સરકાર અને વહીવટી તંત્રની જોહુકમી સામે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ એસ.પી. કચેરી પાસે વિરોધ પ્રદર્શન કર્યું**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આજે લોકશાહીના અધિકારોના રક્ષણ અને વહીવટી તંત્રની નિષ્પક્ષતા સામે કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભુજમાં જ્યુબિલી સર્કલ પાસે આવેલી એસ.પી. કચેરી ખાતે સવારે "લોકશાહી બચાવો ધરણાં" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન લોકશાહીના મૂલ્યો અને સિદ્ધાંતોની થઈ રહેલી કથિત હત્યાના વિરોધમાં કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

આ ધરણાં કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં ભાજપ સરકારના ઈશારે પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ તટસ્થ રહેવાને બદલે સત્તાધારી પક્ષના કાર્યકર તરીકે વર્તી રહ્યા છે. ઉમેદવારોને ફોર્મ ભરતા રોકવા, ધાક-ધમકી આપવી અને ડરાવી-લલચાવીને ઉમેદવારી પત્રો પાછા ખેંચાવવા માટે સરકારી તંત્રનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો હતો. આ બાબતે રાજ્યના ચૂંટણી પંચને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા અંતે કોંગ્રેસે જનતાના અધિકારોના રક્ષણ માટે રસ્તા પર ઉતરવાની ફરજ પડી હતી.

આજના આ વિરોધ પ્રદર્શનમાં કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી અરજણભાઈ ભુડિયા, ગનીભાઈ કુંભાર તેમજ જિલ્લા મંત્રી પ્રજ્ઞેશભાઈ ચોથાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ભુજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ લાખાજી સોઢા, ધીરજભાઈ ગરવા, ભુજ શહેર કોંગ્રેસ મહામંત્રી કપીલભાઈ મહેતા અને અંજલી ગોર સહિતના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ ધરણાંમાં જોડાઈને વહીવટી તંત્ર સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. લોકશાહીનું હનન કરનારા જવાબદાર પોલીસ અને વહીવટી અધિકારીઓ સામે તાત્કાલિક કડક પગલાં ભરવા માંગ કરી હતી.

# કચ્છ જિલ્લામાં ટેટ અને એચટાટ પરીક્ષા કેન્દ્ર ફાળવવા રજૂઆત

**કચ્છ જિલ્લા પ્રા. શિક્ષક સંઘે રાજ્યસંઘને પત્ર લખ્યો**

ભુજ - કચ્છઉદય : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ટેટ-૧, ટેટ-૨ અને એચટાટની પરીક્ષાઓ માટે કચ્છ જિલ્લાના હજારો ઉમેદવારો દર વર્ષે અરજી કરે છે. પરંતુ કચ્છ જિલ્લામાં આ પરીક્ષાઓ માટે પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતું ન હોવાથી ઉમેદવારોને ખૂબ મુશ્કેલીઓ પડે છે. આ બાબતે કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, મહામંત્રી કેરણા આહિર, હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતનાઓ દ્વારા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલને પત્ર લખી સરકારમાં રજૂઆત કરવા માંગ કરી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે ખૂબ મોટો છે. ઉમેદવારોએ ૪૦૦ થી ૫૦૦ કિ.મી દૂર રાજકોટ, અમદાવાદ કે અન્ય જિલ્લામાં પરીક્ષા આપવા જવું પડે છે. જેના કારણે મુસાફરીનો સમય, આર્થિક ખર્ચ અને માનસિક તાણ વધે છે. કચ્છમાં મોટી સંખ્યામાં મહિલા ઉમેદવારો છે. દૂરના કેન્દ્રો પર પરીક્ષા આપવા જવું, રાત્રિ રોકાણ કરવું તેમના માટે ખૂબ અસુવિધાજનક અને સલામતીની દૃષ્ટિએ જોખમી બને છે. વળી,કચ્છ જિલ્લામાં ભુજ, ગાંધીધામ, અંજાર, ભચાઉ, માંડવી જેવા શહેરોમાં સુસજ્જ શાળાઓ, કોલેજો તથા પરીક્ષા માટેની તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. છતાં પરીક્ષા કેન્દ્ર ફાળવાતું નથી તે દુઃખદ છે. રાજ્યના અન્ય તમામ જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવે છે. કચ્છના ઉમેદવારોને પણ સમાન તક મળવી જોઈએ, જેથી તેઓ કોઈપણ ભય કે તાણ વગર પરીક્ષા આપી શકે. કચ્છ જિલ્લાના ઉમેદવારોના વિશાળ હિતને ધ્યાને લઈ, રાજ્ય પરીક્ષા બોર્ડ તથા શિક્ષણ વિભાગમાં યોગ્ય રજૂઆત કરીને આગામી ટેટ-૧, ટેટ-૨, એચટાટ અને ટેટ સેકન્ડરી , હાયરસેકન્ડરી સહિતની પરીક્ષા માટે કચ્છ જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## કચ્છ સહિત રાજ્યના પ્રા. શિક્ષકો હજી માર્ચ મહિનાનો પગારથી વંચિત

ભુજ - કચ્છઉદય : માર્ચ એન્ડિંગના કારણે એક તો રાજ્યમાંથી ગ્રાન્ટ મોડી આવવાના કારણે તથા રજાઓ આવતાં અને તેમાં વળી પ્રેઈસા સોફટવેર ખોટકાતા એપ્રિલ મહિનો અડધો પૂરો થઈ ગયો હોવા છતાં કચ્છ સહિત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓના પ્રાથમિક શિક્ષકોને હજુ માર્ચ મહિનાનો પગાર નશીબ નથી થયો. જેથી મકાન લોન, હોમ લોન, કાર લોન ભરતા શિક્ષકો મુશ્કેલીમાં મૂકાયા છે.હાલ સમગ્ર રાજ્યમાં પ્રેઈસા સોફટવેરથી જ શિક્ષકોના પગાર અને એરિયર્સ બીલોની ચૂકવણી કરવામાં આવે છે. પ્રેઈસા સોફટવેરના કારણે શિક્ષકોના પગાર હાલ અટવાયા છે. ગુરુવારે આખા રાજ્યમાં પ્રેઈસા સોફટવેર કોઈ કારણસર બંધ હતું. છેલ્લા ત્રણ માસથી ગ્રાન્ટ મોડી ફાળવવી, ડ્રાફટ મોડા મળવા અને પ્રેઈસા સોફટવેરમાં એરરના કારણે સમગ્ર રાજ્યના ૯૦% જિલ્લાઓમાં ૧૫મી તારીખ પછી જ શિક્ષકોના પગાર થાય છે. જેથી શિક્ષકોને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બાબતે નીતિ અથવા સિસ્ટમમાં ફેરફાર કરવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલ દ્વારા રાજ્યના બંને શિક્ષણમંત્રીઓ ડૉ. પ્રદ્યુમન વાજા અને રીવાબા જાડેજા સમક્ષ રજુઆત કરવામાં આવી છે. પ્રેઈસા સોફટવેરમાં વારંવાર ટેકનિકલ એરર આવે છે અને તે પણ પગારની તારીખોમાં આવું વધારે બને છે. તો પ્રેઈસા સોફટવેર બાબતે કાયમી નિરાકરણ મળે અને શિક્ષકોના પગાર સમયસર થાય તે બાબતે યોગ્ય થવા રાજ્યસંઘ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હોવાનું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા અને ઉપપ્રમુખ વિલાસબા જાડેજાએ જણાવ્યું હતું.

# નરેડી તાલુકા પંચાયત સીટના ઉમેદવાર પરેશસિંહ બનુભા જાડેજાનો વેગીલો પ્રચાર





નલિયા : નરેડી સીટ પર ભાજપના ઉમેદવાર પરેશભાઈ બનુભા જાડેજા દ્વારા વેગીલો ચૂંટણી પ્રચાર બાલાચોડ શરૂ કરાયો છે.

બાલાચોડ નાની મધ્યે પ્રવાસ કરવામાં આવ્યો જેમાં બાલાચોડ નાની ભાનુશાલી સમાજ તથા રબારી સમાજ તથા મહેશ્વરી સમાજના અગ્રણીઓ અને સામાજિક અગ્રણીઓ જોડાયેલા હતા.બાલાચોડ નાની ખાતે તમામ ગ્રામજનોએ પરેશસિંહ બનુભાને સંપૂર્ણ ખાતરી આપી બહુ મતથી જીતાવવા ગ્રામજનોએ આશ્વાસન આપેલ હતું આ પ્રચારમાં ઉપસ્થિત નરેડી તાલુકા પંચાયત સીટના ઉમેદવાર શ્રી પરેશસિંહ જાડેજા, પરસોતમભાઈ મારવાડા, સામતભાઈ ગોરડીયા તથા બાલાચોડ ગામના આગેવાન અને અબડાસા તાલુકાના ઉપપ્રમુખ અનિલ ભાનુશાલી, સિકંદર લુહાર, મોહન ભાનુશાલી, મહેન્દ્ર ભાનુશાલી રામજી મહેશ્વરી, લાલજી મહેશ્વરી, જેરામભાઈ મહેશ્વરી, પરેશ રબારી, બુધાભાઈ રબારી, આશાભાઈ રબારી, દેવાભાઈ રબારી સહિતના સૌ ગામના આગેવાનો જોડાયા હતા.

# નલિયાના મફતનગરમાં ભાજપ ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાને અપાયો આવકાર





નલિયા : નલિયા બેઠકના ભાજપના જિલ્લા પંચાયત ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાને ભાવભીનો આવકાર મફતનગરના પ્રચાર દરમિયાન અપાયો હતો.

ભાજપના નલિયા સીટના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાને નલિયાના મફતનગર વિસ્તારમાં આવકાર મળ્યો હતો.ગાંધીધામ - મુન્દ્રાના માજી ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, જીલ્લા ભાજપ મંત્રી પરેશભાઈ ભાનુશાલી સહિતના અગ્રણીઓ સાથે વિસ્તારમાં પ્રચાર કર્યો હતો.ભાજપ દ્વારા છેવાડાના માનવી માટે થઈ રહેલા કામોની રમેશભાઈ મહેશ્વરી દ્વારા માહિતી અપાઈ હતી.મહાવીરસિંહ જાડેજા દ્વારા સરપંચથી લઈ સાંસદ સુધી ભાજપની ડબલ એન્જિન સરકારમાં ખૂટતી કડી જોડવા ભાજપને તાલુકામાં મત આપવા અપીલ કરી હતી. પ્રચારમાં ગાંગજીભાઈ ભરડીયા, યુવા ભાજપ પ્રમુખ હર્ષરાજસિંહ જાડેજ, નલિયા સરપંચ રામજીભાઈ કોલી, વિશાલ કટુવા, દેવરાજભાઈ કટુવા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સાડાઉમાં વાડીમાં ૧.૩૨ લાખના વાયર ચોરાયા

ભુજ - કચ્છ ઉદય : મુન્દ્રા તાલુકાના સાડાઉ ગામની સીમમાં આવેલ વાડીઓમાંથી કેબલ ચોરાયા હતા. ફરિયાદી કાસમ જાકબ સાંધના જણાવ્યા પ્રમાણે ફરિયાદી અને સાહેદોની માલિકીની ખેતીની જમીનમાં ખેતી કરવા માટે બનાવેલા પાણીના બોરમાં ચોરી કરવામાં આવી હતી. ફરિયાદી તથા સાહેદ સિકંદર જુણેજા, મહેશ મહેશ્વરીની વાડીમાંથી મળી કુલ ૪૨,૫૦૦ ના કેબલની ચોરી કરવામાં આવતા મુન્દ્રા મરીન પોલીસે ગુનો દાખલ કર્યો હતો. દરમિયાન અન્ય ફરિયાદી જયંતીલાલ વાલજી પટેલે ગુનો દાખલ કરાવતા જણાવ્યું કે, તેમની વાડીમાંથી પાણીના બોરના કેબલ તેમજ દિલીપભાઈ ઝાલા, વસીમભાઈ નોડેની વાડીમાંથી મળી કુલ ૮૯,૫૦૦ ના વાયરની ચોરી કરવામાં આવી હતી. આમ, કુલ છ વાડીઓમાંથી ૧.૩૨ લાખના વાયર ચોરાયા છે. બનાવ અંગે મુન્દ્રા મરીન પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાપરમાં આંકડાના ખેલી પકડાયા

રાપર - કચ્છ ઉદય : શહેરમાં દેના બેંક ચોક શિવ શેરીમાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રાપર પોલીસે કાર્યવાહી કરીને મોહનલાલ સ્વરૂચંદ્ર ઠક્કર અને અબ્દુલ સુમારભાઈ કુંભારને પકડી રોકડા રૂા.૧૮,૩૨૦ અને આંકડાની ચીઠ્ઠીઓ અને બે મોબાઈલ કબજે ગુનો દાખલ કર્યો હતો.

# છ બિનવારસુ લાસોની અંતિક્રિયા કરાઇ

ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા બિનવારસ છ જેટલી લાસોની અંતિમક્રિયા કરવામાં આવી હતી. છ બિનવારસ લાસો ઓળખવિધિ માટે રાખ્યા બાદ તેઓનું કોઈ સગું-સાવકું ન મળતા પોલીસ રિપોર્ટ અને મૃત્યુના દાખલા સાથે માનવજ્યોત સંસ્થા ભુજને સોંપવામાં આવતાં સંસ્થાનાં પ્રબોધ મુનવર, રસીક જોગી, હિતેશ ગોસ્વામી,વિક્રમરાઠી, રફીક બાવાએ શાસ્ત્રોક્તવિધિથી તેઓની અંતિમક્રિયા કરી હતી. સામખીયારી, જખૌ, માધાપર, પદ્ધર, ગાંધીધામ, ભુજ ગામોમાંથી અજાણ્યા પુરુષ છની બિનવારસ લાસ અંતિમ વિધિ ભુજની માનવજ્યોત સંસ્થા દ્વારા કરવામાં આવેલ. માનવતાના આ કાર્યમાં રોટરી ફલેમિંગો ચેરીટેબલ સોસાયટી, ભુજ નગરપાલિકા સ્વર્ગ પ્રયાણધામગેસ આધારીત ખારી નદી સ્મશાન ગૃહે સહકાર આપ્યો હતો.

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા અત્યાર સુધીમાં ૮૨૫ બિનવારસ લાસોની અંતિમક્રિયા કરવામાં આવી છે. દરેકનાં મૃત્યુનાં પ્રમાણપત્રો તથા પોલીસ રિપોર્ટ સાચવી રાખવામાં આવ્યા છે. અસ્થિઓ માટલામાં ભરી રાખવામાં આવે છે. દર વર્ષે શાસ્ત્રોક્ત વિધિ સાથે અસ્થિઓ ધ્રબુડી પાસે દરિયા કિનારે વિસર્જન કરવામાં આવે છે.


## મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ

**::: જાહેર ખુલાસો :::**

જય માતાજી

મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ અને સર્વે સનાતન સમાજના તમામ ભાઈઓ અને વડીલોને સ્પષ્ટ જાણ કરવામાં આવે છે કે તા. ૧૯/૦૪/૨૦૨૬ ના રોજ મહારાણા પ્રતાપ પ્રતિમાનું અનાવરણ નામે યોજાતો કાર્યક્રમ મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત નથી તેમજ આ અંગે કોઈપણ સત્તાવાર મંજૂરી, સહમતિ કે નિર્ણય સમાજના પ્રમુખશ્રી, ટ્રસ્ટી મંડળ અથવા જવાબદાર હોદ્દેદારો દ્વારા લેવામાં આવેલ નથી.

આ કાર્યક્રમ અંગે અગાઉ પણ લેખિત રીતે રજૂઆત કરવામાં આવી હોવા છતાં, જાણતા હોવા છતાં સમાજના નામનો ઉપયોગ કરીને કાર્યક્રમ યોજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે સમાજને ભ્રમિત કરવાનો અને સમાજની એકતા ભંગ કરવાનો પ્રયાસ ગણાય છે.

અગાઉ પણ આ કાર્યક્રમ માટે ત્રણ વખત તારીખો નક્કી કરવામાં આવી હતી, પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તે મુલતવી રાખવામાં આવી હતી. હાલ ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલમાં આ કાર્યક્રમને રાજકીય રૂપ આપવામાં આવી રહ્યું છે, જે સમાજના સિદ્ધાંતો અને પરંપરા વિરુદ્ધ છે. સમાજ કોઈપણ પક્ષને લાભ થાય તેવા કાર્યોમાં જોડાતો નથી.

આથી મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ તરફથી તમામ ભાઈઓ અને વડીલોને, યુવાનોને અપીલ કરવામાં આવે છે કે તા. ૧૯/૦૪/૨૦૨૬ ના કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ હાજર રહે નહિ કે તેમાં જોડાય નહિ.

જો સમાજના નામનો દુરુપયોગ કરીને અથવા સમાજના નિર્ણય વિરુદ્ધ કોઈપણ પ્રવૃત્તિ કરવામાં આવશે તો તે બાબતે સમાજ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવશે, તેની નોંધ લેશો.

મહારાણા પ્રતાપજીના પ્રતિમાનું અનાવરણ અગાઉથી નક્કી કરેલ તારીખ ૦૯/૦૫/૨૦૨૬ (મહારાણા પ્રતાપ જન્મજયંતિ) ના પવિત્ર દિવસે, સમાજની સર્વસંમતિ અને યોગ્ય આયોજન સાથે જ કરવામાં આવશે. સમાજની એકતા, ગૌરવ અને પરંપરા જાળવવી આપણી સૌની જવાબદારી છે.

**લી. દીલાવરસિંહ બી.જાડેજા**
**પ્રમુખશ્રી મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ**
**સર્વ ટ્રસ્ટીઓશ્રી મુન્દ્રા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ**



## ::: ટેન્ડર નોટિસ :::

**કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**

આથી જણાવવામાં આવે છે કે, અનુભવી કોન્ટ્રાક્ટર પાસેથી ગામ : રાયણ મોટી, તાલુકો : માંડવી-કચ્છના શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ટ્રસ્ટના ઉપાશ્રય સંકુલના નવા બાંધકામ માટે માલમટીરિયલ્સ સાથેના કામના ભાવ મગાવવામાં આવે છે. કામની અંદાજિત ટેન્ડર કિંમત રૂા. (નોન રિફંડેબલ) ૨૦૦૦/- રૂપિયા રહેશે. ભાવ ભરેલ ટેન્ડર સાથે ૨,૦૦,૦૦૦નો અનામત ચેક શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સંસ્થાના નામનો આપવાનો રહેશે.

ટેન્ડર મેળવવાની તારીખ ૧૭/૪/૨૦૨૬થી તારીખ ૨૦/૪/૨૦૨૬ રહેશે. જ્યારે ભાવ ભરેલ સીલબંધ ટેન્ડર તારીખ ૨૨/૪/૨૦૨૬ સુધી પરત આપવાના રહેશે.


ટેન્ડર મેળવવાનું તેમજ ભાવ ભરેલ ટેન્ડર પરત આપવાનું સ્થળ શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની ઓફિસ રહેશે. ઓફિસ સમય સોમવાર સવારે ૯:૦૦થી ૧૨:૦૦ અને બપોરે ૩:૦૦થી સાંજે ૫:૩૦ વાગ્યા સુધીનો રહેશે. કોઈ પણ ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાની સત્તા સંસ્થાને અબાધિત રહેશે.

**: ટેન્ડર બહાર પાડનાર :**
**શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
**ટ્રસ્ટ રજિ. નંબર : A-249 (Kutch)**
**ગામ : રાયણ મોટી, તાલુકોઃ માંડવી-કચ્છ**

**ભાઈલાલભાઈ ગાલા**
**મોબાઈલ નં. +91 77383 85183**



## ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષમાં જોડાયા



**શ્રી મંગલભાઇ કે. બળિયા**
પ્રમુખશ્રી નવદુર્ગા નવરાત્રી મિત્ર મંડળ મહેશ્વરીનગર - ગાંધીધામ

છેલ્લા ૩૫ વર્ષથી ભાજપમાં સક્રિય રહી અને ભાજપ એસ. સી.મોરચાના શહેરમંત્રી પદ ધરાવતા મહેશ્વરી સમાજના ગાંધીધામ મહાનગરપાલીકાના વોર્ડ નં.૧૦ ના પ્રતિષ્ઠિત આગેવાનશ્રી મંગલભાઇ કે. બળિયા ભાજપની ભ્રષ્ટાચારી નિતિરીતીઓ અને ગરીબ તથા નબળા વર્ગના લોકોને અન્યાયકારી વલણથી બાજ આવી તેમના સમગ્ર કાર્યકરોની ટીમ સાથે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિચારધારા ને અપનાવી કોંગ્રેસ પક્ષમાં જોડાતા સમગ્ર કોંગ્રેસ પાર્ટી તેમને આવકારે છે.

# કચ્છ આવેલા પ્રવાસી કચ્છની આતિથ્ય અને લાગણીની ભાવનાથી ગદગદ : ગૃહમંત્રીએ પણ નોંધ લીધી

**સમગ્ર દેશના પ્રવાસે નીકળેલા ગુજરાત બહારના રાજ્યના પ્રવાસીનું જ્યારે કચ્છના નિર્જન રસ્તા વચ્ચે પેટ્રોલ ખૂટી પડ્યું ત્યારે કચ્છની માનવતા અને પરોપકારની ભાવના મહેંકી ઉઠી : કચ્છ અને ગુજરાતના લોકોની બીજાને મદદરૂપ થવાની લાગણીની ભાવનાથી ગદગદ થયેલો પ્રવાસી : આવા જ સંવેદનશીલ અને પરોપકારી સૌના સહૃદય ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઘટનાની તરત નોંધ લીધી**







ભુજ-કચ્છઉદય : દિલાવરોની ધીંગી ધરા કચ્છમાં બીજા રાજ્યના ફરવા આવેલા બાઈક સવાર પ્રવાસીને કચ્છ અને ગુજરાતની ધરતીની માનવતાની મહેંકનો સ્વાનુભવ થતાં અત્યંત પ્રભાવિત થઈ અને ગદગદ થઈ ગયાની એક સુંદર ઘટના સામે આવી છે. બન્યું એવું કે કોઈ ગુજરાત બહારના રાજ્યના કોઈ એક યુવાન પોતાના સાહસિક સ્વભાવને કારણે બાઈક લઈ અને ભારત ભ્રમણ માટે નીકળી પડ્યા હતા. પણ તેમને કચ્છના લાંબા રસ્તાઓ અને વિસ્તાર વિશે જાણકારી નહોતી..? આખું ભારત ફરતાં ફરતાં આવેલા તેમને એવી કલ્પના જ નહોતી કે ૮૦ કિલોમીટર સુધી રસ્તામાં કોઈ જ પેટ્રોલ પંપ અથવા તો ખાસ મોટું કોઈ સ્થળ પણ નહિ આવે અને સતત દોડતી અને ૮૦ કિલોમીટરનું અંતર કાપી ગયેલી તેમની બાઈક રણમાંથી પસાર થઈ રહી હતી ત્યારે દોડી દોડી અને "ખાલી પેટે" થાકી ગઈ હોય તેમ ઊભી રહી ગઈ. બાઈકનું પેટ્રોલ પૂરું થઈ ગયું હતું. માથે ધોમધખતો તડકો અને પાછળ જુએ તો ક્યાંય સુધી ફક્ત ખાલી નિર્જન રસ્તો અને આગળ પણ એવું જ એટલું સારું હતું કે તેમની પાસે પીવાનું પાણી હતું. મોબાઈલનું નેટવર્ક પણ પકડાતું નહોતું અને કદાચ નેટવર્ક મળી જાય અને ફોન કરે તો પણ કોને કરે..? કેમ કે જેમને તે ઓળખતા હતા તે તો ગુજરાત બહાર દૂર-દૂરના વિસ્તારોમાં હતા અને આવા નિર્જન રસ્તા પર આવશે પણ કોણ...? એવા વિચારથી બે મિનિટ માટે તો તેમને અનેક વિચાર આવી ગયા. પણ પછી તેમણે તેમના આરાધ્યનું સ્મરણ કર્યું અને સામેથી એક ભાઈ આવતા દેખાયા. એટલે તેમને હાથ રાખી અને ઊભા રાખ્યા. તેને વાત કરી કે પેટ્રોલ ખૂટી પડ્યું છે એટલે એ ભાઈએ તેમને પેટ્રોલ માટે પૈસા આપવાની ઓફર કરી અને જરૂર પડે તો પોતાની સાથે પેટ્રોલ લેવા માટે બાઈકની પાછળ બેસી જવા પણ કહ્યું અને આવતા જતા કોઈકની સાથે પાછા મોકલી દેશે તેમ પણ કહ્યું એટલે પહેલા પ્રવાસીએ જણાવ્યું કે પૈસા તો મારી પાસે છે.પણ પેટ્રોલ ક્યાંથી અને કેવી રીતે જઈને ભરાવું. આવી ચર્ચા ચાલુ હતી ત્યાં જ બે યુવાન આવે છે અને યુવાનીમાં હજુ તો પગ જ મૂક્યો હોય તેવા છોકરા જેવા લાગતા આ બંને જણા સમસ્યાને જાણી લે છે.

પરપ્રાંતીય પ્રવાસી સાથે ઉભેલા પેલા આપણા કચ્છી ભાઈને કહે છે કે તમે આમને વીસ મિનિટ કંપની આપો અને હિંમત આપો અહીં ૧૨ કિલોમીટર દૂર પેટ્રોલ પંપ છે અમે ત્યાં જઈ અને પેટ્રોલ લઈ આવીએ છીએ. પેલા પ્રવાસી ભાઈ પેટ્રોલ લેવા જઈ રહેલા છોકરાઓને પોતાનો મોબાઈલ નંબર આપે છે એટલે બંને છોકરા પેટ્રોલ લેવા નીકળતી વખતે તેમનો નંબર સેવ કરી લે છે તેમને એવું લાગે છે કે કદાચ સંજોગોવસાત મોડું થઈ જાય તો એકબીજાનો કોન્ટેક્ટ કરી શકાય અને ચિંતા ન થાય એટલા માટે એ ભાઈએ નંબર આપ્યો હશે.પરંતુ પેલા પ્રવાસીભાઈ તે છોકરાઓના મોબાઈલમાં એમનો નંબર સેવ થયા પછી કહે છે કે મારા નંબર ઉપર પેટ્રોલપંપનું સ્કેનર મોકલજો એટલે પૈસા હું ચૂકવી દઈશ. ફક્ત સ્મિત આપી અને પેલા બે છોકરા પેટ્રોલ લેવા બાઈક દોડાવી મૂકે છે. પછી પેટ્રોલ લેવા ગયેલા છોકરાઓ દ્વારા સ્કેનર નહીં આવતા અને છોકરા પણ નહીં દેખાતા થોડીવારમાં તે હિન્દીભાષી ભાઈ વિચારમાં પડી જાય છે કે કેમ છોકરાઓનો ફોન કે સ્કેનર આવ્યું નહીં..? પણ હજુ તે વિચાર પૂરો કરે ત્યાં જ સામેથી એ બંને છોકરા હાથમાં પેટ્રોલ ભરેલી બોટલ સાથે બાઈક ઉપર પાછા આવતા દેખાય છે ત્યારે તે ભાઈ હિન્દીમાં પૂછે છે કે "આપને સ્કેનર ક્યુ નહીં ભેજા. ? પેટ્રોલ પંપ પર ઓનલાઈન પેમેન્ટ નહીં ચલ રહા થા પેલા બંને યુવાનો ફક્ત સ્મિત આપીને અને પછી પેલા પ્રવાસી યુવાનની બાઈકની ટાંકીમાં પૂરો એક આખો શીશો પેટ્રોલ ઠાલવી દે છે. આ પ્રવાસી તો આ મદદથી તો ખૂબ જ ગદગદ થઈ જાય છે પણ તેની પરાકાષ્ટા તો ત્યારે આવે છે કે જ્યારે તે ફરીથી કહે છે કે તમારું સ્કેનર મોકલો તો તમને ઓનલાઈન પેટ્રોલના પૈસા અને લઈ આવવાના મદદ કરવા માટેના બીજા પૈસા પણ મોકલી આપું અને તે છોકરા ફક્ત સ્મિત આપી અને માથું ગણાવી ના પાડે છે એટલે તે યુવાનને એમ થાય છે કે તેમની પાસે સ્કેનરની વ્યવસ્થા નહીં હોય એટલે તે રોકડા પૈસા કાઢી અને તેમને આપવા નજીક જાય છે ત્યારે કેવી રીતે પૈસાથી દૂર બંને જણા દોડી જાય છે અને કહે છે કે "ના..ના..., તમારા પૈસા ન લેવાય, તમે તો અમારા મહેમાન છો. અમારું અહીં ઘર હોત તો તમને રોટલા ખવડાવત ને હજુ પણ તમે અમારા ઘરે ચાલશો તો તમને અમારા કચ્છની મીઠાશવાળા રોટલા અને ભોજન કરાવશું છાશ પીવડાવશું. આરામ કરવો હોય તો આરામ પણ તમને જેટલા દિવસ કરવો હોય તેટલા દિવસ કરી શકો છો અને મહેમાન પાસે અમે કચ્છના કે ગુજરાતના માણસો પૈસા નથી લેતા કારણ કે "અતિથિ દેવો ભવઃ" એમ મહેમાનને અમે ભગવાન માનીએ છીએ.. એટલે તમારી પાસે આ પેટ્રોલના પૈસા અમે લઈ ન શકીએ એ અમારી ફરજ હતી... કોઈ જ ઓળખાણ નહીં પહેલી વાર અને છેલ્લી વાર મળવાનું એકબીજાના નામની પણ ખબર નહીં અને છતાં પણ યુવાનોની આવી ભાવના અને આ જવાબ સાંભળી અને ગુજરાત બહારથી આવેલા પ્રવાસી ગુજરાતના જાણ્યા વ્યક્તિ પ્રત્યે પણ આત્મીયતા ભીંજાયેલા શઆતિથ્યથી ગદગદીત થઈ જાય છે અને તેના મોઢામાંથી ઉદગાર નીકળી જાય છે "યાર,ગુજરાતનને તો દિલ છુ લિયા..." કચ્છના તે રબારી યુવાનો અને એમના સંસ્કારોને સૌ સલામ છે . પછી તે;પ્રવાસીએ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો મૂક્યો ને કહે છે કે, ◦ગુજરાતે મારું દિલ જીતી લીધું.◦ નાનું કામ છે પણ નમન કરવા લાયક છે. આરીલ જોઈ અને આખા ભારતમાં આ છોકરાઓને અને કચ્છ ગુજરાતની ધરતીને સૌ કોઈ વંદન કરે છે - ગુજરાતમાં પ્રવાસી મહેમાન પ્રત્યેનો પ્રેમ છલકાય છે ! એવી અનેક લોકો કોમેન્ટ કરે છે. રબારી સમાજ, દરેક કચ્છી,ગુજરાતી મદદ, રોટલા માટે હંમેશા તત્પર હોય છે !.. દિલની વાત દિલ વાળા સમજી શકે તે સાચું હોય એ રીતે ગુજરાતના દિલવાળા નાયબમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આ રીલ જોઈ અને શેર કરી છે અને લખ્યું છે કે "હમ ગુજરાત વાલે દિલ જીત લેતે હૈ.. " ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ આવી જ રીતનું વલણ અપનાવીને સમગ્ર વિશ્વના લોકો અને નેતાઓનું દિલ જીતી લીધું છે અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી પણ મિનિટે મિનિટે માનવતા અને ભરપૂર પ્રેમ અને અત્યંત આત્મીયતા સૌ કોઈને પીરસીને નરેન્દ્રભાઈ મોદીની પ્રતિકૃતિ બનીને લોકોનું દિલ જીતી રહ્યા છે.

જેમનું પેટ્રોલ ખૂટી પડ્યું હોય છે તેમને સૌપ્રથમ મળેલા આ ભાઈ તેમને રસ્તામાં જરૂર હોય તો પૈસાની પણ મદદ કરવાની ઓફર કરે છે પરંતુ યાત્રિક લેતા નથી. રસ્તામાંથી બાઈકથી પસાર થતા કચ્છના બે યુવાન પેલા ભારત પ્રવાસે નીકળેલા બાઈકયાત્રિકની તકલીફ સાંભળી અને ૧૨ કિલોમીટર જઈ અને પેટ્રોલ લઈ આવે છે.

તાજેતરમાં સોશિયલ મીડિયામાં જ બહાર આવેલી એક બીજી ઘટનામાં ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેના કાર્યક્રમમાં એક ભાઈ? કીટલીમાં ચા ભરી અને કપ રકાબી ટ્રેમાં સાથે રાખી બધાને ઘણા સમયથી ચા પીવડાવી રહ્યા હોય છે. તે હર્ષભાઈની નજરે ચડે છે એ પોતે ચા પીધા વગર ઘણા સમયથી બધાને આ ભાઈ સતત ચાય પીવડાવી રહ્યા છે. એટલે તે તેમને નજીક બોલાવે છે.. એટલે પેલા ભાઈને એમ થાય છે કે હર્ષભાઈ ને ચા પીવી છે એટલે બોલાવતા હશે.. તે નજીક પહોંચે છે ત્યારે તેમની નવાઈ વચ્ચે... હર્ષભાઈ ચાની કીટલી પોતે જ ઉપાડી લે છે અને તેમાંથી એક કપ ચા જાતે ભરે છે. પેલા ભાઈ તો નવાઈ પામીને જોઈ જ રહે છે એમને થાય છે કે હર્ષભાઈ કેટલા સારા છે કે પોતે જાતે જ ચા નો કપ ભરી અને ચા પીવાના છે પરંતુ એ વધારે આશ્ચર્યચકીત તો ત્યારે થઈ જાય છે કે જ્યારે ચા ભરેલો કપ પોતે નથી પીતા પરંતુ તે ભાઈ પાસેથી ટ્રે પોતે જાતે લઈ લે છે અને પેલા ભાઈને પહેલા ચાય પીવા કહે છે...

હર્ષભાઈની અત્યંત ભીની લાગણી અને આત્મીયતાનો સ્પર્શ કરી અને પેલા ભાઈની આંખ ભીની થઈ જાય છે અને એ ભાઈથી તરત જ મોટી ચીસ? જેવા પ્રચંડ આર્તનાદથી બુમ નખાઈ જાય છે "ભા..ર..ત... માતાકી જય"હર્ષભાઈ પણ જેમને મળે છે તેમને કોઈ પણ જાતના આડંબર વગર દિલને નરેન્દ્રભાઈ મોદીની જેમ જ સ્પર્શી જાય છે. ખરેખર બહુ જ અદભુત માનવીઓ છે આ હર્ષભાઈ અને નરેન્દ્રભાઈ...

## આવતીકાલે અભિનેત્રી કરિશ્મા કપૂર ભુજમાં કલ્યાણ જ્વેલર્સ અને કેન્ડેર શોરૂમનું ઉદઘાટન કરશે



કલ્યાણ જ્વેલર્સે ભુજમાં પ્રથમ શોરૂમ સાથે ગુજરાતમાં ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું

ભુજ - કચ્છ ઉદય : ભારતની સૌથી વિશ્વસનીય અને અગ્રણી જ્વેલરી બ્રાન્ડ્સ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સે ભુજમાં મિરઝાપર રોડ સ્થિત તેના નવા શોરૂમના લોંચ સાથે ભુજમાં તેના પ્રવેશની જાહેરાત કરી છે. બોલીવુડ અભિનેત્રી કરિશ્મા કપૂર આવતીકાલે સાંજે ૬ કલાકે આ શોરૂમનું ઉદઘાટન કરશે. સાથે-સાથે કલ્યાણની લાઈફસ્ટાઈલ જ્વેલરી બ્રાન્ડ કેન્ડેરના નવા શોરૂમનું પણ ઉદઘાટન થશે.

આ નવો શોરૂમ ગુજરાતમાં કલ્યાણ જ્વેલર્સના વ્યૂહાત્મક વિસ્તરણની દિશામાં એક નોંધપાત્ર કદમ છે, જેનો ઉદ્દેશ્ય ભુજના રહેવાસીઓને ખરીદીનો વિશ્વ-સ્તરીય અનુભવ પૂરો પાડવાનો છે. આ અદ્યતન સુવિધામાં ગોલ્ડ, ડાયમંડ અને કિમતી સ્ટોન જ્વેલરીની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરાશે, જે પરંપરાગત કારીગરી અને સમકાલીન એસ્થેટિક્સનું અદભૂત મિશ્રણ છે.

નવા શોરૂમના લોંચ વિશે પ્રતિક્રિયા આપતાં કલ્યાણ જ્વેલર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રમેશ કલ્યાણરમણે કહ્યું હતું કે, "કલ્યાણ જ્વેલર્સ માટે ગુજરાત એક મહત્વપૂર્ણ માર્કેટ છે અને અમે ભુજમાં પહેલીવાર અમારી ઉપસ્થિતિ સ્થાપિત કરતાં ઉત્સાહિત છીએ. આ ઐતિહાસિક શહેરમાં અમારો પ્રવેશ સમગ્ર રાજ્યમાં અમારા ગ્રાહકો માટે બ્રાન્ડની ઉપસ્થિતિને વધુ સુવિધાજનક બનાવવાની અમારી કટીબદ્ધતાનો પુરાવો છે. અમારું માનવું છે કે આ નવો શોરૂમ સમાવેશ ઈકોસિસ્ટમ ઓફર કરશે, જે ગ્રાહકના ખરીદીના અનુભવમાં વધારો કરશે તથા તેમને વિશ્વ-સ્તરીય માહોલમાં શ્રેષ્ઠ જ્વેલરી પ્રદાન કરશે."

આ ભવ્ય લોંચની ઉજવણી કરતાં કલ્યાણ જ્વેલર્સે એક લાખથી વધુની ખરીદી ઉપર મેકિંગ ચાર્જીસમાં ૫૦ ટકાની છૂટ મર્યાદિત સમય માટે રજૂ કરી છે. આ ઉપરાંત ગ્રાહકોને કલ્યાણના સ્પેશિયલ ગોલ્ડ બોર્ડ રેટનો પણ લાભ મળશે, જે માર્કેટમાં સૌથી સ્પર્ધાત્મક અને પારદર્શક સોનાની કિંમતો સુનિશ્ચિત કરે છે અને કંપનીના તમામ શોરૂમમાં એકરૂપ છે.

કલ્યાણ જ્વેલર્સમાં તમામ જ્વેલરી બીઆઈએસ-હોલમાર્ક ધરાવે છે અને શુદ્ધતાના અનેક પરીક્ષણોમાંથી પસાર થાય છે. માનવંતા ગ્રાહકો સોનાની શુદ્ધતાની ગેરંટી, દાગીનાનું વિનામૂલ્યે આજીવન મેન્ટેનન્સ, પ્રોડક્ટની વિસ્તૃત માહિતી, પારદર્શક એક્સચેન્જ તથા બાય-બેક પોલિસીનો લાભ આપતું કલ્યાણ જ્વેલર્સ ૪-લેવલ એશ્યોરન્સ સર્ટિફિકેટ પણ મેળવશે. આ ખાતરી પોતાના મૂલ્યવાન ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તા અને વિશ્વાસપ્રદાન પાડવાની કલ્યાણ જ્વેલર્સની અતૂટકટીબદ્ધતા દર્શાવે છે.આ શોરૂમ મુહુરત (લગ્નપ્રસંગ માટેના દાગીના), મુદ્રા (હાથ વડે તૈયાર કરાયેલી એન્ટિક જ્વેલરી), નિમાહ (ટેમ્પલ જ્વેલરી), ગ્લો (ડાન્સિંગ ડાયમંડ્સ), ઝિઆ (સોલિટેર જેવી ડાયમંડ જ્વેલરી), અનોખી (અનકટ ડાયમંડ્સ), અપૂર્વા (વિશેષ પ્રસંગો માટેના ડાયમંડ્સ), અંતરા (વેડિંગ ડાયમંડ્સ), હેરા (રોજબરોજ પહેરવા માટેના ડાયમંડ્સ), રંગ (કિંમતી રત્નોની જ્વેલરી) અને તાજેતરમાં લોંચ કરેલી લીલા (કલર સ્ટોન અને ડાયમંડ જ્વેલરી) સહિતની કલ્યાણની લોકપ્રિય હાઉસ બ્રાન્ડ્સ પણ રજૂ કરશે. બ્રાન્ડ, તેના કલેક્શન અને ઓફર્સ વિશે વધુ માહિતી મેળવવા માટે વેબસાઈટ https://www.kalyanjewellers.net ની મુલાકાત લો. શરતો અને નિયમો લાગુ.

## બીએઓયુ ભુજ પ્રાદેશિક કેન્દ્ર ખાતે બાબા સાહેબ જયંતિની ભવ્ય ઉજવણી

**શિક્ષણ, સમરસતા અને નાગરિક કર્તવ્ય પર ભાર મુકાયો**





ભુજ - કચ્છઉદય : ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (બીએઓયુ)ના ભુજ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા વિશ્વવિભૂતિ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે "શિક્ષણ અને સમાનતા : ડો. બાબાસાહેબ આંબેડકરનો જીવન સંદેશ" વિષય પર વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કાર્યક્રમની ગરિમાપૂર્ણ શરૂઆત યુનિવર્સિટી ગીતના ગાન સાથે કરવામાં આવી હતી. આ અવસરે પ્રાદેશિક ડાયરેક્ટર ધનરાજભાઈ ગઢવી, આસિસ્ટન્ટ રિજિયોનલ ડાયરેક્ટર શિવરાજસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ રિજિયોનલ ડાયરેક્ટર શિવાનીબેન ઉમરાણીયા દ્વારા બાબા સાહેબના ચિત્રને પુષ્પાંજલે અર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

કેન્દ્રના ડાયરેક્ટર ધનરાજભાઈ ગઢવીએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, બાબા સાહેબનું જીવન અવિરત સંઘર્ષ અને અતૂટ જ્ઞાન સાધનાનું પ્રતીક છે. તેમણે માત્ર ડિગ્રીઓ મેળવવા માટે નહીં, પરંતુ સમાજના ઉત્થાન માટે શિક્ષણને શસ્ત્ર બનાવ્યું હતું. આજના યુવાનોએ પણ બાબા સાહેબના વાંચન અને ચિંતનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રહિતમાં કાર્ય કરવું જોઈએ.

શિવરાજસિંહ જાડેજા આસિસ્ટન્ટ રિજિયોનલ ડાયરેક્ટર શિવરાજસિંહ જાડેજાએ 'સામાજિક સમરસતા' અને 'નાગરિક કર્તવ્ય' વિશે ઊંડાણપૂર્વક વાત કરતા જણાવ્યું હતું કે, સામાજિક સમરસતાએ હૃદયથી હૃદયનું જોડાણ છે. આપણે જ્ઞાતિ-જાતિના ભેદભાવથી ઉપર ઉઠીને 'સર્વ જ્ઞાતિ, એક સમાજ' ની ભાવના કેળવવી પડશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં હકોની સાથે પોતાના સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ એટલે કે 'નાગરિક કર્તવ્ય' નું પાલન કરવું એ જ બાબા સાહેબને સાચી અંજલિ છે.

કાર્યક્રમના અંતે શિવાનીબેન ઉમરાણીયાએ સૌ ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કર્યો હતો. આભારવિધિ દરમિયાન તેમણે બીએઓયુના શિક્ષણ કાર્ય વિશે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટી આજે "એજ્યુકેશન ફોર ઓલ"ના મંત્ર સાથે છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડી રહી છે. ખાસ કરીને જે લોકો વ્યવસાય કે અન્ય કારણોસર નિયમિત શિક્ષણથી વંચિત રહ્યા છે, તેમના માટે ઓપન યુનિવર્સિટી આશીર્વાદરૂપ છે. તેમણે બાબા સાહેબના શિક્ષણના સ્વપ્નને સાકાર કરવામાં યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોની ઉપયોગિતા વિશે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમમાં સંચાલનની જેહમત ભુજ પ્રાદેશિક કેન્દ્ર ના કર્મચારી ભૂમીબેન સોલંકીએ ઉપાડી હતી. કાર્યક્રમની વ્યવસ્થાની જહેમત અનિરુદ્ધભાઈએ ઉપાડી હતી.

## પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી કીટનું વિતરણ

ભુજ : - કચ્છઉદય : કચ્છના મુખ્ય મથક ભુજ ખાતે પ્રાથમિક શાળાઓમાં હાલ પરીક્ષાઓ ચાલી રહી છે. ધોરણ ૩ થી ૫ ની પરીક્ષાઓ તા. ૬ થી ૧૧ એપ્રિલ સુધી અને ધોરણ ૬ થી ૮ ની પરીક્ષાઓ તા. ૧૩ થી ૨૨ એપ્રિલ દરમિયાન યોજાઈ રહી છે.

આ પ્રસંગે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે પરીક્ષા લક્ષી શૈક્ષણિક કીટ વિતરણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ કીટમાં બોલપેન, પેન્સિલ, રબર, ફૂટપટી સહિતની જરૂરી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શાળાના શિક્ષકોની ભલામણ આધારે અત્યાર સુધીમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓને આ કીટનો લાભ આપવામાં આવ્યો છે. સંસ્થાની અપીલ બાદ માત્ર ગણતરીના કલાકોમાં ભુજના જાણીતા એડવોકેટ હિતેનભાઈ સોલંકી દ્વારા તેમની પત્ની આરતીબેન હિતેન સોલંકીના સહયોગથી તમામ કીટનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી સ્વીકારી લેવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત સંસ્થાના કાર્યકરો જેમ કે અંકિતાબેન ધોકાઈ, માલશ્રીબેન ગઢવી, નર્મદાબેન ગામોટ અને નરેન્દ્રભાઈ સ્વાદિયા દ્વારા ભુજની વિવિધ શાળાઓમાં જઈને આચાર્યોને કીટ સુપરત કરવામાં આવી હતી. આ કાર્ય માટે એડવોકેટ હિતેનભાઈ સોલંકી અને આરતીબેન સોલંકીનો સંસ્થાએ ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે હિતેનભાઈ સોલંકી છેલ્લા ઘણા વર્ષોથી ભુજમાં વિવિધ સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓમાં સતત સહયોગ આપી રહ્યા છે. ઉપરાંત તહેવારો જેમ કે નવરાત્રી, દિવાળી, હોળી અને પતંગ ઉત્સવ દરમિયાન પણ તેઓ સત્યમ સંસ્થાને આર્થિક અને સામાજિક રીતે મજબૂત ટેકો આપે છે. ભુજની શાળાના આચાર્યો દ્વારા પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના નામો આપી સંસ્થાને મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.

## ડીપફેક અને ભ્રામક કન્ટેન્ટ મુદ્દે ગુજરાત હાઈ કોર્ટની લાલ આંખઃ મેટા, ગૂગલ અને એક્સને નોટિસ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા તૈયાર કરવામાં આવતા 'ડીપફેક' અને ભ્રામક કન્ટેન્ટના અનિયંત્રિત ફેલાવા સામે ગુજરાત હાઈ કોર્ટે કડક લાલ આંખ કરી હતી. એક જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરતા અદાલતે મેટા ઈન્ડિયા, ગૂગલ, એક્સ (ટ્વિટર), રેડિટ અને સ્ક્રિબ જેવી દિગ્ગજ સોશિયલ મીડિયા કંપનીઓને નોટિસ પાઠવી હતી.

અદાલતે આ પ્લેટફોર્મ્સને ગેરકાયદેસર ઓનલાઈન કન્ટેન્ટ રોકવા માટેના કાયદાકીય નિયમોના પાલન અંગે તેમનું વલણ સ્પષ્ટ કરવા આદેશ આપ્યો હતો. આ કેસની આગામી સુનાવણી ૮ મેના રોજ નિયત કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન કોર્ટે અવલોકન કર્યું હતું કે, સમસ્યા કાયદાના અભાવની નહીં પરંતુ તેના અમલીકરણમાં રહેલી ખામીઓની છે. રાજ્ય અને કેન્દ્ર સરકારે કોર્ટમાં સોગંદનામું રજૂ કરતા જણાવ્યું હતું કે, આઈટી એક્ટ, ૨૦૦૦ અને ૨૦૨૧ ના સુધારેલા નિયમો હેઠળ પૂરતી જોગવાઈઓ છે, પરંતુ સોશિયલ મીડિયા કંપનીઓ વાંધાજનક કન્ટેન્ટ હટાવવાની નોટિસ પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં વિલંબ કરે છે.

## ટ્રમ્પની જાહેરાતની ઈરાને ફરી મજાક ઉડાવી, કહ્યું - 'હવામાં મહેલ બનાવવાના સપના ન જુઓ...'

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાટાઘાટો હવે એક નવા વળાંક પર પહોંચી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેઓ સમજૂતીની ખૂબ નજીક છે, પરંતુ ઈરાને તેમના દાવાઓની મજાક ઉડાવતા તેને 'હવામાં મહેલ' ગણાવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે પરમાણુ સમજૂતી પર પ્રગતિ થઈ રહી છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, "ઈરાન હવે એવા પગલાં ભરવા તૈયાર છે જેના માટે તે બે મહિના પહેલા તૈયાર નહોતું." ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે જો જરૂર પડશે તો સીઝફાયર (સંઘર્ષ વિરામ) લંબાવવામાં આવશે, પરંતુ હાલ અમે સમજૂતીની એટલી નજીક છીએ કે તેની કદાચ જરૂર નહીં પડે. ટ્રમ્પે એક મોટું નિવેદન આપતા કેંુ કે આ ડીલથી અમેરિકાને મફત તેલ મળી શકે છે અને તેલના ભાવમાં મોટો ઘટાડો થશે. તેમણે હોર્મુઝ સ્ટ્રેટ (ઊૅદ્બિડ જીંદ્બૈં) મુક્ત થવાની વાત પણ કરી, જે વૈશ્વિક તેલ પુરવઠા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ટ્રમ્પના મતે, આ સમાચારોથી શેરબજારમાં પણ સકારાત્મક અસર જોવા મળી રહી છે. બીજી તરફ, ઈરાનના સરકારી બ્રોડકાસ્ટરે ટ્રમ્પની મજાક ઉડાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર ટ્રમ્પની ક્લિપ શેર કરતા લખ્યું કે અમેરિકી નેતા "હવામાં મહેલ" બનાવી રેંા છે. ઈરાને એક ફારસી કહેવત ટાંકીને કટાક્ષ કર્યો કે, "ઊંટ સપનામાં કપાસના બીજ (બિનોલા) જુએ છે, ક્યારેક તેને આખા ગળી જાય છે તો ક્યારેક દાણા-દાણા કરીને ખાતો રહે છે." એટલે કે, ટ્રમ્પ જે વિચારી રેંા છે તે માત્ર એક કલ્પના છે.

## મતદાન માટે જાગૃતિ લાવવી જરૂરી છે, પણ કોઈને મજબૂર ન કરી શકાય

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે દેશમાં મતદાનને ફરજિયાત કરવાની માગણી કરતી અરજી નકારી કાઢી હતી. જનહિતની યાચિકામાં અજય ગોયલે અરજી કરી હતી કે જે લોકો જાણીકરીને મત આપતા નથી તેમને મળતી સરકારી સુવિધાઓ અટકાવી દેવી જોઈએ. કોર્ટે કેંુ હતું કે આ આદેશ નીતિગત વિષય છે, ન્યાયવ્યવસ્થા આવો આદેશ ન કરી શકે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે કેંુ હતું કે જાણીકરીને મત ન આપનારા લોકો પર દંડાત્મક કાર્યવાહી કરવાની અને મતદાનને ફરજિયાત બનાવવાની સુનાવણી કોર્ટ ન કરી શકે. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે કેંુ હતું કે 'જો કોઈ નાગરિક વોટ આપવા ન જાય તો એમાં કોર્ટ શું કરે? શું અમારે તેની ધરપકડ કરવાનો નિર્દેશ આપવો જોઈએ? જો કોઈ ગરીબ વ્યક્તિ કહે કે મારે એ દિવસની મજૂરી કમાવા જવાનું છે, હું વોટ આપવા મારા વતન કઈ રીતે જાઉં? તો એમાં કોર્ટ શું કરે?'

## ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઃ કોંગ્રેસે ૪૦ 'સ્ટાર પ્રચારકો'ની યાદી કરી જાહેર

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ ચૂંટણી જંગ જીતવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કમર કસી છે અને આજે(૧૬ એપ્રિલ, ૨૦૨૬) તેના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી સત્તાવાર રીતે જાહેર કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા રાજ્ય ચૂંટણી પંચને આ યાદી સુપરત કરવામાં આવી છે. આ યાદીમાં પક્ષના દિગ્ગજ નેતાઓ, સાંસદો અને ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ રાજ્યભરમાં વિવિધ જીલ્લાઓ અને શહેરોમાં પક્ષના પ્રચારની કમાન સંભાળશે.

મુખ્ય પ્રચારકો પર એક નજર કરીએ તો, કોંગ્રેસની આ યાદીમાં અનુભવી નેતાઓ અને યુવા ચહેરાઓનું મિશ્રણ જોવા મળી રહ્યું છે. યાદીમાં સમાવિષ્ટ કેટલાક મુખ્ય નામો નીચે મુજબ છે. જેમાં રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓમાં મુકુલ વાસનિક, અમિત ચાવડા, શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી અને જગદીશ ઠાકોર, સાંસદ અને ધારાસભ્યોમાં ગેનીબેન ઠાકોર, જીજ્ઞેશ મેવાણી, શૈલેષ પરમાર, અનંત પટેલ, અને ઈમરાન ખેડાવાલા અને અન્ય અગ્રણી નેતાઓમાં પરેશ ધાનાણી, તુષાર ચૌધરી, સિદ્ધાર્થ પટેલ, અને શ્રીનિવાસ બી.વી. (યુથ કોંગ્રેસ)ને સામેલ કર્યા છે. આ યાદી પરથી સ્પષ્ટ જણાય છે કે, કોંગ્રેસ આ વખતે સ્થાનિક પ્રશ્નોની સાથે સાથે જ્ઞાતિગત સમીકરણોને પણ પ્રાધાન્ય આપી રહી છે.

# માતાનુ કેન્સરથી અવસાન થતા દરેક કેન્સરગ્રસ્ત માતાઓનો દીકરો બની સારવાર કરવાનો ડો. જીગરે સંકલ્પ કર્યો



**એસીના દાયકામાં અબડાસા તાલુકામાં મર્યાદિત સગવડો વચ્ચે સેવા લોકોની આરોગ્ય અને અન્ય સેવા કરનાર વ્યક્તિનો એન્જિનિયર બનવાની ઈચ્છા મૂકી અને સેવાભાવે કાર્ય કરવા તબીબી જગતમાં આવ્યો અને પછી વિશ્વમાં નામાંકિત તબીબ બની ગયો : માતાનું કેન્સરમાં અવસાન થતાં મુંબઈની ટાટા હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓની સેવા કરી : સેવા હી પરમો ધર્મ સાથે કાર્ય કરતા અબડાસાના આ તબીબ ભવિષ્યમાં અબડાસામાં આરોગ્ય સેવા વધુ સંગીન કરવાનું મનોરથ ધરાવે છે**

ભુજ - કચ્છઉદય : પરોપકાર કરનાર વ્યક્તિની ભાવિ પેઢી ઉપર કુદરત કેટલી કૃપા કરે છે અને પોતાની માતા પિતાની ઈચ્છાને માથે ચડાવી તેના પગલે ચાલનાર વ્યક્તિની કેટલી પ્રગતિ થાય છે તેની આ ખૂબ જ પ્રેરણાદાયક અને સંવેદનશીલ વાત છે. કચ્છના છેવાડાના અબડાસા તાલુકામાં એંસીના દાયકામાં જ્યારે આરોગ્ય ,પાણી અને શિક્ષણની ખૂબ જ મર્યાદિત સગવડો હતી ત્યારે તે માટે ખૂબ જ સેવાનું અભિયાન કરનાર હરેશભાઈ આઈયા અને ધનલક્ષ્મીબેન નામના આ દંપતીને ત્યાં ૧૯૮૬માં પુત્રનો જન્મ થયો. પુત્રનુ નામ જિગર. તેણે શરૂઆતનો અભ્યાસ નલિયાની દીમુબાઈ લધાભાઈ ખિયરાજ પ્રાથમિક શાળામાં કર્યો પછી સારા શિક્ષણ માટે ખૂબ જ વખણાયેલી નલીયાની વી.એલ. હાઈસ્કૂલમાં દસમા ધોરણ સુધી અભ્યાસ કરી અને એન્જિનિયરિંગમાં જવાની ઈચ્છા હતી. ક્રિકેટ અને સંગીતની રૂચિ સાથે અભ્યાસમાં પણ તેજસ્વી એવા જીગરે ૮૨ ટકા સાથે એસએસસીની પરીક્ષા પાસ કરી. પછી ધોરણ ૧૨ સુધી અભ્યાસ માંડવી ખીમજી રામદાસ હાઈસ્કુલમાં કર્યો. રિઝલ્ટ ૮૪.૨૦ ટકા આવ્યો. એના પિતા લોકોની બીમારી માટે ખૂબ જ સેવા કરવા છતાં પણ મોટું ડોનેશન આપી અને સગાને પુત્રને મેડિકલ કોલેજમાં એડમિશન અપાવી શકે તેવી હાલત અથવા વિચાર ન હતો. કેટલા ટકા આવ્યા એટલા ટકામાં મેડિકલમાં સામાન્ય રીતે મેરીટ પર અને ડોનેશન વગર દર વર્ષે એડમિશન મળતું નહોતું પણ કર ભલા તો હોગા ભલાએ ન્યાયે જ એ વર્ષે બારમા ધોરણનું પરિણામ બહુ જ કડક આવ્યું હોવાથી ટકાવારી નીચે જતાં ગુજરાતની આણંદની કૃષ્ણા મેડિકલ કોલેજમાં મેરીટ ઉપર જ એડમિશન મળી ગયું અને તેમના પિતાના સદ કર્મો નસીબની સાથે ભાગ્ય બની અને ટહુક્યા.એમ.બી.બી.એસના બીજા વરસના અભ્યાસ દરમ્યાન તેમના માતા ધનલક્ષ્મીબેનનું બ્લડ કેન્સરની સાડા ચાર માસની ટૂંકી બીમારીમાં મુંબઈ ખાતે એમની હાજરીમાં જ અવસાન થયું. માતાને એમ હતું કે મારો પુત્ર ડોક્ટર છે એટલે મને કંઈ નહી થાય. એ સમયે પુત્ર જીગરે પ્રતિજ્ઞા કરી હતી કે, હું ભવિષ્યમાં કેન્સરના દર્દીઓની અને ખાસ કરીને દરેક ગરીબ બીમાર માતાઓના પુત્ર બની અને સેવા કરશે અને એ રીતે તેમના માતાનું સાચું તર્પણ કરશે. એમબીબીએસ કર્યા બાદ એમડીની પ્રવેશ પરીક્ષા પાસ કરવા તેના માટે જરૂરી રકમ ભેગી કરવા એક વરસ જતું કર્યું. મુન્દ્રામાં અદાણી હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સર્વિસ કરી આગળના અભ્યાસ માટે જરૂરી રકમ ભેગી કરી એમડી માટે તેમણે ત્રણેક જગ્યાએ પ્રવેશ પરીક્ષા આપી. ત્રણે જગ્યાએ પાસ થઈ જતા રેડિયોલોજિસ્ટ બનવાની તેમની તમન્ના પૂરી થઈ. એ અરસામાં તેમના લગ્ન પણ કોલેજમાં સાથે અભ્યાસ કરતા જૂનાગઢના ડૉ. હિના ફળદુ (એમડી ફિઝિશિયન) સાથે થયા. અને તેમની સેવામાં જાણે સુગંધ ભળી. જીગર આઈયાએ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં ઈન્ટરવેશનલ ન્યૂરો રેડિયોલોજિસ્ટ બની ગયા. તેમણે માતાના અવસાન સમયે લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે મુંબઈમાં ટાટા કેન્સર હોસ્પિટલમાં ફ્રી સેવામાં જોડાઈને સવારના ૮થી રાત્રે ૧૨ વાગ્યા સુધી સેવા આપતા. ટાટા હોસ્પિટલ તરફથી ઓક્રોઈન્વેશનલમાં ભારતના પ્રતિનિધિ તરીકે સાઉથ કોરિયામાં તેમણે દુનિયાભરના ડોક્ટરો સમક્ષ પોતાનું લેકચર આપ્યું. તેમજ તેઓએ અમેરિકા પણ કેન્સરની પ્રખ્યાત હોસ્પિટલમાં તાલીમ મેળવી છે.

કલકત્તામાં યોજાયેલી ન્યૂરોલોજિસ્ટોની કોન્ફરન્સમાં સૌપ્રથમ નંબરે આવ્યા. સારવાર કરી આપે છે.ડૉ જીગર આઈયા ત્રણ વરસ સુધી બિદડા સર્વોદય હોસ્પિટલમાં કેમ્પમાં સોનોગ્રાફી કરી આપવાનો સહયોગ કરી ગયા છે. અત્યારે ડૉ જીગર અને તેમના પત્ની હીનાબેન સુરતમાં કિરણ હોસ્પિટલના સુપર ન્યુરોલોજિસ્ટ છે અને ન્યુરોના દર્દીઓની કાપકૂપ વગરની સારવારમાં ઉપરાંત મગજની ધમનીને નુકશાન, મગજ અને કરોડરજ્જુની ધમનીઓના વાસ્ક્યુલર ખોડખાંપણની સારવારમાં ગુજરાતભરમાં નિષ્ણાંત છે. તેમની વાત અબડાસા જેવા કચ્છના દુર્ગમ તાલુકામાં રહેતા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ પ્રેરણાજનક છે. તેમને શુભેચ્છા છે કે ભવિષ્યમાં અબડાસા તાલુકામાં તેમના માતાના સ્મરણાર્થે આરોગ્યની એવી હોસ્પિટલ તેઓ કરે કે વિશ્વભરમાંથી સારવાર માટે લોકો અબડાસા તાલુકામાં આવે.

# રોટરી વોલસિટી ક્લબને હવે વધુ વિશાળ સેવા કાર્ય તરફ આગળ વધવાનો સમય : ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિગમ ચૌધરી

**ભુજ ક્લબની મુલાકાત દરમ્યાન ચાલી રહેલી સેવાકીય પ્રવૃતિઓનું નિરીક્ષણ, ભાવિ પ્રોજેક્ટ્સ અંગે માર્ગદર્શન**

ભુજ-કચ્છ ઉદય : રોટરી સંસ્થામાં વર્ષમાં એકવાર ડિસ્ટ્રિક્ટ ગવર્નર દ્વારા ક્લબની કામગીરીની સમીક્ષા અને માર્ગદર્શન માટે મુલાકાત લેવામાં આવે છે. તે અનુક્રમે રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૫૫ના ગવર્નર નિગમ ચૌધરીએ ભુજની રોટરી વોલસિટી ક્લબની મુલાકાત લઈને ક્લબની વિવિધ સેવાકીય પ્રવૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ક્લબના પ્રમુખ હર્ષદ ભીંડે, જોઈન્ટ સેક્રેટરી ડો. લવ કતિરા, ચાર્ટર પ્રમુખ સતીશ દાવડા તથા એક્ઝિક્યુટિવ સેક્રેટરી દત્તુ ત્રિવેદી દ્વારા મુખ્ય મહેમાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ આસિસ્ટન્ટ ગવર્નર ધર્મેશ મહેતાનું પણ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ અવસરે અમિત ચૌહાણ, આનંદ મોરબિયા, તારક ઠક્કર, ધવલ રાવલ અને ભરત લોહારે સહિતના સભ્યોએ મહેમાનોનું સન્માન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાન નિગમ ચૌધરીનું સન્માન દીપા હર્ષદ ભીંડે તથા થામિની દર્શન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્વે પૂર્વ પ્રમુખ રાજન મહેતાએ રોટરીના સિદ્ધાંતો મુજબ ફોર વે ટેસ્ટનું વાચન કર્યું હતું. ત્યારબાદ ડો. લવ કતિરાએ વર્ષ દરમિયાન ક્લબ દ્વારા કરવામાં આવેલા સેવાકીય કાર્યોનું પ્રોજેક્શન રજૂ કર્યું હતું. ક્લબ પ્રમુખ હર્ષદ ભીંડેએ આવનારા સમયગાળા દરમિયાન હાથ ધરવાના પ્રોજેક્ટ્સ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. મુખ્ય મહેમાન નિગમ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વોલસિટી ક્લબ પાસે ક્ષમતા અને કાર્યકુશળતા બંને છે, તેથી હવે સમાજ માટે વધુ વિશાળ અને દિશાસૂચક સેવાકીય પ્રોજેક્ટ્સ હાથ ધરવા જોઈએ. તેમણે ક્લબને આગળ આવીને "માઈલસ્ટોન" સાબિત થાય તેવી કામગીરી કરવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે ઈન્ટરેક્ટ ક્લબના પ્રિશા ઠક્કર અને ક્ષિતિન મોતા નું સન્માન પ્રિતેશ ઠક્કર અને દ્વિજેશ આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટના ડો. પરેશ પી. ઠક્કરને વોકેશનલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખજાનચી રીતેશ સંઘવીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ જયેશ જોષીએ કરી હતી. કાર્યક્રમમાં જયંત ઠક્કર, રાજેશ માણેક, જેકી ઠક્કર, મેહુલ ઠક્કર તથા હેમાંગી ધર્મેશ મહેતા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચોબારી ગામમાં વિકાસ અને સાંસ્કૃતિક જાગૃતિનો ઉમળકો

**લોકકલા, સામાજિક એકતા અને યુવાનોની સક્રિય ભાગીદારીથી ચોબારી ગામમાં પ્રગતિની નવી દિશા**

ભચાઉ-કચ્છ ઉદય : કચ્છ જિલ્લાના ચોબારી ગામમાં છેલ્લા સમયથી સાંસ્કૃતિક, સામાજિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. ગામમાં પરંપરાગત લોકકલા અને સંસ્કૃતિને જીવંત રાખવા માટે ગ્રામજનો સતત પ્રયત્નશીલ છે, જેના કારણે ગ્રામ્ય જીવનમાં એક નવી જાગૃતિ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. ચોબારીમાં સમયાંતરે યોજાતા ધાર્મિક ઉત્સવો, સામાજિક કાર્યક્રમો અને સાંસ્કૃતિક મેળાવડામાં યુવાનોની સક્રિય ભાગીદારી નોંધપાત્ર બની રહી છે. સ્થાનિક લોકો દ્વારા પરંપરાગત કલા-કૌશલ્યને પ્રોત્સાહન આપીને કચ્છની સમૃદ્ધ લોકસંસ્કૃતિને આગળ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવી રહ્યું છે. શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે પણ ગામના યુવાનો આગળ આવી રહ્યા છે, જેના કારણે નવી પેઢીમાં આત્મવિશ્વાસ અને સ્પર્ધાત્મક ભાવના વિકસતી જોવા મળે છે. ગ્રામજનોના સહકારથી વિવિધ વિકાસ કાર્યોને પણ ગતિ મળી રહી છે, જેમાં માર્ગ, પાણી અને સ્વચ્છતા જેવા મૂળભૂત મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સ્થાનિક આગેવાનોના જણાવ્યા મુજબ, ચોબારી ગામમાં પરંપરા અને આધુનિક વિકાસ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ગામમાં વધતી સામૂહિક એકતા અને સહકારની ભાવના ચોબારીને ધીમે ધીમે વિકાસની નવી ઓળખ તરફ લઈ જઈ રહી છે.

# ગડા ગામે હિંગલાજ માતાજી મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે



ભુજ - કચ્છઉદય : તાલુકાના ગડા - માધાપર - ત્રાયા સીમના ત્રીભેટે વનરાજી વચ્ચે શાંત અને રમણીય સ્થળે ક્ષેત્રપાલ દાદા, તારણેશ્વર મહાદેવ અને હીંગલાજ માતાજીનું ભવ્ય મંદિર પરિસર આવેલ છે. આ મંદીર પરિસરમાં કષ્ટભંજન હનુમાનજી, ગુરુ દત્તાત્રેયજી, રામ દરબાર તથા શેષ મણીની મૂર્તિ પ્રતિષ્ઠિત થવા જઈ રહેલ છે. આ ભવ્ય આધ્યાત્મિક શક્તિના દિવ્ય દર્શન પ્રાપ્ત થાય એ માટે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ત્રિદિવસીય આયોજન અખાત્રીજના દિવસે તા.૧૯/૪થી શરુ થઈ તા. ૨૧/૪ને પાંચમના મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થશે. ભગત રામજીભાઈના માર્ગદર્શન હેઠળ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ભવ્ય બનાવવા હીંગલાજ માતાજી મંદિરના સેવકગણમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે

# એચપીવી રસીકરણ અભિયાનને બાલાસરમાં મળી સફળ શરૂઆત

**સમજાવટ બાદ કિશોરીઓમાં જાગૃતિ વધતાં સર્વાઇકલ કેન્સર નિવારણ રસીકરણ કાર્યક્રમ આગળ વધ્યો**

બાલાસર : કચ્છ ઉદય : બાલાસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય વિભાગના સ્ટાફના સતત પ્રયત્નો અને વિસ્તૃત સમ્જાવટ બાદ એચપીવી (ઉઁફ) રસીકરણ અભિયાનને સકારાત્મક શરૂઆત મળી છે. શરૂઆતમાં સ્થાનિક સ્તરે રસી અંગે અસમંજસ અને સંકોચનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ આરોગ્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી જાગૃતિ પ્રવૃત્તિઓ બાદ લોકોમાં વિશ્વાસ વધ્યો હતો.

સરકારની યોજના અંતર્ગત ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫ વર્ષમાં પ્રવેશતી કિશોરીઓને સર્વાઈકલ કેન્સર જેવી ગંભીર બીમારીથી બચાવવા માટે મફત એચપીવી રસી આપવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ કિશોરીઓના લાંબા ગાળાના આરોગ્ય સુરક્ષિત કરવાનું છે.

કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓ આરતીબેન મકવાણા અને વર્ષાબેન ડોડિયાને એચપીવી રસી આપવામાં આવી હતી. સમગ્ર પ્રક્રિયા મેડિકલ ઓફિસર ડો. વૈભવકુમાર પઢિયારના માર્ગદર્શન હેઠળ તેમજ અજયભાઈ એ.એચ.એસ., એમપીએચએસ કાપડિયા અને પ્રભાબેન ચૌહાણની દેખરેખમાં સંપન્ન થઈ હતી.

રસીકરણ કામગીરી મંજુલાબેન એ.એન.એમ. ચૌહાણ, સી.એચ.ઓ. ભાવિકભાઈ પટેલ તથા એમ. પી.એચ.ડબલ્યુ. દોલતભાઈ પરમાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી હતી. રસીની ગુણવત્તા અને કોલ્ડ ચેઈન જાળવણી માટે ફાર્માસિસ્ટ તુષારભાઈ પરમારે આઈ. એલ.આર.ની જવાબદારી નિભાવી હતી.

લાભાર્થીઓને માર્ગદર્શન અને સમજણ આપવા માટે આશાવર્કર શાંતિબેન પરમાર તથા સુગરાબેન થાંચી દ્વારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી હતી. અંતે લાભાર્થીઓને રસીકરણ પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા, જેની વ્યવસ્થા સામંતભાઈ ચાડ દ્વારા કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે આવા અભિયાનોથી ગામડાં વિસ્તારોમાં આરોગ્ય જાગૃતિ વધશે અને ભવિષ્યમાં ગંભીર રોગોથી બચાવ શક્ય બનશે.

# માધાપરમાં ભગવદ ગીતા પર આધ્યાત્મિક પ્રવચનથી ભક્તિમય માહોલ સર્જાયો

**નિત્યાનંદ સત્સંગ મંડળના આયોજનમાં કીર્તન, મહાપ્રસાદ અને હનુમાન ચાલીસા પઠન સાથે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા**

માધાપર - કચ્છ ઉદય : માધાપરમાં નિત્યાનંદ સત્સંગ મંડળ દ્વારા શ્રીમદ્ ભગવદ ગીતા વિષય પર આધ્યાત્મિક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરજણથી આવેલા રામ ગતિ પ્રભુ દ્વારા ગીતા જ્ઞાનનું સરળ અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ ઊંડા રસ સાથે સાંભળ્યું હતું.

પ્રવચન દરમિયાન જીવનમૂલ્યો, કર્મયોગ અને ભક્તિભાવ જેવા વિષયો પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેના કારણે ઉપસ્થિતોમાં આધ્યાત્મિક જાગૃતિનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ બાદ કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ત્યારબાદ હનુમાન ચાલીસા પઠન થતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને ગામમાં ધાર્મિક એકતાનો સંદેશ પ્રસરી ગયો હતો. આ પ્રસંગે માધાપર જૂનાવાસના સરપંચ ગંગાબેન મહેશ્વરી, જૂનાવાસ ગ્રામ પંચાયતના ભાવેશભાઈ ગઢવી અને નારાણભાઈ મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પારૂલબેન કારા, એશિયન પાર્ક સોસાયટી પરિવારના પ્રમુખ પિયૂષભાઈ ચોથાણી, કામિનીબેન સોની સહિત તેમની ટીમે કાર્યક્રમને સહયોગ આપી તેને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# ટ્રેક નવિનીકરણ કાર્યના કારણે પીપલી-વરાહી પર૧૨ દિવસ માટે માર્ગ વાહન વ્યવહાર અસ્થાયી રૂપે બંધ રહેશે

અમદાવાદ - કચ્છઉદય : અમદાવાદ મંડળ અંતર્ગત રેલ સુરક્ષા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને પીપલી - વરાહી ખાંડ પર રેલ કિમી ૧૨૮/૨-૩ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૧૧ પર ટ્રેક નવીનીકરણ કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્યને કારણે માર્ગ વાહન વ્યવહારને તા. ૧૮ એપ્રિલના સવારે ૭ વાગ્યાથી તા. ૨૯ એપ્રિલના રાત્રે ૨૨ વાગ્યા સુધી કુલ ૧૨ દિવસ માટે અસ્થાયી રૂપે બંધ રાખવામાં આવશે.

યાત્રીઓ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન માર્ગ વાહન વ્યવહારને રેલ કિમી ૧૩૦/૭-૮ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૧૩ (પાલનપુર - સામખિયાળી રેલ ખંડ) મારફતે ડાયવર્ટ કરવામાં આવશે. ટ્રેક નવીનીકરણ કાર્ય પૂર્ણ થવાથી રેલ સુરક્ષામાં વધારો થશે. અકસ્માતોની સંભાવના ઘટશે તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુવ્યવસ્થિત અને સમયસર થઈ શકશે. ઉપરાંત ટ્રેકની ગુણવત્તામાં સુધારાથી જાળવણીની જરૂરિયાત ઘટશે અને યાત્રીઓ તેમજ માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે. રેલવે પ્રશાસન દ્વારા સામાન્ય જનતાને અપીલ કરવામાં આવી છે કે તેઓ દર્શાવેલ સમયગાળા દરમિયાન નિર્ધારિત વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરે અને સહકાર આપે, જેથી કાર્ય સુચારુ રીતે પૂર્ણ થઈ શકે અને કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# મારવાડા સમાજના શૈક્ષણિક સંકુલના લોકાર્પણનો નિર્ણય સર્વાનુમતે મંજૂર

**વાર્ષિક સભામાં નવી કાર્યકારિણીની રચના, સમાજ ભવનનું લોકાર્પણ ૨૪-મેના યોજાશે : સતત ત્રીજી વખત પચાણભાઈ સંજોટને પ્રમુખ પદે પ્રસદગી**

ભુજ - કચ્છ ઉદય : અહીં અખિલ કચ્છ મારવાડા વણકર સમાજવાડી અને શૈક્ષણિક સંકુલ ખાતે અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. બેઠકમાં સમાજના વિવિધ વિકાસકાર્યો, સંચાલન વ્યવસ્થા તથા ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સભામાં નિર્ણય લેવાયો કે સમાજ ભવન તથા શૈક્ષણિક સંકુલ સંપૂર્ણ તૈયાર થઈ ગયેલ હોવાથી તેનો લોકાર્પણ કાર્યક્રમ તા. ૨૪/૫ના રોજ અખિલ કચ્છ મારવાડા વણકર સમાજના ગુનેરીથી ધોળાવીરા વિસ્તારના સમાજજનોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે યોજાશે. આ કાર્યક્રમ માટે કન્વીનર તરીકે શિવજીભાઈ મંગરિયા નીમવામાં આવ્યા છે. સંસ્થાના વાર્ષિક હિસાબો તથા તૈયાર થયેલા સમાજ ભવન અને શૈક્ષણિક સંકુલના અહેવાલને સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત હોદ્દેદારોની વર્તમાન બોડીનો કાર્યકાળ પૂર્ણ થતા તેનું વિસર્જન કરી આગામી પાંચ વર્ષ માટે નવી કાર્યકારિણીનું ગઠન કરવામાં આવ્યું હતું.

સતત ત્રીજી વખત પચાણભાઈ સંજોટને પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. કાર્યકારી પ્રમુખ તરીકે રમેશચંદ્ર સીજુની વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે શિવજીભાઈ મંગરિયા, દિનેશભાઈ સોલંકી, રવજીભાઈ સીજુ અને ખુમાણભાઈ વણકર નીમવામાં આવ્યા છે. મહામંત્રીઓ તરીકે લાલજીભાઈ બુચિયા, મેઘજીભાઈ વણકર (સંજોટ), ખેંગારભાઈ નિંજાર અને વીરાભાઈ મારવાડાની પસંદગી કરવામાં આવી છે. મંત્રીઓ તરીકે કાનજીભાઈ બડિયા, મનજીભાઈ ખરેટ, નારાણભાઈ સીજુ અને કેશવજીભાઈ લોંચાની વરણી કરવામાં આવી છે.

સંગઠન મંત્રી તરીકે શંકરભાઈ કુંવટ, ખજાનચી તરીકે વેલજી પાયણ, મીડિયા પ્રવક્તા તરીકે દેવજીભાઈ સીજુ તથા વોટ્સએપ ગ્રુપ પ્રમુખ તરીકે બાબુભાઈ બુચિયાની નિમણૂક કરવામાં આવી છે. કારોબારી સભ્યો તરીકે દેવશી સીજુ, ખીમજી ખરેટ, કરમણ સંજોટ, માવજીભાઈ સીજુ, હરિલાલ પુવાર, દામજીભાઈ ખોખર, સામતભાઈ ગોરડિયા અને લાખાભાઈ કારિયાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે.

કાર્યક્રમમાં સામાજિક આગેવાન ગોપાલભાઈ નિંજાર સહિત જિલ્લાના તથા તાલુકા-શહેરના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન મહામંત્રી લાલજીભાઈ બુચિયાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ રમેશચંદ્ર સીજુએ વ્યક્ત કરી હતી.

# ભુજ ઈજનેરી કોલેજમાં માનસિક આરોગ્ય અને વ્યસન વિરોધી જાગૃતિ વર્કશોપ

**વિદ્યાર્થીઓ માટે 'સે નો ટુ ડ્રગ્સ' અને 'સાયકોલોજિકલ ફર્સ્ટ એઈડ' વિષયે વિશેષ માર્ગદર્શન, ડિજિટલ ડિટોક્સ પર ભાર**

ભુજ-કચ્છ ઉદય : ગવર્નમેન્ટ એન્જિનીયરિંગ કોલેજ, ભુજ ખાતે વિદ્યાર્થીઓમાં માનસિક આરોગ્ય અંગે જાગૃતિ વધે તેમજ વ્યસન વિરોધી સંદેશ વધુ મજબૂત બને તે હેતુથી મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં 'સે નો ટુ ડ્રગ્સ' તથા 'સાયકોલોજિકલ ફર્સ્ટ એઈડ' જેવા મહત્વના વિષયો પર નિષ્ણાત દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્કશોપમાં સાઈકોલોજિસ્ટ ડૉ. ગૌરાંગ જોશીએ મુખ્ય વક્તા તરીકે સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સમજાવતા જણાવ્યું હતું કે આજના ઝડપી ડિજિટલ યુગમાં સતત મોબાઈલ, સોશિયલ મીડિયા અને સ્ક્રીન ટાઈમના વધતા ઉપયોગને કારણે માનસિક તણાવ, ચિંતા અને ઉદાસીનતા જેવી સમસ્યાઓ વધી રહી છે. આવા સંજોગોમાં દરેક વિદ્યાર્થીએ પોતાના દૈનિક જીવનમાં 'ડિજિટલ ડિટોક્સ'ની આદત વિકસાવવી અત્યંત જરૂરી છે, જેથી મનને શાંતિ અને એકાગ્રતા મળી શકે.

ડૉ. જોશીએ વધુમાં જણાવ્યું કે માનસિક તણાવ, ડિપ્રેશન કે દબાણ જેવી સ્થિતિઓમાં યોગ્ય સમયે સહાય અને માર્ગદર્શન લેવાથી ગંભીર પરિસ્થિતિઓથી બચી શકાય છે. તેમણે વિવિધ સરળ અને અસરકારક સાઈકોથેરાપી ટેકનિકો વિશે સમજ આપી હતી, જેના દ્વારા વિદ્યાર્થીઓ પોતાના રોજિંદા જીવનમાં માનસિક સંતુલન જાળવી શકે છે. સાથે જ તેમણે યુવાઓને ડ્રગ્સ અને નશીલા પદાર્થોથી દૂર રહેવા માટે પ્રેરણા આપી હતી અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે પ્રોજેક્ટ ચેરમેન એમ. બી. ઝાલાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે તેમના માનસિક આરોગ્યનું સંરક્ષણ પણ એટલું જ મહત્વનું છે. આ હેતુથી હવે દર રવિવારે કોલેજમાં સાઈકોલોજિકલ પરામર્શ સત્રો યોજવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપવામાં આવશે. વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી સત્રમાં પોતાની શંકાઓ દૂર કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જાગૃતિ, સમજદારી અને સકારાત્મક વિચારસરણીનો માહોલ જોવા મળ્યો હતો. અંતે કોલેજ પ્રશાસન દ્વારા તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને આવા કાર્યક્રમો નિયમિત રીતે યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ભુજમાં આગ શમન દિવસની ઉજવણી કરાઇ

**મુંબઈમાં ૧૯૪૪માં ૬૬ જેટલા ફાયર ફાઈટરો આગ બુઝવવા જતાં અવસાન પામ્યા તેઓને શ્રદ્ધાંજલિ અપાઈ**

ભુજ-કચ્છઉદય : ભુજના માજી હોમગાર્ડ પરિવાર, સંસ્કૃત પાઠશાળા અને હાટકેશ સેવા મંડળ દ્વારા ૧૪મી એપ્રિલના આગશમન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેના છ વિજેતાઓને ઈનામો અપાયા હતા. મુંબઈ ખાતે ૧૯૪૪માં આગ લાગતા એમાં ૬૬ જેટલા ફાયર ફાઈટર અવસાન પામ્યા હતા. તેઓને ભગવદ્ ગીતાજીના ૧૫માં અધ્યાયના પઠન સાથે શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

ગીતાજીના પાઠ ગાયત્રી ઉપાસક તુષારભાઈ ધોળકિયા અને પારુલબેન બુચ દ્વારા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માજી હોમગાર્ડના પૂર્વ મેજર નારાણજીભાઈ રાઠોડ, વારીશભાઈ પટણી, નયનભાઈ, આશાબેન સ્વાદિયા, દર્શનાબેન મુનશી વગેરે ઉપસ્થિત રહી અને ૬૬ જેટલા ફાયર ફાઈટરને શ્રદ્ધાંજલિ આપી હતી. કચ્છમાં ૧૪ એપ્રિલના આગશમન દિવસે સ્વ.રમેશભાઈ અંતાણી, માજી હોમગાર્ડ અધિકારી સ્વ.જીતેન્દ્રભાઈ અંતાણી, સ્વ.પ્રભુ લાલભાઈ ગોહિલને પણ શ્રદ્ધાંજલિ અપાઇ હતી તેમજ સૌને યાદ કરવામાં આવ્યા હતા. નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો સ્વ. કૃષ્ણકાંતભાઈ વૈદ્યની સ્મૃતિમાં આપવામાં આવ્યા હતા. નાગરિક સંરક્ષણના પૂર્વ સભ્યો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે નાગરિક સરક્ષણના પૂર્વ ચીફ વોર્ડન સ્વ.વિનોદભાઈ હિરાણી, સ્વ.ડોક્ટર રાજારામ, સ્વ. રૂદ્રસિંહ જાડેજાની પણ સેવાઓને યાદ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વિભાકરભાઈ અંતાણીએ કર્યું હતું. આભારદર્શન આશિષ વૈદ્યે કર્યું હતું.

આ પ્રસંગે શહેરમાં જુદી-જુદી જગ્યાએ લોકજાગૃતિ કાર્યક્રમ પણ યોજાયો હતો તેમજ વિવિધ કાર્યક્રમ પણ યોજાયા હતા એવું સંસ્થાના જયશ્રીબેન હાથીએ જણાવ્યું હતું. આ કાર્યમાં સંસ્થાના પ્રમુખ ઈસ્માઈલભાઈ જુણેજા, પૂર્વ હોમગાર્ડ કમાન્ડન્ટ જગદીશભાઈ મહેતા અને અવિનાશભાઈ વૈદ્ય પણ સહયોગી રહ્યા હતા.

# માધાપર સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે અવિરત જીવદયા સેવા યજ્ઞનો પ્રારંભ

**વૃદ્ધાશ્રમ, આશ્રમો અને પશુ-પક્ષી માટે સેવા પ્રવૃત્તિઓ સાથે માનવતા આધારિત અભિયાન તેજ**

ભુજ-કચ્છ ઉદય : માધાપર સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે અવિરત જીવદયા સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેવા અભિયાન અંતર્ગત સમાજ દ્વારા માનવ સેવા અને જીવદયા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ હેઠળ શાંતિનિકેતન વૃદ્ધાશ્રમમાં વડીલોને નાસ્તો આપવામાં આવ્યો હતો. સાથે જ કન્યાકુંજ આશ્રમ તથા વિકલાંગ વિદ્યા વિહાર ખાતે અભ્યાસ, બાળકો અને કન્યાઓને પણ નાસ્તો વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કામગીરી સમસ્ત જૈન સમાજની યુવા પાંખ, મહિલા પાંખ તથા જૈન જાગૃતિ સેન્ટરના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને ગાયો તથા અન્ય પશુ-પક્ષીઓને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે હેતુથી સમાજ દ્વારા ૨૫૦ પાણીની કુંડીઓનું વિતરણ કરવાની વિશાળ યોજના હાથ ધરવામાં આવી છે. આ અભિયાન દ્વારા જીવદયા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.

જીવદયા કમિટીના લીડર જિનેશભાઈ શેઠે જણાવ્યું હતું કે આ સમગ્ર સેવા કાર્ય સતત ચાલુ રહેશે અને વધુ વિસ્તૃત રીતે પશુ-પક્ષી તથા જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવશે. આ આયોજનમાં પ્રમુખ હિતેશભાઈ ખંડોર, મહામંત્રી સંજયભાઈ મહેતા સહિત સમગ્ર કારોબારી સભ્યોનું માર્ગદર્શન મળી રહ્યું છે. સાથે જ જીવદયા કમિટીના લીડર જિનેશભાઈ શેઠના નેતૃત્વ હેઠળ જીગર ખંડોર, ચિરાગ મહેતા, કિશોર ભાભેરા, ચિંતન મહેતા, જીગર શેઠ, ફેનિલ શાહ, સચિન મહેતા, પ્રથમ મહેતા, નીરવ મહેતા, સોહમ મહેતા, નીરવ શાંતિલાલ મહેતા સહિતની ટીમ સક્રિય રીતે કામગીરી સંભાળી રહી છે. આ સેવા યજ્ઞને સમાજમાં જીવદયા, કરુણા અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવનાર એક પ્રેરણાદાયક પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

# વિજયથી વંચિત કોલકાતા આજે મોદી સ્ટેડિયમ પર ગુજરાત સામે ટકરાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે ગુજરાત ટાઈટન્સની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ મેદાનમાં ઉતરશે ત્યારે તેમનો એક માત્ર લક્ષ્ય સતત થઈ રહેલા પરાજયના સિલસિલાને તોડીને પોતાની સ્થિતિ મજબૂત કરવાનો હશે. જોકે તેમની સામે પડકાર આસાન નથી કેમ કે તેમની ટક્કર ફોર્મમાં પરત ફરેલી અને આત્મવિશ્વાસથી છલોછલ ગુજરાત ટાઈટન્સ સામે થનારી છે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. ગુજરાતની ટીમ પ્રથમ બે મેચ હાર્યા બાદ સળંગ બે મેચ જીતી ચૂકી છે આમ તે શુક્રવારે પોતાના હોમગ્રાઉન્ડ પર વિજયની હેટ્રિક માટે રમશે. બીજી તરફ કોલકાતાની ટીમ



હજી સુધી એકેય મેચ જીતી શકી નથી. આમ તે હવે વર્તમાન સિઝનમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે રમશે. આ બંને ટીમની પરિસ્થિતિ અલગ અલગ છે પરંતુ ઈરાદો એક જ છે આ મેચ જીતવાનો અને આ માટે બેમાંથી એકેય ટીમ મચક આપવા તૈયાર હશે નહીં જેને કારણે મુકાબલો રોમાંચક બની શકે છે.

કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણે અને કોચ અભિષેક નાયરના માર્ગદર્શન હેઠળ ટીમ હાલમાં દિશાહીન જણાય છે. છેલ્લી પાંચમાંથી ચાર મેચમાં પરાજયનો હારનો સામનો કરનારી કોલકાતા હજી પણ સિઝનની પ્રથમ જીતની શોધમાં છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ હર્ષિત રાણા અને આકાશ દીપની ઈજા તેમજ બીસીસીઆઈની સૂચનાથી મુસ્તફિઝુર રહેમાનને રીલીઝ કરવાને કારણે ટીમનું બોલિંગ આક્રમણ નબળું પડી ગયું છે. જોકે સૌથી ચિંતાજનક બાબત સ્પિન જોડી સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીનું ખરાબ ફોર્મ છે. ખાસ કરીને વરુણ ચક્રવર્તી હજી પણ સંઘર્ષ કરી રહ્યો છે અને આ સિઝનમાં તેને એક પણ વિકેટ મળી નથી. નાઈટ રાઈડર્સની મુશ્કેલીઓમાં તેના મેનેજમેન્ટની ખોટી રણનીતિએ વધારો કર્યો છે. ટીમ મેનેજમેન્ટે રચિન રવિન્દ્ર અને ટિમ સેફર્ટ જેવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનની બહાર રાખતા અનેક સવાલો ઉભા થયા છે. તે સિવાય ટોસ જીત્યા પછીના નિર્ણયો પણ આશ્ચર્યજનક રહ્યા છે.

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જય શાહની ‘યંગ ગ્લોબલ લીડર ૨૦૨૬’ તરીકે વરણી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ના ચેરમેન જય શાહનો પ્રતિષ્ઠિત ‘યંગ ગ્લોબલ લીડર્સ ક્લાસ ઓફ ૨૦૨૬’ માં સમાવેશ કરવામાં આવ્યો છે. વૈશ્વિક ક્રિકેટના ભવિષ્યને નવો ઓપ આપવા અને રમતના વ્યાપને વધારવામાં તેમની મહત્વની ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવ્યું છે.

આઈસીસીના ચેરમેન બનતા અગાઉ જય શાહે ક્રિકેટના સંચાલનમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. જય શાહે બીસીસીઆઈના સૌથી નાની વયના સેક્રેટરી તરીકે તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત આઈપીએલના સંચાલન અને મીડિયા અધિકારોના



**વિશ્વના ૫૫ દેશના ૧૧૮ યુવા નેતાઓમાં જય શાહ સામેલ થયા**

ઐતિહાસિક સોદાઓમાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભારતમાં મહિલા ક્રિકેટના વિકાસ અને તેને વ્યવસાયિક સ્તરે લઈ જવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. ૨૦૨૮ની લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટના સમાવેશ પાછળ પણ જય શાહ એક મહત્વના સૂત્રધાર રહ્યા છે.

એક અખબારી નિવેદન મુજબ શાહની આ પસંદગી આંતરરાષ્ટ્રીય રમતગમત વહીવટમાં તેમના વધતા પ્રભાવને સાબિત કરે છે. આઈસીસીના ચેરમેન તરીકે તેમનું ધ્યાન મુખ્યત્વે ક્રિકેટનો વૈશ્વિક વ્યાપ વધારવો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી મજબૂત કરવા જેવી બાબતો અને ઉભરતા બજારોમાં ક્રિકેટના લાંબા ગાળાના વિકાસ માટે મજબૂત પાયો તૈયાર કરવા અંગેની રહી છે. ‘યંગ ગ્લોબલ લીડર્સ’ સમુદાયમાં દેશના ૪૦ વર્ષથી ઓછી વયના ૧૧૮ નેતાઓનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યસભર જૂથમાં જાહેર સેવા, વિજ્ઞાન, વ્યવસાય અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રોના અગ્રણીઓ સામેલ છે. આ વર્ષની યાદીમાં નોર્ડ સિક્યુરિટીના ટોમાસ ઓકમાનસ, WIZ.છેં ના જેનિફર ઝાંગ અને પ્રોફેસર સેલી નુઆમા જેવા વૈશ્વિક ચહેરાઓનો પણ સમાવેશ કરાયો છે. આ સન્માન દ્વારા જય શાહ વિશ્વના એવા પ્રભાવશાળી નેતાઓના નેટવર્કમાં જોડાયા છે જેઓ વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન લાવી રહ્યા છે જે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની મજબૂત હાજરીને પણ દર્શાવે છે.

## બુમરાહ-સૂર્યા-તિલકનું પત્તું કપાશે?


(એજન્સી દ્વારા) મુંબઈ : મુંબઈ ઈન્ડિયન્સની હાલત આ સીઝનમાં દયાજનક બની ગઈ છે. પંજાબ કિંગ્સ સામેની શરમજનક હાર બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાનો પિત્તો ગયો છે. પંડ્યાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે હવે ટીમમાં ‘નામ‘ જોઈને નહીં પણ ‘કામ‘ જોઈને જગ્યા મળશે અને નિષ્ફળ ગયેલા દિગ્ગજોને બહારનો રસ્તો દેખાડવામાં આવશે. મેચ બાદ હાર્દિક પંડ્યાએ પોતાની નારાજગી છુપાવી નહોતી. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ‘અમારે જોવું પડશે કે શું હવે કઠિન નિર્ણયો લેવાની જરૂર છે કે પછી અમે આમ જ ચાલતા રહીશું. આ સવાલોના જવાબ અમારે જ આપવા પડશે અને જવાબદારી પણ લેવી પડશે.’’ પંડ્યાએ સ્વીકાર્યું કે પંજાબે દરેક વિભાગમાં મુંબઈને પછાડ્યું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે મુંબઈના ત્રણ મોટા સ્ટાર્સ - જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા રડાર પર છે. સૂર્યકુમાર યાદવ ‘ગોલ્ડન ડક’ પર આઉટ થયો, ૫ મેચમાં માત્ર ૧૦૬ રન છે. જસપ્રીત બુમરાહે ૧૯ ઓવર ફેંકી પણ હજુ સુધી ‘એક પણ’ વિકેટ મળી નથી. પંજાબ સામે ૪ ઓવરમાં ૪૧ રન લુટાવ્યા હતા. તિલક વર્માના ૫ મેચમાં માત્ર ૪૩ રન છે. હાર્દિકના નિવેદન પરથી લાગે છે કે આગામી મેચમાં આમાંથી કોઈ એક કે બે ખેલાડીઓને બેન્ચ પર બેસવાનો વારો આવી શકે છે.

## હાર્દિક-બુમરાહ વચ્ચે બોલાચાલી થઈ?



(એજન્સી દ્વારા) મુંબઈ : પંજાબ અને મુંબઈ ઈન્ડિયન્સની મેચ દરમિયાન જસપ્રીત બુમરાહની ઓવરમાં જોવા મળ્યું કે હાર્દિક પંડ્યા પોતાની ઈચ્છાથી એક ફિલ્ડ બદલવા માંગતા હતા, બુમરાહ તેનાથી સહમત નહોતા. પરંતુ પછી તરત જ બુમરાહે હાથ ઊંચો કરીને માની લીધું. કેમેરા તરત જ રોહિત શર્મા પર ગયો, જેમાં તે પણ પરેશાન દેખાયા અને તેમણે પોતાનું માથું પકડી લીધું. ચાહકોને બુમરાહના રિએક્શનથી લાગી રહ્યું છે કે તેમને પણ હાર્દિકનું આ વલણ સારું લાગ્યું ન હતું.

## અર્શદીપ સિંહની ૧૦૦ આઈપીએલ વિકેટ



ત્રીજી ઓવરમાં અર્શદીપ સિંહે આઈપીએલમાં પોતાની ૧૦૦ વિકેટ પૂરી કરી. પહેલી બોલ પર તેણે રાયન રિકેલ્ટનને આઉટ કર્યો. લેગ સાઈડની બોલ પર રિકેલ્ટનનો કેચ શશાંક સિંહે પકડ્યો. આગળની બોલ પર સૂર્યકુમાર યાદવ પણ આઉટ થઈ ગયો. સૂર્યાનો કેચ ચહલે લીધો. આ સાથે અર્શદીપ આઈપીએલમાં ૧૦૦ કે તેથી વધુ વિકેટ લેનારા મુખ્ય લેફ્ટ-આર્મ પેસર્સની યાદીમાં સામેલ થઈ ગયો છે. આ યાદીમાં ટ્રેન્ટ બોલ્ટ (૧૪૪), જયદેવ ઉનડકટ (૧૧૪), આશિષ નેહરા (૧૦૬) અને ઝહીર ખાન (૧૦૨)નો સમાવેશ થાય છે. અર્શદીપ પંજાબ કિંગ્સ માટે ૧૦૦ વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો. તે પહેલા ટીમ માટે સૌથી વધુ વિકેટ પીયૂષ ચાવલા (૮૪)ના નામે હતી. રસપ્રદ વાત એ રહી કે આઈપીએલમાં પાવરપ્લેમાં ૧૧ ઈનિંગ્સ (૨૧.૧ ઓવર) પછી આ તેની પ્રથમ વિકેટ હતી. ટી૨૦ ક્રિકેટમાં પણ છેલ્લા ૯ મેચ પછી પાવરપ્લેમાં આ તેની પ્રથમ વિકેટ રહી હતી.

# મુંબઈ ઈન્ડિયન્સની સતત ચોથી હાર, પંજાબ કિંગ્સને ૭ વિકેટથી મળી શાનદાર જીત

(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલ ૨૦૨૬નો ૨૪મો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયો હતો. જેમાં પંજાબ કિંગ્સને ૭ વિકેટથી શાનદાર જીત મળી. આ મેચ વાનખેડે મેદાન પર રમાયો. જ્યાં ટોસ જીતીને પંજાબ કિંગ્સે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ મેચમાં પહેલીવાર ક્વિંટન ડિકોકને પ્લેઈંગ ૧૧માં મોકો મળ્યો હતો. આ મેચમાં ડિકોકે ૫૩ બોલમાં સદી ફટકારી હતી. તેની ઈનિંગના દમ પર મુંબઈએ ૧૯૫ રન બનાવ્યા હતા. પરંતુ પંજાબે ૧૯૬ રનનો ટોટલ ૧૭મી ઓવરમાં જ ચેજ કરી લીધો. પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર આવી ગઈ છે. પંજાબની ટીમ આ સીઝનની અત્યાર સુધીની એકપણ મેચ નથી હારી. પંજાબ કિંગ્સના સલામી બેટર પ્રભસિમરન




સિંહ અને શ્રેયસ અય્યરે ૧૩૯ રનની શાનદાર ભાગીદારી કરી. પરંતુ તેમણે કોઈ પાર્ટનરશિપનો નહીં પરંતુ વ્યક્તિગત રીતે મોટો રેકોર્ડ બનાવ્યો છે. પ્રભસિમરન સિંહ ૨૫ વર્ષની ઉંમર સુધી પંજાબ કિંગ્સ માટે સૌથી વધુ ૫૦+ સ્કોર કરનારા બેટર બની ગયા છે. આ તેમની પંજાબ માટે ૧૦મી એવી ઈનિંગ રહી જેમાં તેમણે ૫૦ કે તેનાથી વધુ રન બનાવ્યા હોય. તેમણે ડેવિડ મિલર (૯)નો રેકોર્ડ તોડ્યો. બીજી તરફ શ્રેયસ અય્યરે પોતાના લાંબા અને વિશાળ આઈપીએલ કરિયરમાં પહેલીવાર વાનખેડે મેદાન પર અડધી સદીની ઈનિંગ રમી છે. અય્યરે આ મેચમાં ૩૫ બોલમાં ૬૬ રન બનાવ્યા.

# શ્રેયસ ઐયરે ‘સુપરમેન’ની જેમ જબરદસ્ત કેચ પકડ્યો, રોહિત-સૂર્યા જોતા રહી ગયા

(એજન્સી દ્વારા)

મુંબઈ : વાનખેડે સ્ટેડિયમ ખાતે શ્રેયસ ઐયરે કમાલ કરી હતી, જે આઈપીએલના ઈતિહાસમાં શ્રેષ્ઠ ફિલ્ડિંગ મોમેન્ટ્સ માંથી એક માનવામાં આવે છે. જેમાં પંજાબ કિંગ્સના કેપ્ટને શાનદાર પ્રયાસથી મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાની ઈનિંગ્સનો અંત કર્યો હતો.

આ ઘટના મેચની ૧૮મી ઓવરના ત્રીજા બોલ પર બની હતી, જ્યારે માર્કો જાનસેન બોલિંગ કરી રહ્યો હતો. હાર્દિકે ઓફ સ્ટમ્પથી દૂર જતા બોલ પર એક જોરદાર શૉટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે યોગ્ય શૉટ રમી શક્યો ન હતો અને બોલ લોંગ-ઓન તરફ હવામાં ઉડી ગયો હતો. જેમાં લોંગ-ઓન પર તૈનાત શ્રેયસ ઐયરે અહીં એક જોરદાર કમાલ કરી



હતી. તેવામાં ઐયર પોતાની ડાબી બાજુ દોડીને હવામાં કૂદકો લગાવીને બોલને પકડી પાડ્યો હતો. ખાવ વાત એ છે કે, ઐયરે સંતુલન ગુમાવવા છતાં તેણે બોલને લોંગ-ઓફ તરફ ફ્લિક કર્યો જ્યાં ઝેવિયર બાર્ટલેટે એક સરળ કેચ કર્યો હતો.

કોમેન્ટ્રી કરી રહેલા રવિ શાસ્ત્રી પણ આ શાનદાર પ્રયાસથી ચોંકી ગયા હતા. તેમણે ઐયરની સ્ટ્રેન્થ અને બેલેન્સની પ્રશંસા કરી હતી. આ કેચ જેટલો અદભુત હતો તેટલો જ મુશ્કેલ પણ હતો. કેચ પકડ્યા પછી તરત જ શ્રેયસ ઐયરે મુંબઈના દર્શકો તરફ ઈશારો કર્યો અને કાન પર હાથ મૂક્યો હતો. સમગ્ર દ્રશ્ય થોડી જ વારમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયા હતા. ડગઆઉટમાં બેઠેલા સૂર્યકુમાર યાદવ કેચ જોઈને સ્તબ્ધ થઈ ગયો હતો. જ્યારે તેની બાજુમાં બેઠેલો રોહિત શર્મા પણ કેચ જોઈને ચોંકી ગયો હતો.

# આઈપીએલમાં ફરી મોબાઈલ કાંડ

(એજન્સી દ્વારા)

બેંગ્લોર : આઈપીએલ ૨૦૨૬માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચેની મેચ દરમિયાન આરસીબીના ખેલાડી જીતેશ શર્મા પર મોબાઈલ ફોન વાપરવાનો આરોપ લાગ્યો છે. મેચ ચાલુ હતી તે દરમિયાન જીતેશના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બે સ્ટોરી પોસ્ટ કરવામાં આવી હતી, જેણે બીસીસીઆઈ અને ફેન્સનું ધ્યાન ખેંચ્યું છે. આઈપીએલના એન્ટી કરપ્શન નિયમો મુજબ મેચ દરમિયાન ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ કે મેદાન પર ફોનનો ઉપયોગ કરી શકતા નથી. હવે બીસીસીઆઈ આ મામલે તપાસ કરી રહી છે અને જો જીતેશ દોષી જણાશે તો તેની સામે કડક કાર્યવાહી થઈ શકે છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે લખનૌ સામેની મેચમાં




જીતેશ શર્માએ માત્ર ૯ બોલમાં ૨૩ રનની તોફાની ઈનિંગ રમી હતી. જેમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ હતા. જોકે, જ્યારે મેચ હજુ ચાલુ જ હતી, ત્યારે જ જીતેશ શર્માના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી બે સ્ટોરી શેર કરવામાં આવી હતી. આ સોશિયલ મીડિયા એક્ટિવિટીને કારણે ક્રિકેટ વર્તુળોમાં પ્રશ્નો ઊભા થયા છે કે મેચ દરમિયાન ખેલાડી પાસે મોબાઈલ ફોન કેવી રીતે હોઈ શકે? આઈપીએલના પ્રોટોકોલ મુજબ, મેચ શરૂ થતા પહેલા ખેલાડીઓએ પોતાના મોબાઈલ ફોન એન્ટી કરપ્શન યુનિટ પાસે જમા કરાવવા પડે છે અને મેચ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ તેનો ઉપયોગ કરી શકતા નથી.

બીસીસીઆઈ અત્યારે એ તપાસી રહ્યું છે કે શું આ પોસ્ટ જીતેશ શર્માએ પોતે કરી હતી કે તેના સોશિયલ મીડિયા મેનેજર અથવા પરિવારના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવી હતી. સામાન્ય રીતે મોટા ખેલાડીઓના સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમની પીઆર ટીમ દ્વારા સંચાલિત થતા હોય છે, પરંતુ મેચ દરમિયાન લાઈવ અપડેટ્સ જેવી પોસ્ટ મૂકવી એ ઘણીવાર ગેરસમજ અને વિવાદનું કારણ બને છે. જો જીતેશે પોતે ફોનનો ઉપયોગ કર્યો હોવાનું સાબિત થશે, તો તેને ભારે દંડ અથવા મેચ સસ્પેન્શન જેવી સજા ભોગવવી પડી શકે છે.

આરસીબી મેનેજમેન્ટ દ્વારા હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. જીતેશ શર્માની વર્તમાન ફોર્મ પણ ચિંતાનો વિષય છે, કારણ કે તે સતત રન બનાવવામાં સંઘર્ષ કરી રહ્યો છે અને આવા સમયે આ પ્રકારનો વિવાદ તેની કારકિર્દી માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

## “ઢોંસા, ઈડલી, સાંભાર- ચટણી ગીત” કેમ વગાડ્યું ? બીસીસીઆઈને ફરિયાદ

(એજન્સી દ્વારા) બેંગલુરૂ : ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝી ચેન્નાઈ સુપર કિંગ્સએ બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા પાસે ફરિયાદ નોંધાવી છે. તેમનો આરોપ છે કે ૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આરસીબી (રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર) સામેની આઈપીએલ ૨૦૨૬ની મેચ દરમિયાન તેઓને અવમાનિત અને અપમાનિત કરવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ, સ્ટેડિયમના ડીજેએ મેચ દરમિયાન “ઢોંસા, ઈડલી, સાંભાર-ચટણી ગીત વગાડ્યું હતું. આ ગીત સંગીતકાર ગાના અપ્પુએ બનાવ્યું છે અને સોશિયલ મીડિયા પર તે દક્ષિણ ભારતીય સ્ટીરિયોટાઈપ્સના મીમ્સમાં વાયરલ થયું છે. સીએસકેને આ ગીતના સમય અને સંદર્ભને અયોગ્ય માન્યું હતું. એક ટોચના આઈપીએલ અધિકારીએ મીડિયાને જણાવ્યું કે ગવર્નિંગ કાઉન્સિલને સીએસકે તરફથી ફરિયાદ મળી છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. ગત વર્ષે આ જ ગીત વાયરલ થયું હતું જ્યારે જિતેશ શર્માએ તે ગાતા જોવા મળ્યા હતા. ત્યારે સીએસકેના ફેન્સે જિતેશને ટ્રોલ કર્યા હતા, પરંતુ સીએસકે ફ્રેન્ચાઈઝીએ તે સમયે હસ્તક્ષેપ કરીને વિરોધી ખેલાડીઓ તરફ કોઈ ટિપ્પણી ન થાય તેની ખાતરી કરી હતી. સીએસકેએ ડીજેની કેટલીક ટિપ્પણીઓ પર પણ વાંધો ઉઠાવ્યો છે. તેમના ખેલાડીઓના આઉટ થવા પછી ડીજેએ જે રીતે ગીતો વગાડ્યા, તેને સીએસકેએ અપમાનજનક માની છે. સીએસકેના એક અધિકારીએ કહ્યું, તેઓ (ડીજે) ત્યાં ઘરની ટીમને સપોર્ટ કરવા માટે છે, પરંતુ વિરોધી ટીમને અવમાનિત કરવા અથવા અપમાનિત કરવા માટે નથી.

# ધર્મેન્દ્રના નિધન પછી બોબી દેઓલ ઈશા અને અહાનાથી વધુ નજીક આવ્યો

(એજન્સી દ્વારા)

મુંબઈ : અભિનેતા બોબી દેઓલ પોતાના પિતા ધર્મેન્દ્રના અવસાન પછીના દુઃખમાંથી પસાર થઈ રહ્યો છે. આ ખાલીપાની લાગણી વિશે વાત કરતા તેણે સ્વીકાર્યું કે ઘણીવાર તેને લાગે છે કે કાશ તેણે પિતા સાથે વધુ સમય પસાર કર્યો હોત. તેણે એમ પણ કહ્યું કે આ નુકસાને અનાયાસે તેને તેની બહેનો ઈશા દેઓલ અને અહાના દેઓલ સાથે વધુ નજીક લાવ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં, બોબીએ પોતાના પિતા ધર્મેન્દ્રને ગુમાવવાના દુઃખ અને તે પછી પરિવાર કેવી રીતે વધુ નજીક આવ્યો તેની વાત કરી. બોબીએ કહ્યું, “ઘણા દિવસો એવા આવે છે જ્યારે મને લાગે છે કે કાશ હું તેમની સાથે વધુ બેઠો હોત. કાશ મેં તેમને વધુ પ્રશ્નો પૂછ્યા હોતપ હવે હું




પહેલાં કરતાં વધુ, મારા દીકરાઓ, પત્ની અને પરિવાર સાથે સમય પસાર કરવાનું મહત્વ સમજ્યો છું. બોક્સ ઓફિસ, રિવ્યૂ, રોલ્સપ અંતે એ બધું મહત્વનું નથી. સાચી સફળતા એ છે કે તમે તમારા પ્રિયજનો સાથે કેટલો સમય પસાર કરી શકો છો. જો શેર કરવા માટે કોઈ ન હોય તો નામ અને પૈસાનો શું ફાયદો? હું હજુ પણ તેમના ઈન્સ્ટાગ્રામના વિડિઓઝ જોતો રહું છું. તે ખૂબ જ સહજ અને હુંફાળા વ્યક્તિ હતા. ક્યારેક લાગે છે કે તેઓ સીધા મારી સાથે વાત કરી રહ્યા છે.’’

# નવી પેઢીની એક્ટ્રેસે સ્ટેટમેન્ટ સિલ્વેટ્સ અને પાવર ડ્રેસિંગની સ્ટાઈલને નવી વ્યાખ્યા આપી

(એજન્સી દ્વારા) મુંબઈ : એક સમય હતો, જ્યારે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક્ટ્રેસની સ્ટાઈલ અને ડ્રેસિંગ લગભગ સરખું અને નક્કી જેવું જ રહેતું, જેમકે, કોઈ અવોર્ડ કે વેન્ટમાં તેઓ ગાઉન કે વેસ્ટર્ન ડ્રેસીસમાં જોવા મળતી કે પછી સાડી કે કોઈ એથનિક ડ્રેસ. પણ આજની નવી પેઢીની એક્ટ્રેસ ફેશન અને ડ્રેસિંગને નવી વ્યાખ્યા આપી રહી છે. આ અભિનેત્રીઓ ધીમે ધીમે ઈન્ડસ્ટ્રીનાં ફેશન નેરેટિવને નવી રીતે ઘડી રહી છે, સ્ટાઈલમાં વધુ સ્પષ્ટ અને વ્યક્તિગત અભિગમ લાવી રહી છે. પરંપરાગત રેડ કાર્પેટ ગ્લેમરથી આગળ વધીને, સહર બાંબા, અનન્યા પાંડે, અનીત પડ્ડા અને પ્રતિભા રાંટા જેવી અભિનેત્રીઓ એવા સિલુએટ્સ અને કાપડનાં ડ્રેસીસના પ્રયોગો કરી રહી છે જે ક્રિએટિવિટી, વર્સેટાઈલ ફેશન અને વ્યક્તિગત ઓળખને દર્શાવે છે.




પ્રતિભા રાંટા

સહેર બાંબા

અનીત પડ્ડા

અનન્યા પાંડે

● **સહેર બાંબા :** સહેર બાંબાની ફેશન ચોઈસીસ ચોકસાઈ અને નિયંત્રણ પર આધારીત હોય છે, જેમાં ક્લીન કટ્સ અને સ્ટ્રક્ચર્ડ ફિટ્સને હાઈલાઈટ કરવામાં આવે છે. તેનાં તાજેતરનાં લૂકમાં કોર્સેટ સાથે વોલ્યુમિનસ સ્કર્ટનું જોડાણ જોવા મળ્યું, જે ધારદાર ટેલરિંગ અને પ્રવાહીતા વચ્ચેનું સંતુલન દર્શાવે છે અને તેની એવી પસંદગીને દર્શાવે છે કે જેમાં લૂક સ્પષ્ટ અને સંતુલિત હોય.

● **અનન્યા પાંડે :** બીજી તરફ, અનન્યા પાંડે એવા ક્ષેત્રમાં પ્રયોગ ચાલુ રાખે છે જ્યાં કમ્ફર્ટ અને પૉલિશનું મિશ્રણ જોવા મળે છે. તેની સ્ટાઈલ ઘણીવાર આરામદાયક પાસાને નવી ઓળખ આપવાની સાથે ટેલરિંગ સાથે જોડે છે, જેને કારણે તે આધુનિક હોવાની સાથે સમજવી સરળ બને છે. કો-ઓર્ડિનેટેડ બ્લેઝર અને સ્કર્ટ ઓન્સેમ્બલ તેનાં આધુનિક પાવર ડ્રેસિંગના અભિગમને દર્શાવે છે, જેમાં સ્ટ્રક્ચર સાથે સોફ્ટ ફિનિશ જોવા મળે છે.

● **અનીત પડ્ડા :** અનીત પડ્ડા મિનિમલ અને ચોક્કસ રીતે બનાવેલા આઉટફિટ્સ દ્વારા આ લીગમાં પોતાનું સ્થાન બનાવી રહી છે, જેમાં ફિટિંગ અને પ્રોપોર્શનને પ્રાથમિકતા આપવામાં આવે છે. તેની સ્ટાઈલમાં બહુ દેખાડા કે ભપકા નથી હોતા, જ્યાં સિલ્વેટ અને સ્ટાઈલ સજાવટ કરતાં વધુ મહત્વ ધરાવે છે. સ્ટ્રક્ચર્ડ બ્લેઝર લૂક્સ તેની વિકસતી ફેશન ઓળખમાં કેન્દ્રસ્થાને છે.

● **પ્રતિભા રાંટા :** પ્રતિભા રાંટા અલગ અને વિરોધાભાસી કોમ્બિનેશન કેન્દ્રમાં લાવે છે, ઘણીવાર નરમ અને ફેમિનાઈન તત્વોને વધુ સ્પષ્ટ સિલુએટ્સ સાથે જોડે છે. તેની સ્ટાઈલમાં એક પ્રકારનો વિરોધાભાસ જોવા મળે છે જે સુક્ષ્મ અને અસરકારક બંને છે, જેમ કે ફિટેડ ગાઉન્સ જે ક્લીન લાઈન્સને હાઈલાઈટ કરે છે અને બોલ્ડ ડિઝાઈન અલગ તત્વો ઉમેરે છે.

## ફિલ્મમાં ૧૦૦-૧૦૦ ગુંડાઓને મારનાર સુપરસ્ટાર વિજય, રિયલ લાઈફમાં છે ડરપોક



(એજન્સી દ્વારા)

મુંબઈ : તમિલનાડુમાં ૨૩ એપ્રિલના રોજ વિધાનસભાની ચૂંટણી છે. અભિનેતામાંથી નેતા બનેલા થલાપતિ વિજયે પ્રચાર કરવામાં કોઈ કસર છોડી નથી. હાલમાં તે કન્યાકુમારીમાં સાઈકલ પર રેલી કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન એક એવી ઘટના બની જેની ચાહકો હવે મજાક ઉડાવી રહ્યા છે. એક ચાહકે સાઈકલ ચલાવી રહેલા થલાપતિ વિજય પર ફેલ ફેક્યા હતા. અભિનેતા ડરી ગયો તેને લાગ્યું કે, આ બોમ્બ છે અને તે સાઈકલ છોડી ભાગતો જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર થલાપતિ વિજયની રેલીનો વીડિયો સામે આવ્યો છે. જે હાલ ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં થલાપતિ વિજય સાઈકલ ચલાવતો જોવા મળી રહ્યો છે.

# ગુજરાતી સિંગર કાજલ મહેરિયાએ કર્યા પ્રેમ લગ્ન

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ: ગુજરાતની વધુ એક જાણીતી સિંગરના લગ્નનો વિવાદ સામે આવ્યો છે. બેવફા સોંગ ક્વીન તરીકે ઓળખાતી કાજલ મહેરિયાએ પરિવારની જાણ બહાર લગ્ન કરી લેતા તેના ભાઈ સંદીપ મહેરિયાએ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને સમાજને મદદ માટે વિનંતી કરી છે.

સંદીપ મહેરિયાએ પોસ્ટ કરીને લખ્યું કે, ગુજરાતના સિંગર કાજલબેન મહેરિયાએ ઘર-પરિવારની જાણ બહાર લગ્ન કર્યા છે. સમાજ કે પરિવારને જાણ નથી. જેથી આ સમાજ તથા ૧૮ આલમ મહેરિયા પરિવારને સપોર્ટ કરવા વિનંતી. કાજલ મહેરિયાના પરિવારનો દાવો છે કે આટલી મોટી સેલિબ્રિટી હોવા છતાં સામાજિક મર્યાદાઓનો ભંગ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટને કારણે સમાજના અગ્રણીઓમાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. હાલ સુધી કાજલ મહેરિયાની તરફથી આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જેના કારણે મામલો વધુ ચર્ચામાં આવ્યો છે. ચાહકો અને સમાજના લોકો આ મુદ્દે ગાયિકાની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છે. કાજલ મહેરિયા ગુજરાતની લોકપ્રિય ગાયિકા છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં તેમનો એક વિશાળ ચાહક વર્ગ છે, જે તેમની ગાયકીને ખૂબ જ પસંદ કરે છે. તેઓ મૂળ મહેસાણા જિલ્લાના વતની છે. સંગીત ક્ષેત્રે તેમણે ખૂબ જ ટૂંકા ગાળામાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે અને ગુજરાતી સંગીત જગતમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.




## અહસાસ ચન્નાની ‘ગુદગુદી’ કાન ૨૦૨૬ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદગી પામી

(એજન્સી દ્વારા) મુંબઈ : મનિષા મકવાણા દ્વારા નિર્દેશિત ગુદગુદીનું માર્ચે ડ્યુ ફિલ્મ વિભાગ હેઠળ પ્રીમિયર થશે, જે ભારતીય સિનેમાની વૈશ્વિક પહોંચને ઉજાગર કરે છે. અહસાસ ચન્ના અભિનીત ફિલ્મ ગુદગુદીના નિર્માતાઓએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે કે ફિલ્મને સત્તાવાર રીતે ૭૯મા કાન ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬ના માર્ચે ડ્યુ ફિલ્મ વિભાગ હેઠળ સ્ક્રીનિંગ માટે પસંદ કરવામાં આવી છે, જે ૧૨ મેથી ૨૩ મે, ૨૦૨૬ દરમિયાન યોજાવાનો છે. આ પસંદગી પ્રોજેક્ટ માટે એક મહત્વની છે, જેમાં તેને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ પ્લેટફોર્મ પર સ્થાન આપવામાં આવ્યું છે.



# નખત્રાણાની ઝીલ વસાહતમાં પીવાના પાણી માટે ફાંફા

**ભારતીય રાજદૂત જી.વી. શ્રીનિવાસનની ઉપસ્થિતિમાં તેજોત્સવી કાર્યક્રમ-સાંસ્કૃતિક એકતાનો મહોત્સવ**

નખત્રાણા - કચ્છ ઉદય : શહેરની ઝીલ વસાહતમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની તંગી સતત વધી રહી છે, જેના કારણે રહેવાસીઓ ખાસ કરીને ગૃહિણીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ છે. નિયમિત પાણી ન મળવું અને વારંવાર પુરવઠો બંધ થઈ જવો જેવી પરિસ્થિતિએ સ્થાનિક લોકોનું દૈનિક જીવન પ્રભાવિત કર્યું છે.

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાણી જેવી જીવનજરૂરી સુવિધા માટે લોકોને હવે ખાનગી ટેન્કરો પર આધાર રાખવો પડી રહ્યો છે. રહેવાસીઓ મુજબ દર વખતે ૬૦૦થી ૭૦૦ રૂપિયા ખર્ચીને ટેન્કર મંગાવવાની ફરજ પડે છે, જેના કારણે ઘરખર્ચ પર વધારાનો બોજ પડી રહ્યો છે.

ઝીલ રેસિડેન્સી વિસ્તારમાં લાંબા સમયથી પાણીનો પુરવઠો અસ્થિર રહ્યો છે. અનેક વખત તો સતત ઘણા દિવસો સુધી પાણી ન મળવાથી લોકો મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. ખાસ કરીને મહિલાઓને પાણીની વ્યવસ્થા માટે દિવસભર દોડધામ કરવી પડી રહી છે. તાજેતરમાં એક સપ્તાહથી પાણી સંપૂર્ણ બંધ રહેતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. અંતે કંટાળેલા રહેવાસીઓએ નગરપાલિકા કચેરી પહોંચીને ચીફ ઓફિસર ભાવિન કાંધાણી સમક્ષ લેખિત રજૂઆત કરી અને તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે પાણી પુરવઠાની આ ગંભીર સમસ્યા ઝડપથી હલ ન થાય તો લોકોની મુશ્કેલીઓ વધુ વધી શકે છે અને દૈનિક જીવન સંપૂર્ણ રીતે ખોરવાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

# માંડવીમાં સાધુ-સંતોએ જ્ઞાતિવાદ ભૂલી સાથે રહેવા આપી અપીલ

**હિન્દુ જાગૃતિ મંચના સ્નેહમિલનમાં સમાજ એકતા, સંસ્કાર અને સંગઠન પર વિસ્તૃત ચર્ચા**

માંડવી - કચ્છ ઉદય : અહીં રામેશ્વર મહાદેવ મંદિર ખારવા સમાજની વાડી ખાતે હિન્દુ જાગૃતિ મંચના ઉપક્રમે હિન્દુ સમાજની વિવિધ પેટા જ્ઞાતિઓના પ્રમુખો, મહિલા મંડળો તથા યુવક મંડળોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સાધુ-સંતોની અધ્યક્ષતામાં સ્નેહમિલન અને ગોષ્ઠિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજ એકતા, ધાર્મિક જાગૃતિ અને સંસ્કાર સંવર્ધન જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. જેમાં સોનલલાલજી મહારાજ (ગાદીપતિ, નારાયણ સરોવર જાગીર), રવિગિરિ મહારાજ (મહંત, જ્યોતેશ્વર મહાદેવ મંદિર, ડોણ) અને પ્રદિપ્તાનંદજી મહારાજ (અધ્યક્ષ, આર્ષ અધ્યયન કેન્દ્ર, માધાપર) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંતોના આશીર્વાદ સાથે સમગ્ર વાતાવરણ ધાર્મિક અને ભાવનાત્મક બન્યું હતું.

ખારવા સમાજ માંડવીના પ્રમુખ જિગરભાઈ ધાયાણીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે હિન્દુ જાગૃતિ મંચમાં કોઈ સ્થાયી હોદ્દેદારો કે બંધારણીય કમિટી રચવામાં નહીં આવે. સમાજના તમામ વર્ગો અને પ્રતિનિધિઓને સમાન રીતે જોડીને સામૂહિક રીતે કાર્ય આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહંત રવિગિરિ મહારાજે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે સનાતન ધર્મના વિશાળ છત્ર તળે તમામ વાડા, પંથ અને જ્ઞાતિવાદને ભૂલીને એકતાથી આગળ વધવું સમયની માંગ છે. સમાજમાં ભાઈચારો અને સંગઠન મજબૂત બને તો જ સંસ્કૃતિ વધુ સશક્ત બની શકે છે.

સોનલલાલજી મહારાજે સમાજને સ્પર્શતા પ્રશ્નો અંગે એકતા સાથે આગળ આવીને સમાધાન શોધવાની અપીલ કરી હતી, જ્યારે પ્રદિપ્તાનંદજી મહારાજે હિન્દુ સમાજની ઘટતી વસ્તી, બદલાતી ડેમોગ્રાફી અને નવી પેઢીમાં સંસ્કાર સંવર્ધનની જરૂરિયાત અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે બાળકોને ધાર્મિક સંસ્કાર કેન્દ્રો સાથે જોડવા અને સનાતન પરંપરાથી પરિચિત કરાવવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં શાળાઓમાં બનેલી કેટલીક ઘટનાઓ અંગે પણ ચિંતન કરવામાં આવ્યું હતું. સાથે જ માંડવી હિન્દુ સ્મશાન અને બાળ સ્મશાનને ફેન્સિંગથી સુરક્ષિત બનાવવા, યોગ્ય સૂચક બોર્ડ લગાવવા અને સ્થળની ગૌરવતા જાળવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

અંતે યુવાનો દ્વારા દર મહિને ચોથા શનિવારે હનુમાન ચાલીસાના પાઠ કરવા નિર્ણય લેવાયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન બિપિનભાઈ ફોફીંડી દ્વારા કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં પણ આવી ગોષ્ઠિઓ યોજીને સમાજ એકતાને વધુ મજબૂત બનાવવા સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

# કરોલપીરના ત્રિદિવસીય મેળામાં ભક્તિ, ભાઈચારો અને લોકસંસ્કૃતિનો ભવ્ય સંગમ

**ચાદરપોશી, કવ્વાલી અને બખ મલાખડાના રોમાંચ સાથે મેળામાં અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા**

નખત્રાણા : કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના આમારા ગામ નજીક આવેલા પવિત્ર કરોલપીર દરગાહ ખાતે યોજાયેલા ત્રિદિવસીય મેળામાં આ વર્ષે વિશાળ જનસમૂહ ઉમટ્યો હતો. દરગાહથી આશરે એક કિલોમીટર દૂર યોજાયેલા આ ધાર્મિક-સાંસ્કૃતિક મેળામાં અંદાજે અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓએ હાજરી આપી માથું ટેકવી ધન્યતા અનુભવી હતી.

મેળામાં ધાર્મિક વિધિઓ સાથે લોકસંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ચાદરપોશી, સંદલ વિધિ ઉપરાંત કચ્છી કવ્વાલી, કચ્છી પાવા અને પરંપરાગત બખ મલાખડો મુખ્ય આકર્ષણ તરીકે ઉભરી આવ્યા હતા. કચ્છના વિવિધ વિસ્તારોમાંથી આવેલા મલાખડા રસિકોએ ઉત્સાહભેર ભાગ લઈ સમગ્ર વાતાવરણને રમણીય બનાવી દીધું હતું.

રવિવારથી શરૂ થયેલા આ મેળાના બીજા દિવસે સોમવારે પરંપરાગત ચાદરપોશી વિધિ ભક્તિભાવપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ વિમળાબેન પટેલ, ઉપસરપંચ સિધીક લોહાર, સોઢા દિલીપ સિંહ, મુજાવર ઉમરભાઈ, જુમા મુજાવર, વેરશીભાઈ આહીર, અલીભાઈ સહિતના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ધાર્મિક વિધિમાં સહભાગી બન્યા હતા. રાત્રિના સમયે કચ્છી પાવા અને કચ્છી કાફીના સુરીલા કાર્યક્રમોએ સમગ્ર મેળાને સંગીતમય બનાવી દીધો હતો. સુફિયાના રાગ-રાગિણી, કવ્વાલી અને લોકસંગીતની પ્રસ્તુતિઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દૂર-દૂરથી આવેલા શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ આ લોકસાંસ્કૃતિક રંગમાં સંપૂર્ણ રીતે તણાઈ ગયા હતા. બખ મલાખડાની સ્પર્ધામાં વિજેતા તરીકે જત સલીમ ફુલરા, મોકરશી સલીમ (ભદ્રાવાંઢ), જત ઉમર (ફુલરા), મુબારક મોકરશી (ભદ્રાવાંઢ), લતીફ મંધરા, ડાડા સુમરા અને સમીર નોતિયાર રહ્યા હતા. સ્પર્ધાનું નિરીક્ષણ પંચ તરીકે સુમરા ઓસમાણ, સોઢા દિલુભા અને સોતા હાજી મામદે કર્યું હતું. મેળામાં હિન્દુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓની વિશાળ અને સદભાવપૂર્ણ ઉપસ્થિતિ જોવા મળી હતી. પિંજારા ઈસ્માઈલ, પરેશ રૂપારેલ, ઈસ્માઈલ લખાના, પીયૂષ પટેલ, ભરત વાઘેલા, હાસમ નોતિયાર સહિતના અનેક આગેવાનો મેળામાં જોડાયા હતા.

માજી સરપંચ વેરશીભાઈ આહીરે જણાવ્યું હતું કે આવા મેળાઓ કચ્છની સાંસ્કૃતિક એકતા, ભાઈચારો અને પરંપરાગત વારસાને જીવંત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સમગ્ર ત્રિદિવસીય મેળો શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક આનંદ માણ્યો હતો.

# ભુજમાં અભિવ્યક્તિ - ૨૦૨૬ ફેશન-શોનું આયોજન

**ભવનાથ મહિલા મંડળ દ્વારા સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને મંચ આપવા કાર્યક્રમ યોજાશે : વિવિધ વયજૂથની બહેનો-બાળકો ભાગ લેશે : કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકઓ ૨૦ એપ્રિલ સુધી નામ નોંધાવી શકશે**

ભુજ - કચ્છ ઉદય : ભવનાથ મહિલા મંડળ દ્વારા શહેરની બહેનો અને બાળકો માટે ફેશન-શો "અભિવ્યક્તિ - ૨૦૨૬"નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૨૩ એપ્રિલના સાંજે ૫ વાગ્યે વિવેકાનંદ પાર્ક, ભાનુશાલી નગર ખાતે યોજાશે. ફેશન-શોમાં ૧૦ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૫ વર્ષ, ૨૫ થી ૫૦ વર્ષ તથા ૫૦ વર્ષથી ઉપરના વયજૂથની બહેનો અને બાળકો ભાગ લઈ શકશે. વિવિધ વયજૂથોને મંચ પર પોતાની પ્રતિભા અને આત્મવિશ્વાસ રજૂ કરવાની તક આપવામાં આવશે.

આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમનો હેતુ સમાજમાં રહેલી સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ બહેનો અને બાળકોને એક સકારાત્મક અને સાંસ્કૃતિક મંચ પૂરો પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ હેમલતાબેન ગોર (૯૯૨૫૯ ૬૬૯૭૭), બંસરીબેન ધોળકિયા (૯૯૭૯૦ ૧૮૫૪૦) તથા કલ્પનાબેન શાહ (૯૦૯૯૦ ૩૭૩૬૪)નો સંપર્ક તા. ૨૦ એપ્રિલ સુધી કરવા જણાવાયું છે. કાર્યક્રમને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં ભાગલેનારાઓ જોડાશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# કચ્છ જિલ્લા સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિની કારોબારી બેઠક મળી



ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે કચ્છ જિલ્લા સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિની બેઠક પ્રમુખ કનૈયાલાલ એચ. અબોટી ભુજની અધ્યક્ષતામાં યોજાયેલી હતી. આવકાર પ્રવચન બાદ અને ગાયત્રી મંત્ર મહામંત્રી મહેશભાઈ અબોટી (આદિપુર) તથા હરિઓમભાઈ અબોટી (મોટા લાયજા), ઉપપ્રમુખ મનોજભાઈ અબોટી (અંજાર), ભાવિનભાઈ અબોટી (જખૌ) દ્વારા સુચનો કરેલ હતા.

સમાજમાંથી દાતાઓ ડોનેશન એકત્રિત કરાવી, જિલ્લા- તાલુકાના કારોબારીના ડોનેશન એકત્રીત કરાવી સિલક ખજાનચી નરેન્દ્રભાઈ અબોટી પાસે જમા કરાવવી હાથ ઉપર સિલક હોવાથી સરસ્વતી સન્માન, સમુહલગ્ન, યજ્ઞોપવિત સમુહમાં થઈ શકે છે. કાર્યક્રમો યોજવા માટે ડોનેશન જરૂરી છે, જે માટે સમાજ પાસે ટહેલ નાખવાનું નક્કી કર્યું હતું. દરેક પરીવારના ચુલા દીઠ રૂા. ૧૦૦ જિલ્લા તથા રૂા. ૧૦૦ તાલુકા દીઠ લેવાનું નક્કી કરેલ છે. ભુજ તાલુકા સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ બટુકભાઈ અબોટી (સુખપર), મહામંત્રી પરેશભાઈ અબોટી (ભુજ), સંગઠનમંત્રી આનંદભાઈ અબોટી (ભુજ), ખજાનચી નીલેશભાઈ અબોટી (ભુજ), કપિલભાઈ અબોટી, હિતેશભાઈ અબોટી, પ્રશાંતભાઈ અબોટી, કેતનભાઈ અબોટી (ભુજ) હાજર રહેલા હતા. પ્રમુખ બટુકભાઈ અબોટી તથા મહામંત્રી પરેશભાઈ અબોટી હાજર રહેલા હતા. ભુજ ખાતે અબોટી બ્રહ્મપુરી બનાવા જમીન લેવા અંગેના સુચનને સૌએ વધાવી લીધેલ સંપ, એકતા, સંયમથી બેઠક યોજાઈ હતી. સમાજવાડી બનાવા નકકી કરેલ છે તે અંગે નજીકના ભવિષ્યમાં સારા કાર્યો કરવા વિચારણા કરેલ છે. મીટીંગ શાંતિના માહોલથી થયેલ હતી. સંચાલન મહામંત્રી હરિઓમભાઈ અબોટી તથા આભારવિધિ ખજાનચી નરેન્દ્રભાઈ અબોટીએ કરી હતી.

# લક્ષ્મીનારાયણ મંદિરના પાટોત્સવની ભવ્ય ઉજવણી મંગળવારે થશે

**કીર્તનસંધ્યા, પ્રાગટ્ય મહોત્સવ અને આખા દિવસના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

ભુજ - કચ્છ ઉદય : છઠ્ઠીબારી વિસ્તારમાં આવેલ પ્રાચીન લક્ષ્મીનારાયણ મંદિરનો પાટોત્સવ આવનારા તા. ૨૧-૪-૨૬ના મંગળવારે ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ અવસરે ધાર્મિક ભાવના સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પાટોત્સવ પૂર્વે તા. ૨૦-૪ના રોજ સાંજે ૭ વાગ્યે મંદિરના પટાંગણમાં વિશેષ કીર્તનસંધ્યા યોજાશે. આ કાર્યક્રમમાં પ્રગતિ મહેતા તથા વિપુલ મહેતા અને તેમના સાથીદારો દ્વારા શ્રીનાથજી ભક્તિ આધારિત ભજન-કીર્તનની ભાવસભર રજૂઆત કરવામાં આવશે.

મુખ્ય પાટોત્સવના દિવસે તા. ૨૧-૪ના રોજ સવારે ૫:૩૦ વાગ્યાથી પ્રાગટ્ય મહોત્સવની શરૂઆત થશે અને આખો દિવસ વિવિધ ધાર્મિક વિધિ, પૂજન, આરતી તથા ભક્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર દિવસ દરમિયાન મંદિર પરિસર ભક્તિમય માહોલમાં ગુંજતું રહેશે.

આ અવસરે મંદિરના મુખિયાજી અતુલ ભટ્ટે તમામ ભાવિક જનતાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પાટોત્સવનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# કંડલા પોર્ટમાં ૨૨ લાખના સોલવન્ટ જથ્થાને રાજ્યસાત કરતો હુકમ હાઈકોર્ટ દ્વારા રદ


ગાંધીધામ - કચ્છ ઉદય : કંડલા પોર્ટ પર વર્ષ ૨૦૧૩માં આયાત કરવામાં આવેલા સોલ્વન્ટના જથ્થાના સંગ્રહ બાબતે થયેલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આયાતી જથ્થા પૈકી ૫ ટકા રકમ (આશરે રૂ. ૨૨.૦૪ લાખ) રાજ્યસાત કરવાના હુકમને ગેરકાયદે ઠેરવી રદ કરવાનો આદેશ કર્યો છે.

મુંબઈની 'વિનશ પેટ્રોકેમિકલ્સ (બોમ્બે) પ્રા.લિ.' નામની કંપનીએ જૂન ૨૦૧૩માં રોમાનિયાથી ૫૮૦.૫૩૦ મેટ્રિક ટન 'હેક્ઝીન' (સોલ્વન્ટ) નો જથ્થો આયાત કર્યો હતો, જેની કુલ કિંમત રૂ. ૪.૪૦ કરોડથી વધુ હતી. કંડલા પોર્ટ પર જ્યારે આ જથ્થો આવ્યો ત્યારે કંપનીના નિયત સ્ટોરેજ સ્થળે જગ્યા ન હોવાથી, કંપનીએ અન્ય માન્ય સ્ટોરેજ ટર્મિનલની એન.ઓ.સી. મેળવી હતી. આ અંગેની લેખિત જાણ અગાઉથી જ જિલ્લા પુરવઠા અધિકારીને કરવામાં આવી હતી. જોકે, પુરવઠા વિભાગની તપાસણી ટીમે એવો રિપોર્ટ કર્યો હતો કે લાયસન્સમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્યત્ર સંગ્રહ કરીને કંપનીએ સોલ્વન્ટ લાયસન્સની શરતો અને આવશ્યક ચીજવસ્તુ ધારાનો ભંગ કર્યો છે. આ રિપોર્ટના આધારે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કારણદર્શક નોટિસ આપી સમગ્ર જથ્થાના ૫ ટકા એટલે કે રૂ. ૨૨,૦૪,૮૨૪/- રાજ્યસાત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ હુકમ સામે કંપનીએ કચ્છ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ ત્યાંથી પણ રાહત મળી નહોતી. અંતે કંપનીએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. નામદાર હાઈકોર્ટના જસ્ટિસ શ્રી હસમુખ ડી. સુથાર સાહેબ સમક્ષ થયેલી સુનાવણીમાં કંપની તરફથી દલીલ કરવામાં આવી હતી કે, આયાત પૂર્વે જ સત્તાધિકારીઓને લેખિત જાણ કરવામાં આવી હતી અને જથ્થો પણ અન્ય માન્ય પરવાનેદારના સ્થળે જ ઉતારવામાં આવ્યો હતો, તેથી આને કાયદાનો ભંગ ગણી શકાય નહીં

હાઈકોર્ટે કંપનીના બચાવને ગ્રાહ્ય રાખતા ઠેરવ્યું કે લાયસન્સની શરતોનો કોઈ ભંગ થયો નથી. અદાલતે જિલ્લા મેજિસ્ટ્રેટ અને સેશન્સ કોર્ટના અગાઉના હુકમો રદ જાહેર કર્યા છે. સાથે જ, કંપનીએ જમા કરાવેલી રકમ અથવા રાજ્યસાત કરેલ જથ્થો પરત કરવાનો ન્યાયિક આદેશ કર્યો છે. આ કેસમાં જિલ્લા અદાલતમાં એડવોકેટ મહેન્દ્ર દયારામ ઠક્કર અને ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. શાહ હાજર રહ્યા હતા.

# સંગીતકાર સ્વ. શંકરની ૪૦મી પુણ્યતિથીએ સુરીલે નગ્મો કી મેલોડિયસ બરસાત કાર્યક્રમ યોજાશે



ભુજ - કચ્છઉદય : મહાન સંગીતકાર સ્વ. શંકરજીની ૪૦મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ સુરીલે નગ્મો કી મેલોડિયસ બરસાત ૨૬મી એપ્રિલના રવિવારે રાત્રે ૮:૪૫ કલાકે યશવંતરાય નાટ્યગૃહમાં યોજાશે. ડૉ. એન.પી. કુહાડીયા સંચાલિત સૌમ્ય કરાઓકે ક્લબ દ્વારા મનુભાઈ દીક્ષિત (ડીગાજી) પ્રેરિત મહાન સંગીતકાર જોડી શંકર જયકિશનના સ્વ. શંકરજીની ૪૦મી પૂણ્યતિથી નિમિત્તે "સુરીલે નગ્મોં કી મેલોડિયસ બરસાત" ભવ્યાતિ ભવ્ય શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન તા. ૨૬-૪ના રવિવારે રાત્રે ૮:૪૫ કલાકે યશવંતરાય નાટ્યગૃહ, ભાવનગર ખાતે કરવામાં આવેલ છે.

રાજેશ મહેતાના સિલ્વર સ્ટાર ઓર્કેસ્ટ્રા અને રાજકોટના એસ.જે. માસ્ટર માઈન્ડ સિન્થેસાઈઝર પ્લેયર તુષાર ગોસાઈ તથા પિયાનો એકોર્ડિયન પ્લેયર અશોક સાગઠિયાની સંગીત સૂરાવલિ સંગાથે સૌમ્ય કરાઓકે કલબના સુરીલા ગાયક - ગાયિકાઓ શંકર જયકિશનના સદાબહાર અને લાજવાબ ગીતો પ્રસ્તુત કરશે. ભાવિકાબેન લંગાળીયા લાક્ષણિક શૈલીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે. કાર્યક્રમ શંકર જયકિશનના ચાહકો અને સંગીત પ્રેમીઓને પ્રફુલ્લિત કરવાના શુભ હેતુ સાથે નિઃશુલ્ક પ્રસ્તુત કરવામાં આવશે. સમયસર શરૂ થનાર કાર્યક્રમનું ટાઈટલ ન ચૂકવા પ્રેક્ષકોને અનુરોધ કરવામાં આવે છે.

# ગ્રામીણ મેળામાં બખ મલાખડાએ જમાવ્યો લોકઆકર્ષણ

**તેરા ગામના બે દિવસીય પીર સૈયદ મામદછા વલીના મેળામાં કોમી એકતા અને ભાઈચારાનો સંદેશ ગુંજ્યો**

નલિયા : કચ્છ ઉદય : અબડાસા તાલુકાના તેરા ગામે કોમી એકતાનું પ્રતીક ગણાતા પીર સૈયદ મામદછા વલીના બેદિવસીય મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં મેળામાં ભાઈચારા અને સૌહાર્દનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.

મેળામાં યોજાયેલ બખ મલાખડો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લેનાર ખેલાડીઓએ પોતાની કળા અને શક્તિનું પ્રદર્શન કર્યું હતું. વિજેતાઓને ગામના સરપંચ લક્ષ્મીદાસ કાનજી અને ઉપસરપંચ જુનાભાઈ કોલીના હસ્તે ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેળા દરમિયાન બાળકો માટે ચકડોળ સહિતની રમતો અને મનોરંજનાત્મક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાના બાળકોથી લઈને યુવાનો સુધી સૌએ ભરપૂર આનંદ માણ્યો હતો.

બીજા દિવસે તેરા મુસ્લિમ સમાજ દ્વારા ન્યાઝ તકરીરનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મૌલાના અબ્દુલ સતાર કુંભારે કચ્છમાં કોમી એકતા અને ભાઈચારો કાયમ રહે તેવી દુઆ માગી હતી અને શાંતિનું સંદેશ આપ્યો હતો.

મેળાના આયોજનમાં તેરા વેપારી એસોસિયેશનના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ગોર, ખત્રી અબ્દુલ્લા અહમદ, નિઝામુદ્દીન બાવા, પ્રવીણ માધવજી ભાનુશાલી (મુંબઈ), દરજી કાંતિભાઈ મુંદરા, ઈકબાલ મંધરા, જીલુભા સોઢા, મહેશ ભાનુશાલી, પ્રેમસંગ બારાચ, અબ્દુલ ચૌહાણ, મહંમદ કુંભાર સહિતના અગ્રણીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મલાખડાના પંચ તરીકે હાજીમામદ મંધરા હાજર રહ્યા હતા, જ્યારે સમગ્ર મેળાની વ્યવસ્થા માજી સરપંચ આદમભાઈ લોધરા દ્વારા સંભાળવામાં આવી હતી. મેળા દરમિયાન નલિયા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

# કચ્છમાં અખાત્રીજના પર્વે બાળલગ્નો અટકાવવા તંત્ર દ્વારા કડક સૂચના

ભુજ - કચ્છઉદય : આગામી તારીખ ૧૯/૪ રવિવારના રોજ અક્ષયતૃતિયાના શુભ મુહૂર્તે મોટા પ્રમાણમાં લગ્નો અને સમૂહલગ્નો યોજાનાર છે, ત્યારે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાળલગ્નો રોકવા માટે કડક આદેશો જારી કરવામાં આવ્યા છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૨૧ વર્ષથી ઓછી ઉંમરનો યુવક અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરની યુવતીના લગ્ન કરવા કે કરાવવા એ ફોજદારી ગુનો બને છે. આ કાયદાના ઉલ્લંઘન બદલ બે વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું છે કે લગ્ન નક્કી કરતા પહેલા જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરી લેવી જોઈએ. જો કોઈ પણ સ્થળે બાળલગ્ન થતા જણાય તો માતા-પિતા અને વર-કન્યા ઉપરાંત લગ્ન કરાવનાર ગોર મહારાજ, કેટરર્સ, મંડપ સર્વિસ, ડી.જે., બેન્ડવાળા તેમજ ફોટોગ્રાફર સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સમૂહલગ્નના આયોજકોએ પણ વર-કન્યાના જન્મના દાખલા અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર મેળવીને ચકાસણી કરવાની રહેશે, અન્યથા આયોજકો સામે પણ ગુનો દાખલ થશે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો ક્યાંય પણ બાળલગ્ન થતા હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશન, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, અભયમ હેલ્પલાઈન ૧૮૧ અથવા ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ પર તાત્કાલિક કરવી. વધુ માર્ગદર્શન માટે તંત્રના ફોન નંબર ૦૨૮૩૨ ૨૫૬૦૩૮ અથવા ૨૫૨૬૧૩ પર સંપર્ક કરી શકાશે.

# ભુજ દ્વારકાધીશ મંદિરે ધ્વજારોહણ મહોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

**રાસ-ગરબા, આરતી અને સમૂહ પ્રસાદ સાથે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બન્યું**

ભુજ - કચ્છ ઉદય : શહેરના દ્વારકાધીશ મંદિરે પરંપરાગત ધ્વજારોહણ કાર્યક્રમ ભક્તિભાવ અને ધાર્મિક ઉત્સાહ સાથે યોજાયો હતો. આ પ્રસંગે ૧૦૦થી વધુ પૂજાર્થીઓએ ઉપસ્થિત રહી આરતી, પૂજા તથા ધાર્મિક વિધિમાં ભાગ લીધો હતો, જેના કારણે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પરંપરાગત વિધિ અનુસાર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પૂજન પૂર્ણ થયા બાદ ભક્તિગીતો, રાસ-ગરબા અને ધૂન સાથે આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ધાર્મિક આનંદ માણ્યો હતો. સમગ્ર આયોજન બ્રહ્મ સમાજ સિનિયર સિટીઝન ક્લબ દ્વારા કરવામાં આવ્યું હતું. ધાર્મિકવિધિ પુનિત મહારાજની ટીમ દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમમાં એચ. એલ. અજાણી પરિવાર, જયાબેન તનસુખભાઈ જોષી પરિવાર, અનિલભાઈ બાવા, યુનિવર્સિટી રજીસ્ટાર વાય. ડી. ભંડારકર, ડો. સંજય ઉપાધ્યાય, પૂર્વ મામલતદાર સુરેશ દવે, કિરણ અધિકારી પરિવાર તેમજ રાજેશ જોષી (માધાપર) પરિવાર સહિત અનેક ભક્તોએ ભાગ લીધો હતો. ધ્વજારોહણની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગીતાબેન જોષી, વૈશાલીબેન બાવા અને હીનાબેન ગોરે વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. ભુજ પ્રમુખ રવિભાઈ ત્રવાડી, પૂર્વ પ્રમુખ રાજેશ ગોર, યુવા પ્રમુખ અનીક જોષી તથા મહિલા હોદ્દેદારો ભક્તિબેન જોષી અને રીટા ભટ્ટ પણ આરતીમાં ઉપસ્થિત રહ્યા હતા. રેણુકા ટ્રસ્ટના મંજુલાબેન, કમળાબેન અને હેમલતાબેન ગોર સહિતના ભક્તોએ પણ આરતીમાં ભાગ લીધો હતો. યજ્ઞશાળામાં યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં વિવિધ આગેવાનો અને મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ બાર પ્રમુખ સચિન ગોર, અંજારના હિરેન ખાંડેકા, રચનાબેન જોષી (અંજાર મહિલા પ્રમુખ) તથા શૈક્ષણિક મંડળના પ્રમુખ અંબાલાલભાઈ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. માધાપરથી આવેલા રાજુભાઈ જોષી, ઉમેશ આચાર્ય, ભરત એસ. ગોર, નિખિલ હરિલાલ ગોર, પ્રકાશ ઉગાણી, કપિલ ગોર, પુષ્કર જેઠી, ધર્મેશ ઠાંકી અને આશિષ ત્રવાડી સહિત અનેક લોકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર વ્યાસ અને પ્રફુલ જોષીએ કર્યું હતું, જ્યારે નિતીન પંડ્યા સહિતની ટીમે વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી. અંતે સમૂહ ભોજન પ્રસાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું અને સમગ્ર દિવસ ધાર્મિક ભક્તિભાવથી ઉજવાયો હતો.

# ભુજમાં વસુમતીબેન વૈદ્યની પુણ્યતિથિએ સેવા કાર્યો કરાયા

ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજ શહેરના મહિલા અગ્રણી વસુમતીબેન નલીનકાન્તભાઈ વૈદ્યની પુણ્યતિથિએ કપડા વિતરણ કરવા સાથે બાળકોને અલ્પાહાર પણ કરાવવામાં આવ્યો હતો.

રામુબેન પટેલ દ્વારા પક્ષીઓને રહેવા માટે પક્ષીઘર અને પાણી પીવા માટે કુંડાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ઠંડી છાશ વિતરિત કરાઈ હતી. સેવા કાર્યમાં માલશ્રીબેન ગઢવી, નર્મદાબેન ગામોટ, અંકિતા ધોકાઈ, મનજીભાઈ ગામોટ, રાજુલાબેન શાહ, નયનભાઈ શુક્લ, જટુભાઈ ડુડીયા વગેરે જોડાયા હતા.

# માધાપર શ્રીજી વિદ્યાલયની આચાર્યાનું 'સ્વયંસિદ્ધા એવોર્ડ'થી સન્માન

ભુજ - કચ્છઉદય : ભારતીય માનવ સમાજ સેવક સંસ્થા, ટીમ સ્વયંસિદ્ધા અને ઈન્નરવ્હીલ ક્લબ લોટસ માધાપરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સ્વયંસિદ્ધા' સન્માન સમારોહમાં માધાપર સ્થિત શ્રીજી વિદ્યાલયની આચાર્યા ગોપીબેન સુનીલ ત્રિવેદીને પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમારોહમાં સમાજ, શિક્ષણ અને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર કુલ ૫૧ પ્રતિભાશાળી મહિલાઓને 'સ્વયંસિદ્ધા એવોર્ડ'થી નવાજવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓની સિદ્ધિ અને તેમની પ્રેરણાદાયી ભૂમિકાને સમાજ સમક્ષ ઉજાગર કરવાનો હતો. ઉપરાંત કાર્યક્રમ દરમિયાન પાંચ 'પુત્રીરત્ન એવોર્ડ' પણ એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં પ્રતિભાશાળી દીકરીઓને તેમના વિશિષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરવામાં આવી હતી. સમારોહમાં ઉપસ્થિત મહેમાનોએ મહિલાઓની સિદ્ધિઓને બિરદાવતાં જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો સમાજમાં મહિલા શક્તિને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો.

# આધોઈ ૧૦૦ કરોડનો સોપારી કાંડ? : કાસેઝમાં ૧ અધિકારી સસ્પેન્ડ કરાયા અને તે પણ પુનઃ ગોઠવાઈ જવાની વેતરણમાં?

**કરોડોના સોપારી કાંડમાં માત્ર એક જ અધિકારી પર સમ ખાવા પુરતી કામગીરી સામે ઉઠયા સવાલો : ગેટ પરના તત્કાલીન અધીકારીને સસ્પેન્ડ કરાયા અને તે પણ કેગ માથી આંતરીક રીલીફ લઈ આવ્યા હોવાની ઉઠી ચર્ચા, હવે ફરીથી એ જ અધિકારી પડદા પાછળના તેમના મારૂત મોડેલવાળા પ્રદીપ-અજીત સહિતનાઓની દોરવણીથી પુનઃ નોકરીના નામે ધંધાઓ ધમધમાવશેની સેવાઈ આશંકાઓ**

ગાંધીધામ - કચ્છઉદય : કંડલા પોર્ટ ખાતે બહાર આવેલા આશરે ૧૦૦ કરોડ રૂપિયાના સોપારી કૌભાંડને લઈને અનેક ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે, છતાં સમગ્ર મામલે તપાસ હજુ સુધી પૂર્ણ ન થવી અને માત્ર એક જ કસ્ટમ અધિકારી સામે કાર્યવાહી થવી અનેક શંકાઓને જન્મ આપે છે. આ કૌભાંડમાં કસ્ટમ વિભાગ અને પોલીસના કેટલાક અધિકારીઓની કથિત મિલિભગત હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે, છતાં પણ આ પ્રકરણને અંજામ આપવામાં, તપાસને ઢીલી કરવામાં વહીવટના રૂપિયાની લાંચ કયા કયા અધિકારીઓ સુધી પહોંચી તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી. માહિતી મુજબ, વિદેશથી

### કસ્ટમ-પોલીસની કથિત મિલિભગત સામે ગંભીર આક્ષેપો : દોઢ કરોડનો જ જથ્થો પકડાયો; બાકીના માલનો પત્તો મહીલાઓ પછી પણ કેમ નહીં? : પોલીસે ૭ શખ્સોને પકડયા, રીમાન્ડ મેળવ્યા, યુપી કાનપુર સુધી રાજેશ નામના શખ્સ સુધી તપાસ લંબાવી, આંટો પણ યુપીનો મારી લીધો, પછીની બધી જ કાર્યવાહી પર પડદો પડી ગયાની સ્થિતી?

આશરે ૫૦ કન્ટેનરોમાં કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન ઉપર આવેલા સોપારીના જથ્થાને કસ્ટમ અધિકારીઓ સાથેની ગેરરીતિથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં આયાતકારો અને કેટલાક અધિકારીઓ વચ્ચે ગોઠવણ થઈ હોવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ ગેરરીતિનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે દોઢ કરોડથી વધુ કિંમતના બે કન્ટેનરોની ડિલિવરી લેવા માટે અમદાવાદથી આવેલા બે શખ્સોની હલચલ અંગે કચ્છ પોલીસને ગુપ્ત માહિતી મળી હતી.આ માહિતીના આધારે કચ્છ પોલીસના સાયબર સેલ અને બોર્ડર રેન્જના અધિકારીઓએ સતર્ક કામગીરી હાથ ધરી હતી. સામખીયાળી નજીક આધોઈ રોડ પર આવેલા એક મકાનમાં સોપારીનો જથ્થો ઉતારવામાં આવવાનો હોવાનું જાણવા મળતાં તાત્કાલિક દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન શાહનગર વિસ્તારમાં આવેલ હિરેન ગોસ્વામીના મકાનમાંથી સોપારી ભરેલો કન્ટેનર, તેને માર્ગદર્શન આપતી કાર તથા ટ્રેલર કબ્જે લેવામાં આવ્યા હતા. સાથે જ ટ્રેલર ચાલક દીપારામ ભોજારામને ઝડપીને પૂછપરછ હાથ ધરાઈ હતી.કસ્ટમના જવાબદાર સહિતનાઓના નિવેદન દરમિયાન અનેક મહત્વપૂર્ણ કડીઓ સામે આવી હતી. ખાસ કરીને કંડલા વિશેષ આર્થિક ક્ષેત્રમાં ફરજ બજાવતા કસ્ટમ ઈન્સ્પેક્ટરનું નામ સામે આવતા તપાસને નવી દિશા મળી હતી. કચ્છ પોલીસે સમગ્ર મામલે વિગતવાર અહેવાલ તૈયાર કરીને કસ્ટમ વિભાગને સોંપ્યો હતો, જેના આધારે કસ્ટમ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરતાં જે તે ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી વડોદરા સ્થિત તેમના મૂળ વિભાગમાં પરત મોકલી દીધા હતા. જો કે, મજાની વાત તો એ છે કે, કાસેઝના ડીસીશ્રીએ આ બાબતે કરેલી કડકાઈ અને લાલઆંખ ભરી કાર્યવાહીને આ ભ્રષ્ટ અધિકારીને પડકાર જ ફેંકી દીધો છે અને તેઓ દુધના ધોયેલા હોવાનુ કહી અને કસ્ટમની ટ્રીબ્યુનલમાથી પણ રાહત લઈ આવ્યા અને ફરીથી કાસેઝમાં જ નોકરીમાં ગોઠવાઈ જાય તેવી વેતરણમાં પણ લાગેલા હોવાનું કહેવાય છે. પરંતુ અહીં સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે આશરે ૧૦૦ કરોડ રૂપિયાના આ કૌભાંડમાં માત્ર દોઢ કરોડ જેટલો જ સોપારીનો જથ્થો પકડાયો છે, જ્યારે બાકીની વિશાળ માત્રા કઈ રીતે અને કયા માર્ગે ગેરરીતે બહાર લઈ જવામાં આવી તેની કોઈ ચોક્કસ માહિતી બહાર આવી નથી. વધુમાં, આ ગેરકાયદેસર કામગીરી માટે કરોડોની લાંચ અમુક બની બેઠેલા કસ્ટમ અને ખાખીના કેટલાંક અધિકારીઓને આપવામાં આવી હોવાની ચર્ચા તેજ બની છે, છતાં આ દિશામાં તપાસ હજુ સુધી આગળ વધતી દેખાતી નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કૌભાંડમાં માત્ર નીચલા સ્તરના અધિકારીને જ જવાબદાર ઠેરવી દેવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જ્યારે મોટા સ્તરે સંડોવણી ધરાવતા લોકો સામે કોઈ સ્પષ્ટ પગલાં લેવામાં આવ્યા નથી. આ કારણે તપાસની નિષ્પ ક્ષતા અને પારદર્શિતાને લઈને ગંભીર સવાલો ઊઠી રહ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન શરૂ થયેલી આ ઘટના બાદ અનેક મહિનાઓ વીતી ગયા હોવા છતાં તપાસમાં ખાસ પ્રગતિ ન થવી અને માત્ર એક જ અધિકારી સામે કાર્યવાહી થવી પ્રશાસન માટે ચિંતાજનક બાબત બની છે. સ્થાનિક સ્તરે તેમજ વેપારી વર્ગમાં પણ આ મામલે અસંતોષ અને શંકાનો માહોલ જોવા મળી રહ્યો છે.વિશેષજ્ઞોનું માનવું છે કે કંડલા જેવા આંતરરાષ્ટ્રીય મહત્વના બંદર પર આ પ્રકારનું વિશાળ કૌભાંડ બહાર આવવું માત્ર કાયદો-વ્યવસ્થા માટે નહીં, પરંતુ દેશની વેપાર વ્યવસ્થાની વિશ્વસનીયતા માટે પણ ગંભીર પડકારસમાન છે. જો આ કેસમાં પારદર્શક અને નિષ્પક્ષ તપાસ ન થાય, તો ભવિષ્યમાં આવા ગેરકાયદેસર કારોબારોને પ્રોત્સાહન મળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલમાં સમગ્ર કેસમાં સત્ય બહાર લાવવા અને જવાબદાર તમામ લોકોને કડક સજા થાય તે માટે વ્યાપક અને ઊંડાણપૂર્વકની તપાસની માંગ ઉઠી રહી છે. લોકો હવે જોઈ રહ્યા છે કે આ ૧૦૦ કરોડના સોપારી કૌભાંડમાં ખરેખર કોણ જવાબદાર ઠરે છે અને શું મોટા માથાઓ સુધી કાયદાનો હાથ પહોંચશે કે નહીં?

'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે...

# કચ્છમાં ભાજપનો 'લઘુમતી કાર્ડ' સાથે માસ્ટર સ્ટ્રોક

**જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયત મળી ૪૬ લઘુમતી ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા : લઘુમતી સમાજને આટલી મોટી સંખ્યામાં ટિકિટ ફાળવીને ભાજપે વિરોધીઓના 'વોટબેંક પોલિટિક્સ' ના ગણિત બગાડી નાખ્યા**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સૂત્ર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' ને કચ્છ ભાજપે આ ચૂંટણીમાં જમીની સ્તરે ઉતાર્યું : અત્યાર સુધી લઘુમતી મતોના ધ્રુવીકરણના સહારે ચૂંટણી જીતતા પક્ષોએ હવે નવી વ્યૂહરચના વિચારવી પડશે**




ભુજ - કચ્છઉદય : કચ્છની ધરતી અત્યારે માત્ર ઉનાળાની ગરમીથી જ નહીં, પણ રાજકીય ગરમાવાથી પણ તપી રહી છે. કચ્છ જિલ્લાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે જિલ્લા પંચાયત, નવી બનેલી ગાંધીધામ મહાનગરપાલિકા, ભુજ, માંડવી, અંજાર, મુંદ્રા-બારોઈ અને નખત્રાણા નગરપાલિકા અને ૯ તાલુકા પંચાયતો માટે ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ચૂક્યું છે. ૨૬ એપ્રિલના રોજ મતદાન થવાનું છે અને ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા જ રણમેદાનનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. પરંતુ આ વખતે કચ્છની ચૂંટણીમાં જે સૌથી વધુ ચર્ચાનો વિષય બન્યો છે, તે છે ભારતીય જનતા પાર્ટીની બદલાયેલી રણનીતિ. 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે કચ્છમાં ભાજપે 'લઘુમતી કાર્ડ' સાથે માસ્ટર સ્ટ્રોક મારતા રાજકીય માન્યતાઓ પર પ્રહાર કર્યો છે. જિલ્લામાં ૪૬ લઘુમતી ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. લઘુમતી સમાજને આટલી મોટી સંખ્યામાં ટિકિટ ફાળવીને ભાજપે વિરોધીઓના 'વોટબેંક પોલિટિક્સ' ના ગણિત બગાડી નાખ્યા હોવાની સ્થિતિ સર્જાઈ છે.

આ અંગેની વિગતો મુજબ ગુજરાત અને દેશના રાજકારણમાં દાયકાઓથી એક છાપ ઉપસી છે કે ભારતીય જનતા પાર્ટી એ માત્ર હિંદુત્વના એજન્ડા પર ચાલતો પક્ષ છે, જ્યારે કોંગ્રેસ લઘુમતી કે મુસ્લિમ મતોના સહારે પોતાની નૈયા પાર ઉતારે છે. વિરોધ પક્ષો હંમેશા ભાજપને 'લઘુમતી વિરોધી' સાબિત કરવામાં કોઈ કસર છોડતા નથી. જોકે, આ વખતે ભાજપે આ તમામ ધારણાઓના છેદ ઉડાડી દીધા છે. ભાજપના મોવડી મંડળે સાબિત કરી દીધું છે કે તેઓ હવે માત્ર એક વર્ગના નહીં પણ 'સબકા સાથ' ના મંત્ર સાથે આગળ વધી રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં સૌથી આશ્ચર્યજનક અને પ્રગતિશીલ કદમ લઘુમતી સમાજને આપવામાં આવેલી ટિકિટોની સંખ્યા છે.

ભાજપે સમગ્ર કચ્છ જિલ્લામાં લઘુમતી સમાજને કુલ ૪૬ બેઠકો પર ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. આ આંકડો એ વાતની સાક્ષી પૂરે છે કે ભાજપ હવે લઘુમતી વિસ્તારોમાં માત્ર પ્રચાર કરવા નથી માંગતો, પણ ત્યાંથી નેતૃત્વ

અનુસંધાન પાના નં.૫ પર

# ગાંધીધામમાં લગ્નની લાલચ આપી મહિલા સાથે છેતરપિંડી

**ફેસબુક પર મિત્રતા કેળવી ગઠિયો લાખોના દાગીના અને રોકડ લઈ ફરાર**

ગાંધીધામ - કચ્છ ઉદય : સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિઓ સાથે મિત્રતા કરવી કેટલી જોખમી સાબિત થઈ શકે છે તેનો વધુ એક કિસ્સો ગાંધીધામમાં પ્રકાશમાં આવ્યો છે. ફેસબુક પર 'હર્ષ શર્મા' નામના શખ્સે એક પરિણીત મહિલાને પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી તેની પાસેથી આશરે ૧.૮૪ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ભાગી જતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એ-ડિવિઝન પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ભોગ બનનાર મહિલા એક મહિના પહેલા ફેસબુક દ્વારા રાજસ્થાનના રહેવાસી હોવાનો દાવો કરતા હર્ષ શર્માના સંપર્કમાં આવી હતી. હર્ષે તેણીને લગ્નનો વિશ્વાસ આપી વિશ્વાસ કેળવ્યો હતો. ગત ૧૪ એપ્રિલના હર્ષે મહિલાને ગાંધીધામ મળવા બોલાવી ઘરે રાખેલા તમામ સોના-ચાંદીના દાગીના તથા રોકડ સાથે લાવવા જણાવ્યું હતું. મહિલા પોતાના ઘરેથી દાગીના અને ૧૧,૦૦૦ રોકડા લઈને ગાંધીધામ બસ સ્ટેશન પહોંચી હતી, જ્યાં હર્ષ શર્મા તેના એક અન્ય મિત્ર સાથે તેને મળ્યો હતો. ત્યારબાદ તેઓ બસ સ્ટેશન સામે આવેલી ગોકુલ હોટલમાં રોકાયા હતા. હર્ષે મહિલાને એવો વિશ્વાસ અપાવ્યો હતો કે દાગીના તેની પાસે સુરક્ષિત રહેશે. રાત્રિના સમયે હર્ષે મહિલાનો મોબાઈલ ફોન પણ લોકેશન સેટિંગ કરવાના બહાને લઈ લીધો હતો. હર્ષ અને તેનો મિત્ર મહિલાને હોટલ પર મૂકીને બસ સ્ટેશનની પૂછપરછ કરવા જવાનું કહીને ફરાર થઈ ગયા હતા. મોડી સાંજ સુધી હર્ષ પરત ન આવતા અને તેનો ફોન વ્યસ્ત આવતા મહિલાને શંકા ગઈ હતી. હોટલના રિસેપ્શન પર તપાસ કરતા જાણવા મળ્યું કે બંને શખ્સો હોટલમાંથી ચેક-આઉટ કરી ચૂક્યા છે. ૧,૬૭,૯૦૦ ના દાગીના, ૧૧ હજાર રોકડા અને મોબાઈલ મળી ૧,૮૩,૯૦૦ ની મત્તા લઈને બન્ને જણા ભાગી ગયા હતા. તપાસમાં સામે આવ્યું છે કે હર્ષ શર્મા તરીકે ઓળખ આપનાર વ્યક્તિનું સાચું નામ રાકેશ સત્યનારાયણ છે અને તે રાજસ્થાનના કિશનગઢનો રહેવાસી છે. ગાંધીધામ પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નોકરી છોડી ગયેલા કર્મચારીઓના નામે પગાર ઉપાડી લેવાયો

**ગાંધીધામની કંપની સાથે ઠગાઈ જતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો**

ગાંધીધામ - કચ્છ ઉદય : જી.આઈ.ડી.સી.માં આવેલી કંપનીમાં એચઆર આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે પોતાની સત્તાનો દુરુપયોગ કરી, નોકરી છોડી ગયેલા કર્મચારીઓના નામે બોગસ ખાતા ખોલાવી આશરે ૫,૧૩,૮૨૯ની ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

આ સમગ્ર કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે કંપનીના સર્વિસ એન્જિનિયર પંકજસિંહને તેમનું ઈન્સેન્ટિવ મળ્યું ન હોવાની ફરિયાદ એચઆર વિભાગમાં કરી હતી. કંપનીના એચઆર એક્ઝિક્યુટિવ મેનેજર પિન્ટુ સુભાષ શર્માએ તપાસ કરતા માલૂમ પડ્યું કે, એન્જિનિયરના બેંક એકાઉન્ટ નંબરની જગ્યાએ અન્ય કોઈના બેંક ખાતામાં નાણાં જમા થયા હતા. ઊંડી તપાસમાં જાણવા મળ્યું કે આ કરતૂત આસિસ્ટન્ટ મેનેજર રાકેશ શ્રવણભાઈ કતીરીયાની હતી. આરોપી રાકેશ શ્રવણભાઈ કતીરીયા છેલ્લા બે વર્ષથી કંપનીમાં નોકરી કરતો હતો. તેની પાસે કર્મચારીઓના પગાર બનાવવા અને બેંક ખાતા ખોલાવવાની સત્તા હતી. તેણે જે કર્મચારીઓ નોકરી છોડીને ચાલ્યા ગયા હતા, તેમને કાગળ પર ચાલુ બતાવ્યા હતા. પોતાના ઓળખીતાઓના નામે બેંક એકાઉન્ટ ખોલાવી, તેમાં આ કર્મચારીઓના પગાર અને ઈન્સેન્ટિવ જમા કરાવતો હતો. કંપનીના મેનેજમેન્ટ સાથે ચર્ચા કર્યા બાદ, ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રાકેશ કતીરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૧૩મી પુણ્યતિથિએ

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ.શ્રીમતી પ્રકાશીબેન જેઠાનંદ લધ્ધર

સ્વ. તા.૧૭-૦૪-૨૦૧૩

હૃદયના ઘાવ ક્યારે રૂઝાશે નહીં, આંખોના આસું ક્યારે સુકાશે નહીં, હસમુખો આપનો ચહેરો ક્યારે ભૂલાશે નહીં, આપનો સ્નેહ નીતરતો, લાગણીશીલ સ્વભાવ કદીએ વિસરાશે નહીં.. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ આપે એ જ પ્રાર્થના..

• અશોક જેઠાનંદ લધ્ધર - સુપુત્ર • હરિશ જેઠાનંદ માહેશ્વરી - સુપુત્ર
• પરેશ જેઠાનંદ લધ્ધર - સુપુત્ર • પુત્રવધુઓ, પૌત્ર-પૌત્રીઓ

જય અંબે બલ્ક કેરીયર્સ, ગાંધીધામ
સ્માઈલ મેકર્સ ડેન્ટલ કલીનીક-ગાંધીધામ

# ડીપીએ-કંડલામાં ભરતી-દવા કૌભાંડની બૂ : બની બેઠેલ પીઆરઓનો કેટલો હાથ?

**વર્તમાન ચેરમેનશ્રી ડીપીએ પોર્ટને દેશનું નંબર વન પોર્ટ બનાવવા દિવસ રાત એક કરી રહ્યા છે ત્યારે બીજીતરફ બની બેઠેલ ભ્રષ્ટ પીઆરઓની રીતીનીતીઓથી સારી કામગીરી પર થઈ રહ્યુ છે પાણીઢોળ : વ્યક્તિનું કામ સંસ્થાની છબી સુધારવાનું હોય, તે જ વ્યક્તિ જો વિવિધ પેઢીઓ સાથે સાંઠગાંઠ કરી 'કટકી પ્રથા' ચલાવતા હોય તો તે સંસ્થા માટે અત્યંત જોખમી છે**

**આ બની બેઠલ પીઆરઓ પર એક ટાઈમમાં પાંચથી સાત કરોડનું લેણું થઈ ગયુ હતુ..! એ કેવી રી બની બેઠેલ પીઆરઓએ પુરૂ કર્યું? પગારમાંથી તો આટલી મોટી રકમની ચૂકવણી થઈ ન શકે? એ પણ બની રહ્યો છે તપાસનો વિષય**

ગાંધીધામ : કચ્છની આર્થિક કરોડરજ્જુ ગણાતા દીનદયાલ પોર્ટ ઓથોરિટીની ગરિમા વિવિધ કૌભાંડોના આક્ષેપોના કારણે ખરડાઈ રહી છે. એકતરફ પોર્ટ વર્તમાન ચેરમેનશ્રીના રાત દીવસના ઉજાગરા ભરી મહેનતથી વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું હોવાની સ્થિતીએ આગળ ધપી રહ્યુ છે, તો બીજી તરફ વહીવટી તંત્રના મિલીભગતથી ચાલતા 'ભરતી અને દવા કૌભાંડ' ના કિસ્સાઓ શાસન વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે, જાન્યુઆરી ૨૦૨૬ માં સરકારી ઓડિટમાં દવાના નકલી બિલો પકડાયા હોવા છતાં, આજ દિન સુધી જવાબદારો સામે કોઈ જ કઠોર પગલાં લેવાયા નથી. શું આ મૌન કોઈ મોટા ગુનાને છાવરવા માટે છે? અહી સૌથી મોટો સવાલ એ થાય છે કે, ડીપીએમાં ભરતી-દવા કૌભાંડના થયેલા આ આક્ષેપોની ઘટનાઓમાં બની બેઠલા પીઆરઓનો કેટલો હાથ છે? તે પણ તપાસ કરવી જોઈએ.

ચર્ચાઓ થવા પામી રહી છે કે, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન ની તપાસમાં ખુલેલી વિગતો મુજબ, ICT અને લીગલ વિભાગ જેવી મહત્વની શાખાઓમાં ભરતીના નિયમોમાં ધરખમ ફેરફાર કરી દેવાયા. સ્થાનિક અને લાયક કર્મચારીઓને હાંસિયામાં ધકેલીને મળતિયાઓને નોકરીએ રાખવા પાછળ કયુ પરીબળ કામ કરી ગયુ છે? દરેક સંસ્થાઓ કે પેઢીઓ સાથે જુદા જુદા કામો પેટે ભાગબટાઈ કરતો બની બેઠલ પીઆરઓ તો અહી કામ નથી કરી ગયો ને? આ બની બેઠેલ પીઆરઓનું કયું આર્થિક હિત છુપાયેલું છે તે જગજાહેર હોવાનુ ચર્ચાય છે. છે. જ્યારે સંસ્થાના કાયમી હિતોને બાજુ પર મૂકીને વ્યક્તિગત 'કમિશન' ને પ્રાધાન્ય આપવામાં આવે, ત્યારે આવી જ રીતે વહીવટના લીરેલીરા ઉડે છે.આ સમગ્ર પ્રકરણમાં પોર્ટ સંકુલમાં જેની સૌથી વધુ ચર્ચાઓ છે તે છે – 'બની બેઠેલા' પી.આર.ઓ. (PRO). જે વ્યક્તિનું કામ સંસ્થાની છબી સુધારવાનું હોય, તે જ વ્યક્તિ જો વિવિધ પેઢીઓ સાથે સાંઠગાંઠ કરી 'કટકી પ્રથા' ચલાવતા હોય તો તે સંસ્થા માટે અત્યંત જોખમી છે. 'લગ્નમાં કુંવારા' ની જેમ દરેક ડીલ કે કોન્ટ્રાક્ટમાં પોતાની ટકાવારી શોધતા આવા તત્વોએ પોર્ટના વહીવટમાં સડો ફેલાવ્યો છે. પોતાની સત્તાનો દુરુપયોગ કરી તપાસના કાગળો દબાવવા કે મીડિયામાં સમાચારોને ડાયવર્ટ કરવાના પેંતરા હવે લાંબો સમય ચાલવાના નથી.આ પ્રકારના ગતકડાઓ બહાર આવવા એ સ્પષ્ટ સંકેત આપે છે કે આ માત્ર હિમશિલાની ટોચ છે. જો ઊંડાણપૂર્વક તપાસ થાય, તો દવા સપ્લાયથી લઈને ભરતી સુધીના તાર બની બેઠેલા પીઆરઓ ઉપરાંત અન્ય કયા મોટા માથાઓ સુધી જોડાયેલા છે તે બહાર આવશે. સરકાર અને પોર્ટ મેનેજમેન્ટે હવે 'કુલડીમાં ગોળ ભાંગવા' ના બદલે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું જોઈએ. માત્ર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાથી કંઈ નહીં વળે, પરંતુ સંસ્થાની અંદર બેસીને ભ્રષ્ટાચારને પોષનારા પેલા 'બની બેઠેલા' વહીવટદારો અને પી.આર.ઓ. ના અરીસા સાફ કરવાની જરૂર છે. જો આજે આ ભ્રષ્ટાચારની ઉધઈને ડામવામાં નહીં આવે, તો દીનદયાલ પોર્ટની વિશ્વસનીયતાના પાયા હચમચી જશે તેમાં કોઈ શંકા નથી.

## બની બેઠેલ પીઆરઓના લીધે સવાલોના ઘેરામા DPA વહીવટ: જનતા પૂછી રહી છે આ પ્રશ્નો...

**૧. મૌન પાછળનું રહસ્ય શું?** : ઓડિટ વિભાગે જાન્યુઆરી ૨૦૨૬માં મેડિકલ બિલિંગમાં છેતરપિંડી પકડી પાડી હોવા છતાં, તંત્ર દ્વારા આજ દિન સુધી જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે ફોજદારી ગુનો કેમ દાખલ કરવામાં આવ્યો નથી? **૨.કટકી પ્રથાનો અસલી માસ્ટરમાઈન્ડ કોણ?:** પોર્ટમાં 'બની બેઠેલા' અને હંમેશા 'મારું શું?' ની નીતિ રાખતા પી.આર.ઓ. અને અમુક અધિકારીઓની ખાનગી પેઢીઓ સાથેની ભાગબટાઈની તપાસ ક્યારે થશે? **૩.ભરતીમાં અન્યાય કેમ?:** ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા સ્થાનિક અનુભવી કર્મચારીઓને કાયમી કરવાના બદલે, શોર્ટલિસ્ટિંગના રેશિયોમાં ગેરકાયદે ફેરફાર કરીને બહારના 'મળતિયાઓ' ને જ કેમ નોકરીએ રાખવામાં આવ્યા? **૪.હિમશિલાની ટોચ જ દેખાઈ છે?:** જો દવાની ખરીદીમાં લાખોનું કૌભાંડ પ્રાથમિક તપાસમાં મળ્યું હોય, તો પોર્ટના અન્ય વિભાગોમાં થતા સપ્લાય અને કોન્ટ્રાક્ટની તટસ્થ ઓડિટ તપાસ કેમ કરવામાં આવતી નથી? **૫.કુલડીમાં ગોળ ભંગાશે?:** શું આ મામલે માત્ર નાના કર્મચારીઓને બલિનો બકરો બનાવીને મોટા માથાઓ અને કટકીબાજ બની બેઠલ પી.આર.ઓ. ને બચાવી લેવાનો ખેલ ખેલાઈ રહ્યો છે? **૬.સત્તાનો દુરુપયોગ ક્યાં સુધી?:** જે અધિકારીઓ પોતાની સત્તાનો ઉપયોગ કરીને પુરાવાઓ દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, શું તેમની સામે વિજિલન્સ તપાસ કરીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવશે?